gujaratvandan.com



જુનિયર NTRની આગામી ફિલ્મમાં થશે આલિયા ભટ્ટની એન્ટ્રી?

પેજ 11

રવિવાર, 30 જૂન 2024

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

સાપ્તાહિક

# ગુજરાત વંદન

Publisher : NIKUNJ SUDHIRKUMAR PATEL • GUJARAT VANDAN (Gujarati Weekly)

Vol 8 • Issue No 10 • 30/06/2024 • Sunday • Page 12 • ₹5/- Aanual Subscription ₹250/-

Place of publication: 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road Ahmedabad-380015

**સુવિચાર**

''વાણી'' જ એકમાત્ર એવી વસ્તુ છે જેના થકી માણસ અંત સુધી ઓળખાય છે. બાકી "ચહેરો"તો હર હાલત અને સમય સાથે બદલાતો રહે છે....

**બ્રિટિશ યુગના ત્રણ કાયદાઓ હવે ભૂતકાળ બની જશે**

## ત્રણ નવા કાયદા ભારત દ્વારા, ભારત માટે અને ભારતીય સંસદ દ્વારા ઘડવામાં આવ્યાં

# પહેલી જુલાઇથી ત્રણ નવા ફોજદારી કાયદાઓનો અમલ

### ■ નવા ફોજદારી કાયદાનો આત્મા ભારતીય છે - અમિત શાહ

ગુજરાત | વંદન

પહેલી જુલાઈથી બેન્કિંગ ક્ષેત્ર સહિત દેશના કાયદો વ્યવસ્થા પોલીસ ન્યાયતંત્ર અને સમાજને અસર કરે તેવા ત્રણ નવા ફોજદારી કાયદાઓનો અમલ શરૂ થઈ રહ્યો છે. બ્રિટિશ સમયના ત્રણ કાયદા ભારતીય દંડ સંહિતા, ક્રિમિનલ પ્રોસિજર કોડ અને એવિડન્સ એક્ટ હવે ભારતીય ન્યાયિક સંહિતા, ભારતીય નાગરિક સંહિતા અને ભારતીય પુરાવા અધિનિયમ તરીકે અમલમાં આવી રહ્યા છે,કેન્દ્ર સરકારે તેના સરળ અમલ માટે પોલીસ તંત્રથી લઈને ન્યાયતંત્રના જજોને પણ કાર્ય શિબિરો યોજીને પણ જાણકારી આપી છે ,નવા કાયદામાં હવે ૩૦૨ની કલમ બીજા કલમથી ઓળખાશે, ઠગાઇ માટે કલમ 420 બદલાઈ ગઈ છે, તેની સાથે સાથે કુલ કલમો પણ અગાઉ કરતાં ઘટી ગઈ છે. ત્રણ નવા કાયદા, ભારતીય નાગરિક સુરક્ષા કોડ 2023 (BNSS), ભારતીય ન્યાય (સેકન્ડ) કોડ 2023 (BNS) અને ભારતીય પુરાવા (સેકન્ડ) એક્ટ 2023, 1 જુલાઈથી અમલમાં આવશે. ગૃહ મંત્રાલયે 24 ફેબ્રુઆરીએ આને લગતું નોટિફિકેશન બહાર પાડ્યું હતું. જેને રાષ્ટ્રપતિની પણ મંજૂરી મળી ગઈ છે જો કે કેટલાક ...અનુસંધાન પેજ નં. 6 પર

### ત્રણ નવા કાયદાના મુખ્ય મુદ્દાઓ..

(1) ઘટનાઓની ઓનલાઈન જાણ કરવી: હવે કોઈ વ્યક્તિ ઈલેક્ટ્રોનિક સંદેશાવ્યવહારના માધ્યમથી ઘટનાઓની જાણ કરી શકે છે, આ માટે તેણે પોલીસ સ્ટેશન જવાની જરૂર નથી. આ રિપોર્ટિંગને સરળ અને ઝડપી બનાવશે, જેનાથી પોલીસ દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવામાં સરળતા રહેશે. (BNS ની કલમ 173)

(2) કોઈપણ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર દાખલ કરવી: ઝીરો એફઆઈઆરની રજૂઆત સાથે, કોઈપણ વ્યક્તિ તેના અધિકારક્ષેત્રને ધ્યાનમાં લીધા વિના કોઈપણ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધાવી શકે છે. આ કાયદાકીય કાર્યવાહી શરૂ કરવામાં વિલંબને દૂર કરશે અને ગુનાની તાત્કાલિક જાણ કરવાની ખાતરી કરશે. (BNS ની કલમ 173)

(3) એફઆઈઆરની મફત નકલ: પીડિતોને એફઆઈઆરની મફત નકલ પ્રાપ્ત થશે, જેનાથી કાનૂની પ્રક્રિયામાં તેમની ભાગીદારીની ખાતરી થશે. (BNS ની કલમ 173)

(4) ધરપકડ પર જાણ કરવાનો અધિકાર: ધરપકડની સ્થિતિમાં, વ્યક્તિને તેની પસંદગીની વ્યક્તિને તેની સ્થિતિ વિશે જાણ કરવાનો અધિકાર છે. આ ધરપકડ કરાયેલ વ્યક્તિને તાત્કાલિક સહાય અને સહકારની ખાતરી કરશે. (BNS ની કલમ 36)

(5) ધરપકડની માહિતી દર્શાવવી:ધરપકડની વિગતો હવે પોલીસ સ્ટેશનો અને જિલ્લા મુખ્યાલયોમાં સ્પષ્ટપણે પ્રદર્શિત કરવામાં આવશે, જેથી ધરપકડ કરાયેલ વ્યક્તિના પરિવાર અને મિત્રોને મહત્વપૂર્ણ માહિતી સરળતાથી મળી શકે. (BNS ની કલમ 37)

(6) ફોરેન્સિક એવિડન્સ કલેક્શન અને વિડિયોગ્રાફી: કેસ અને તપાસને મજબૂત બનાવવા માટે, ફોરેન્સિક નિષ્ણાતો માટે ગુનાના સ્થળોની મુલાકાત લેવી અને ગંભીર ગુનાઓ માટે પુરાવા એકત્રિત કરવા ફરજિયાત બની ગયા છે. વધુમાં, પુરાવા સાથે ચેડાં અટકાવવા માટે ગુનાના સ્થળે પુરાવા એકત્ર કરવાની પ્રક્રિયા ફરજિયાતપણે વિડિયોગ્રાફી કરવામાં આવશે.

...અનુસંધાન પેજ નં. 6 પર

### પ્રથમ વખત આતંકવાદની વ્યાખ્યા કરવામાં આવી




ભારતીય ન્યાયિક સંહિતામાં પ્રથમ વખત આતંકવાદ શબ્દની વ્યાખ્યા કરવામાં આવી છે. આ અગાઉ IPCમાં હાજર નહોતું. BNS માં, આતંકવાદને કલમ 113 (1) હેઠળ સજાપાત્ર ગુનો બનાવવામાં આવ્યો છે. આ કાયદાએ આતંકવાદની સ્પષ્ટ વ્યાખ્યા આપી છે, રાજદ્રોહને અપરાધ તરીકે નાબૂદ કર્યો છે અને "રાજ્ય વિરુદ્ધના ગુનાઓ" નામની નવી કલમ ઉમેરી છે. આતંકવાદને લગતા ગુનાઓમાં પેરોલની કોઈ શક્યતા સાથે મૃત્યુદંડ અથવા આજીવન કેદની સજાને પાત્ર બનાવવામાં આવ્યા છે.

### દેશભરમાં 5,84,174 પોલીસકર્મીઓને તાલીમ અપાઇ



બ્યુરો ઓફ પોલીસ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટે ક્ષમતા નિર્માણ માટે તાલીમ મોડ્યુલ વિકસાવ્યા છે અને તેને તમામ હિતધારકો સાથે શેર કર્યા છે. 250 તાલીમ અભ્યાસક્રમો/વેબીનારો/સેમિનાર પણ યોજ્યા છે. બ્યુરોના માર્ગદર્શન હેઠળ, રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોએ પણ 5,65,746 પોલીસ અધિકારીઓ અને જેલ, ફોરેન્સિક, ન્યાયિક અને કાર્યવાહી ક્ષેત્રના કર્મચારીઓ સહિત 5,84,174 કર્મચારીઓની ક્ષમતાનું નિર્માણ કર્યું છે.1200 યુનિ. ઓને માહીતી મોકલાઇ છે. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન, ઉચ્ચ શિક્ષણ વિભાગના માર્ગદર્શન હેઠળ, શિક્ષકો અને વિદ્યાર્થીઓને નવા કાયદાઓથી વાકેફ કરવા માટે 40,000 કોલેજો અને લગભગ 9,000 સંસ્થાઓમાં નવા કાયદા વિશે માહિતીપ્રદ ફ્લાયર્સ મોકલ્યા. .

### રાજદ્રોહની જોગવાઈ રદ

BNS ભારતીય દંડ સંહિતા, 1860 ની રાજદ્રોહની જોગવાઈઓને રદ કરે છે . તેને ભારતીય ન્યાયિક સંહિતાની કલમ 152 દ્વારા બદલવામાં આવ્યું છે, રાષ્ટ્રની એકતા અને અખંડિતતાને જોખમમાં મૂકતા કૃત્યો પર ધ્યાન કેન્દ્રિત કરતા તમામ વિભાગો તેમાં ઉમેરવામાં આવ્યા છે.

### મહિલાઓ-બાળકો સામેના ગુનાઓ

જાતીય અપરાધોને સંબોધવા માટે ભારતીય ન્યાયિક સંહિતામાં 'મહિલાઓ અને બાળકો સામેના અપરાધો' નામનું પ્રકરણ ઉમેરવામાં આવ્યું છે. આ ઉપરાંત, કોડમાં 18 વર્ષથી ઓછી વયની મહિલાઓ સાથે બળાત્કાર સંબંધિત જોગવાઈઓમાં સુધારો કરવાની ભલામણ છે. 18 વર્ષથી ઓછી ઉંમરની મહિલાઓ પર બળાત્કાર સંબંધિત કેસમાં આજીવન કેદ અથવા મૃત્યુદંડની જોગવાઈ છે .

### ગૃહપ્રધાન કહ્યું કે....

ત્રણ ફોજદારી કાયદાઓ અંગે ગૃહ પ્રધાન અમિત શાહે કહ્યું હતું કે, ભારતની ફોજદારી ન્યાય પ્રક્રિયામાં આ એક નવી શરૂઆત છે, જે સંપૂર્ણપણે ભારતીય છે. તેમણે કહ્યું હતું કે, નવા કાયદાઓને ધ્યાનથી વાંચશો તો ખબર પડશે કે તેમાં ભારતીય ન્યાયની ફિલસૂફીને સ્થાન આપવામાં આવ્યું છે.

## ન્યૂઝ બ્રિફ

### મોબઇલ ચોરીના મામલે હોસ્ટેલમાં યુવકની હત્યા

પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં સરકારી હોસ્ટેલમાં એક વ્યક્તિને માર મારવામાં આવ્યો હતો. આ ઘટના અંગે પોલીસે જણાવ્યું કે શુક્રવારે બોબબજાર વિસ્તારની એક હોસ્ટેલમાં મોબાઈલ ફોનની ચોરીની આશંકામાં એક વ્યક્તિની હત્યા કરવામાં આવી હતી.તેમણે કહ્યું કે મૃતકની ઓળખ ઈર્શાદ આલમ (37) તરીકે થઈ છે, જે બેલગાચિયાના રહેવાસી છે. પોલીસના જણાવ્યા અનુસાર, મૃતક ચાંદની ચોક વિસ્તારમાં ઈલેક્ટ્રોનિક્સની દુકાનમાં મિકેનિક તરીકે કામ કરતો હતો.




### પેપર લીક વિવાદ વચ્ચે UGC NETની નવી તારીખો જાહેર

પેપર લીક વિવાદ વચ્ચે NTA દ્વારા UGC NET પરીક્ષાની નવી તારીખો જાહેર કરી દેવામાં આવી છે. આ વખતે પરીક્ષા 21 ઓગસ્ટથી 4 સપ્ટેમ્બર વચ્ચે ઓનલાઈન લેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ચાલુ આ મહિનાની 18 તારીખે યોજાનાર UGC NET પરીક્ષા પેપર લીકના સંકેતો મળ્યા બાદ શિક્ષણ મંત્રાલયે રદ કરી દીધી હતી. NTAએ શુક્રવારે મોડી સાંજે પરીક્ષાની તારીખોની સૂચના બહાર પાડી. જેમાં ત્રણ પરીક્ષાઓની તારીખો જાહેર કરવામાં આવી છે. તેમાં NCET 2024, જોઈન્ટ CSIR-UGC NET અને UGC NET જૂન 2024 સાયકલ*ની તારીખો જાહેર કરવામાં આવી છે.




### માનવ તસ્કરીના આરોપસર નેવી ઓફિસરની ધરપકડ

મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે લોકોને દક્ષિણ કોરિયા મોકલવા માટે નકલી દસ્તાવેજો બનાવવાના આરોપમાં નેવી ઓફિસરની ધરપકડ કરી છે. મુંબઈ પોલીસના એક અધિકારીએ શુક્રવારે આ માહિતી આપી હતી.અધિકારીએ જણાવ્યું કે લેફ્ટનન્ટ કમાન્ડર વિપિન કુમાર ડાગરને ગુરૂવારે કોરબાથી ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી હતી. તે એક ગેંગનો સભ્ય હોવાની શંકા છે જે નકલી દસ્તાવેજોનો ઉપયોગ કરીને લોકોને ગેરકાયદેસર રીતે દક્ષિણ કોરિયા મોકલે છે.પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીઓના સહયોગીઓએ 10 લાખ રૂપિયા લીધા બાદ 8-10 લોકોને દક્ષિણ કોરિયા મોકલ્યાની કબૂલાત કરી છે. ડાગર એરફોર્સ ઓફિસરનો પુત્ર છે અને હરિયાણાનો રહેવાસી છે.અધિકારીએ જણાવ્યું કે ડાગરની ધરપકડ કર્યા બાદ તેને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો, કોર્ટે તેને 5 જુલાઈ સુધી પોલીસ કસ્ટડીમાં મોકલી દીધો હતો.



## પશ્ચિમ બંગાળ: રાજ્યપાલ-મુખ્યમંત્રી સામસામે, મામલો પહોંચ્યો હાઈકોર્ટ

### ■ રાજ્યપાલે મુખ્યમંત્રી સામે માનહાનિનો કેસ કર્યો

ગુજરાત | વંદન

પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સીવી આનંદ બોઝે શુક્રવારે કલકત્તા હાઈકોર્ટમાં મુખ્યમંત્રી મમતા બેનર્જી વિરુદ્ધ માનહાનિનો કેસ દાખલ કર્યો છે. એક દિવસ પહેલા મમતા બેનર્જીએ કહ્યું હતું કે મહિલાઓએ તેમને ફરિયાદ કરી હતી કે તેઓ રાજભવન જવાથી ડરે છે કારણ કે ત્યાં થઈ રહેલી ગતિવિધિઓને કારણે રાજ્યપાલે આ નિવેદન સામે હાઈકોર્ટનો સંપર્ક કર્યો છે.બોસે અગાઉ મમતા બેનર્જીના નિવેદનોની ટીકા કરી હતી અને કહ્યું હતું કે જનપ્રતિનિધિઓ પાસેથી "ખોટી અને બદનક્ષીભરી છાપ" ન બનાવવાની અપેક્ષા રાખવામાં આવે છે.



સૂત્રએ કહ્યું કે બંગાળના રાજ્યપાલે પણ ટીએમસીના કેટલાક નેતાઓ સામે આવી જ ટિપ્પણી કરવા બદલ માનહાનિનો કેસ દાખલ કર્યો છે.

મમતાના આ નિવેદન સામે હાઈકોર્ટ પહોંચી. રાજ્ય સચિવાલયમાં એક વહીવટી બેઠક દરમિયાન, બેનર્જીએ ગુરુવારે દાવો કર્યો હતો કે "મહિલાઓએ તેમને કહ્યું છે કે તેઓ રાજભવન જવાથી ડરે છે કારણ કે ત્યાં તાજેતરમાં બનેલી ઘટનાઓ છે." "ગવર્નર સીવી આનંદ બોઝે શુક્રવારે કલકત્તા હાઈકોર્ટમાં જઈને મુખ્યમંત્રી મમતા બેનર્જી અને તેમના પક્ષના નેતાઓ સામે તેમની ટિપ્પણી બદલ માનહાનિનો કેસ દાખલ કર્યો," ECIએ બંગાળના રાજ્યપાલ સીવી આનંદ બોઝને કૂચ બિહારની મુલાકાત લેવા પર પ્રતિબંધ મૂક્યો. 2 મેના રોજ રાજભવનની એક કોન્ટ્રાક્ટવાળી મહિલા કર્મચારીએ બોઝ પર છેડતીનો આરોપ લગાવ્યો હતો, જેના પગલે કોલકાતા પોલીસે પણ તપાસ શરૂ કરી હતી. જ્યારે TMC રાજ્યસભાના સાંસદ ડોલા સેનનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેણે કહ્યું કે તે પાર્ટીના નેતૃત્વ સાથે ચર્ચા કર્યા વિના આ મુદ્દે ટિપ્પણી કરી શકશે નહીં.


ભાજપે રાજ્યપાલને સમર્થન આપ્યું હતુંડોલા સેને કહ્યું, "વાસ્તવમાં શું થયું તે જાણવા માટે મારે મારા પક્ષના નેતૃત્વ સાથે વાત કરવી પડશે. આ ખૂબ જ સંવેદનશીલ મામલો છે."

### તસવીર બોલે છે .. પીએમ ઇન વેઇટીંગ...



## યુક્રેન યુદ્ધ પૂર્ણ થવાની તૈયારી, એક બીજાના કેદીઓને મુક્ત કરાશે

ગુજરાત | વંદન



યુક્રેન તાજેતરમાં જ તેના 10 લોકોને રશિયન કેદમાંથી પરત લાવવામાં સફળ રહ્યું છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકીએ શુક્રવારે કેદીઓને મુક્ત કરવાની માહિતી આપી હતી. તેમણે કહ્યું કે તેઓ રશિયા સાથે યુદ્ધ ખતમ કરવા માટે એક મોટી યોજના તૈયાર કરી રહ્યા છે. તેમનું માનવું છે કે તેમની યોજનાને વિશ્વના મોટાભાગના દેશો દ્વારા સમર્થન મળશે. 'યુદ્ધને સમાપ્ત કરવાની યોજના રજૂ કરવી અમારા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે,' યુક્રેનિયન રાષ્ટ્રપતિએ શુક્રવારે કિવમાં સ્લોવેનિયન રાષ્ટ્રપતિ નતાશા પિર્ક મુસેરની સાથે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું જેને મોટાભાગના લોકો દ્વારા સમર્થન આપવામાં આવશે તેમણે વધુમાં કહ્યું કે આ રાજદ્વારી માર્ગ છે જેના પર અમે કામ કરી રહ્યા છીએ. તેમણે એ પણ માહિતી આપી કે હાલમાં યુક્રેન અને રશિયા વચ્ચે કોઈ વાતચીત ચાલી રહી નથી.

## દિલ્હીમાં ભારે વરસાદથી બિલ્ડિંગનું ભોંયરું ધરાશાયી થતાં 3ના મોત

### ■ ફાયર ટીમે 2 મજૂરોના મૃતદેહ બહાર કાઢ્યા,એક લાપતા

ગુજરાત | વંદન



શુક્રવારે દિલ્હીના વસંત વિહારમાં ભારે વરસાદને કારણે એક નિર્માણાધીન ઈમારતનું ભોંયરું ધરાશાયી થતા 3 કામદારોના મોત થયા હતા. બિલ્ડિંગના ખાડામાં કામદારોના ડૂબવાની માહિતી મળતાની સાથે જ NDRF, ફાયર બ્રિગેડ અને દિલ્હી પોલીસની ટીમે બચાવ કાર્ય શરૂ કર્યું હતું. હવે શનિવારે દિલ્હી ફાયરે ખાડામાંથી વધુ એક મજૂરનો મૃતદેહ બહાર કાઢ્યો છે.માહિતી આપતાં દિલ્હી ફાયરની ટીમે જણાવ્યું કે નિર્માણાધીન ઈમારતના ખાડામાંથી અન્ય એક મજૂરનો મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો છે. આ પહેલા શુક્રવારે એક મજૂરનો મૃતદેહ મળી આવ્યો હતો. ટીમે એમ પણ કહ્યું કે આ ખાડામાં ત્રણ મજૂરો ફસાયા હોવાની આશંકા છે. બે મજૂરોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે. હજુ એક મજૂરનો મૃતદેહ મળ્યો નથી. તેથી સર્ચ ઓપરેશન હજુ ચાલુ છે. કે શુક્રવારે વહેલી સવારે દિલ્હીમાં ભારે વરસાદને કારણે વસંત વિહાર વિસ્તારમાં એક નિર્માણાધીન ઈમારતનું ભોંયરું ધરાશાયી થઈ ગયું હતું. ભોંયરામાં કામ કરતા મજૂરો પાણી ભરાવાને કારણે ગુમ થયા હતા.

## ભારે સુરક્ષા વચ્ચે અમરનાથયાત્રાનો શુભારંભ

### ■ બર્ફાની બાબાના દર્શન માટે પહેલો જથ્થો રવાના

ગુજરાત | વંદન



દેશભરના લાખો શ્રદ્ધાળુઓનો આતુરતાનો અંત આવ્યો છે. શનિવારે બમ બમ ભોલેના નાદ સાથે અમરનાથ યાત્રાની શરુઆત થઈ ગઈ છે. જેમાં પહેલગામ અને બાલતાલ રૂટથી કડક સુરક્ષા વચ્ચે પવિત્ર બાબા બર્ફાનીના દર્શન કરવા માટે પહેલો જથ્થો રવાના થઈ ગઈ છે. ઉલ્લેખનીય છે કે આ યાત્રા 52 દિવસ ચાલશે અને 19મી ઓગસ્ટે શ્રાવણ પૂર્ણિમાના દિવસે પૂર્ણ થશે. યાત્રા જે પણ વિસ્તારમાંથી પસાર થવાની છે ત્યાં સુરક્ષા જવાનો તૈનાત કરી દેવામાં આવ્યા છે. યત્રા શરુ થાય તે પહેલા જ જવાનો દ્વારા મોક ડ્રિલ પણ કરવામાં આવી હતી.

## સૈન્ય અભ્યાસ દરમિયાન 5 જવાન તણાઈ ગયા

ગુજરાત | વંદન

કેન્દ્રશાસિત પ્રદેશ લદાખથી એક મોટી દુર્ઘટનાના સમાચાર સામે આવી રહ્યા છે. સૈન્યના જવાન લદાખના દૌલત બેગ ઓલ્ડી વિસ્તારમાં ટેન્ક દ્વારા નદી પાર કરવાનો અભ્યાસ કરી રહ્યા હતા. આ દરમિયાન અચાનકથી નદીમાં જળસ્તર વધી ગયું અને સૈન્યના 5 જવાનો તેમાં વહી ગયા હતા. આ તમામ સૈન્ય જવાન શહીદ થયા હોવાની સંભાવના છે.માહિતી અનુસાર ભારતીય સૈન્યના જવાનો સાથે આ દુર્ઘટના ચીન સાથે જોડાયેલી વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) નજીક બની હતી.

## ગુજરાત ભાજપના પ્રમુખ પદ માટે પુર્ણેશ મોદીના નામની ચર્ચા



ગુજરાત | વંદન

મોદી સરકાર 3.0 માં ગુજરાતના પ્રદેશ પ્રમુખ સી. આર. પાલટીને કેન્દ્રીય મંત્રીમંડળમાં સ્થાન આપતા તેમને કેબિનેટ મંત્રી બનાવવામાં આવ્યા છે. તેમના સ્થાને સુરતના નેતા પુર્ણેશ મોદીને પ્રમુખ બનાવવામાં આવે તેમ છે કેમકે તમને દિલ્હીમાં રાષ્ટ્રીય પ્રમુખ જે પી નડડા સાથે બેઠક યોજાતા અટકળો શરૂ થઈ છે.

## હિંસાગ્રસ્ત મણિપુરના CM રાજીનામું આપે તેવી અટકળો

### ■ કેટલાક ધારાસભ્યો દિલ્હી પહોંચતા રાજકીય હિલચાલ વધી


ગુજરાત | વંદન

મણિપુરમાં હજુ પણ હિંસાના અહેવાલો આવી રહ્યા છે. અને અશાંતિની સ્થિતિ વચ્ચે મુખ્યમંત્રી બિરેન સિંહનું પદ પણ ખતરામાં આવી ગયું છે. અને એવી અટકળો પણ લગાવાઈ રહી છે કે પ્રદેશમાં નેતૃત્વ પરિવર્તન થઈ શકે છે. રાજ્યના કેટલાક ધારાસભ્યો દિલ્હી પહોંચી ગયા છે. જો કે સીએમ બિરેન સિંહે આને માત્ર અફવા ગણાવી છે.



મણિપુરમાં છેલ્લા કેટલાય મહિનાઓથી હિંસા ભડકી રહી છે. જેના પગલે ચર્ચાના કેન્દ્રમાં છે. ત્યારે હવે સંભવિત નેતૃત્વ પરિવર્તનની ગણગણાટ શરુ થઈ ગઈ છે. મુખ્યમંત્રી એન. બિરેન સિંહ સરકારના ધારાસભ્યો દિલ્હી પહોંચ્યા બાદ આવી અટકળો વધુ તેજ બની છે. જોકે, સીએમ બિરેન સિંહે આવી અટકળોને માત્ર અફવા ગણાવીને ફગાવી દીધી છે. તેમણે કહ્યું કે 'કેટલાક લોકો પોતાના અંગત સ્વાર્થને કારણે આવી અફવાઓ ફેલાવી રહ્યા છે.'

### વાંકી નજરે... સૌજન્યથી...




## સુનિતા વિલિયમ્સ માટે વતનમાં પ્રાર્થના

ગુજરાત | વંદન

અમેરિકન સ્પેસ એજન્સી નાસાની અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ તેમના સાથી બૂચ વિલ્મોર સાથે અવકાશમાં અટવાઇ છે. મહેસાણાના કડીના ઝુલાસન ગામના વતની સુનિતા વિલિયમ્સ અવકાશમાં ગયા પછી 13 જૂનના દિવસે પૃથ્વી પર પરત ફરવાના હતા. જોકે, તેમના સ્પેસક્રાફ્ટમાં ખામી થઈ હોવાથી તેઓ પાછા આવી શક્યા નથી.બીજી તરફ, સુનિતા વિલિયમ્સ હેમખેમ અને વહેલીતકે પાછી ફરે તે માટે પ્રાર્થના પણ કરવામાં આવી રહી છે. સુનિતા મહેસાણા શહેરના કડી તાલુકાના ઝુલાસન ગામની વતની છે.

## નાગપુર-મુંબઈ સમૃદ્ધિ હાઈવે પર ભયાનક અકસ્માત, 7ના મોત

### ■ બે કાર વચ્ચે સામસામે ટક્કર, ૧૦ ઘાયલ

ગુજરાત | વંદન



મહારાષ્ટ્રના જાલનામાંથી પસાર થતા સમૃદ્ધિ હાઈવે પર એક ભયાનક અકસ્માત થયો હતો, જેમાં સાત લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે 10થી વધુ મુસાફરો ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પોલીસ આ સમગ્ર મામલે તપાસ કરી રહી છે.મળતી માહિતી મુજબ, આ દુર્ઘટના જાલના વિસ્તારમાં સમૃદ્ધિ હાઈવે પર કડવંચી ગામ પાસે ચેનલ નંબર 371 મુંબઈ કોરિડોર વિસ્તારમાં રાત્રે 11 વાગ્યે થઈ હતી. અહીં એક અર્ટિગા કાર નાગપુરથી મુંબઈ જઈ રહી હતી ત્યારે રોંગ સાઈડથી આવી રહેલી સ્વિફ્ટ ડિઝાયર કાર સાથે અથડાઈ હતી. આ ઘટના બાદ 7 લોકોના મોત થયા હતા, જ્યારે 10 જેટલા લોકો ઘાયલ થયા હતા..ઘટનાની જાણ થતાં જ સમૃદ્ધિ હાઈવે પોલીસ અને તાલુકા જાલના પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને ક્રેઈનની મદદથી બંને કારને સાઈડમાં ખસેડી હતી. પોલીસે ઘાયલોને જાલનાની સરકારી હોસ્પિટલમાં દાખલ કર્યા હતા.

## મહિલાની બેગ અને શૂઝમાંથી 21 કરોડનું કોકેઇન ઝડપાયું



ગુજરાત | વંદન

ચેન્નાઈ એરપોર્ટ પરથી 21 કરોડ રૂપિયાનું કોકેઈન જપ્ત કરવામાં આવ્યું છે. ઘાનાથી ચેન્નાઈ પહોંચેલી મહિલા હવાઈ મુસાફર પાસેથી રૂ. 21 કરોડની કિંમતનું 2,000 ગ્રામથી વધુ કોકેઈન જપ્ત કરવામાં આવ્યું હતું, એમ કસ્ટમ વિભાગે શુક્રવારે જણાવ્યું હતું. મહિલા પાસેથી 21 કરોડ રૂપિયાનું કોકેઈન મળી આવ્યું હતું.

# ખારીકટ કેનાલ રી-ડેવલપમેન્ટ પ્રોજેક્ટમાં કરોડના કૌભાંડનો આક્ષેપ



■ **જો કે, સત્તાધારી પાર્ટીએ આક્ષેપમાં કોઈ જ તથ્ય ના હોવાનું જણાવ્યું**

ગુજરાત | વંદન

અમદાવાદ શહેરના ત્રણ ઝોનમાંથી પસાર થતી અને એક સમયે જેને એશિયા ની સૌથી મોટી કચરાપેટી કહેવામાં આવતી હતી તે ખારીકટ કેનાલની રાજ્ય સરકારના સહયોગથી રૂ.1250 કરોડના ખર્ચથી ડેવલપ કરવામાં આવી રહી છે જેના કામમાં મ્યુનિ. અધિકારીઓ ધ્વારા રૂ.240 કરોડનું કૌભાંડ કરવામાં આવ્યું હોવાના આક્ષેપ કોંગ્રેસ પક્ષ ધ્વારા કરવામાં આવ્યા છે.જો કે, સત્તાધારી પાર્ટીએ કોંગ્રેસના આક્ષેપમાં કોઈ જ તથ્ય ના હોવાનું જણાવ્યું હતું.

મ્યુનિસિપલ કોંગ્રેસ પક્ષના નેતા શહેઝાદખાન પઠાણના જણાવ્યા મુજબ ખારીકટ કેનાલને ડેવલપ કરવા માટેના કામોના ટેન્ડરની શરતો મુજબ દરેક પેકેજમાં પ્રિકાસ્ટ આર.સી.સી બોક્ષ ૨.૯૦ મી - ૨.૯૦ મી.ની સાઈઝના ૨ નંગ કેનાલના પાણી માટે તેમજ કાસ્ટ ઈન સીટુ સ્ટ્રોમ વોટર બોક્ષ ૬.૦૦ મી - ૩.૩૦ મી.ની સાઈઝના ના ૨ નંગ વરસાદી પાણી માટે નાખવાનું નક્કી કરવામાં આવેલ હતાં તે કામ કુલ પાંચ પેકેજમાં વહેંચીને તેના ટેન્ડરો મંજુર કરવામાં આવેલ હતાં. જેમાં નવાઈજનક બાબત એ છે કે, પેકેજ ૧ અને ૪ ના કોન્ટ્રાકટર આર.કે.સી.ઈન્ફ્રા પ્રા.લી.દ્વારા પેકેજ ૧ માં તો બિલકુલ પ્રિકાસ્ટ આર.સી.સી. બોક્ષ નાખેલ નથી પેકેજ ૪ માં અમુક જ થોડા પ્રિકાસ્ટ આર.સી.સી બોક્ષ નાખેલ છે અને માત્ર ડાયાફ્રામ આર.સી.સી. વોલ બનાવી અને તેની ઉપર આર.સી.સી. સ્લેબ ભરીને તેને ઢાંકવાનો હીન પ્રયાસ કરેલ છે

પેકેજ ૨ અને ૩ ના કોન્ટ્રાકટર રેલ વિકાસ નિગમ લી. પાસે અગાઉથી થોડા પ્રિકાસ્ટ આર.સી.સી બોક્ષ હતાં જે તેને નાખેલ હતાં ત્યારે તેના ધ્યાનમાં કોન્ટ્રાકટર આર.કે.સી.ઈન્ફ્રા પ્રા. લી. દ્વારા આર.સી.સી. ડાયાફ્રામ વોલ બનાવીને કામ થતું હોવાનું ધ્યાનમાં આવતાં તેને પણ પ્રિકાસ્ટ આર.સી.સી બોક્ષ નાખવાનું બંધ કરી દીધેલ અને આર.સી.સી. ડાયાફ્રામ વોલ બનાવીને કામ કરી રહી છે

અને પેકેજ ૫ ના કોન્ટ્રાકટર કલથીયા એન્જી એન્ડ કન્ટ્રકશન લી. દ્વારા અન્ય કોન્ટ્રાકટર દ્વારા આર.સી.સી. ડાયાફ્રામ વોલ બનાવીને કરેલ કામો બાબતે શું થાય છે? શું નિર્ણય લેવાય છે ? તેની રાહમાં માત્ર રીટેઈનીગ વોલ બનાવીને કામ કરેલ છે આ સમગ્ર કૌભાંડ ની વિજિલન્સ તપાસ માટેની માંગણી કોંગ્રેસ ધ્વારા કરવામાં આવી હોવાનું તેમણે વધુમાં જણાવ્યું હતું. મ્યુનિસિપલ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દેવાંગ દાની એ કોંગ્રેસ ના આક્ષેપને રદિયો આપતા જણાવ્યું હતું કે ખારીકટ ના કામ દરમ્યાન ટેક્નિકલ રીતે જે પદ્ધતિ યોગ્ય હતી તે મુજબ પ્રિ-કાસ્ટ કે ડાયા ફ્રામ વોલ બનાવવામાં આવ્યા છે જેના માટે નિષ્ણાતોના અભિપ્રાય પણ લેવામાં આવ્યા છે.

તેમજ પેમેન્ટ પણ તે મુજબ જ ચુકવવામાં આવ્યા છે. ટેન્ડરમાં પણ આ તમામ બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેથી એકપણ રૂપિયા નું કૌભાંડ થયું નથી. ખારીકટ પ્રોજેક્ટ માં નિયમ મુજબ જ કામ અને પેમેન્ટ થઈ રહ્યા છે તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

# આખરે સરકાર જાગી ? રાજકોટ અગ્નિકાંડને એક મહિનો પૂર્ણ થયો

■ **સરકારે નવી કમિટીની રચના કરી, દોષિત અધિકારી છટકી જશે તો કમિટીનો નિર્ણય અંતિમ**

ગુજરાત | વંદન

રાજકોટ ગેમ ઝોનમાં ગત 25 મે, 2024ના રોજ થયેલા અગ્નિકાંડને એક મહિનો થઈ ગયો છે. આ અગ્નિકાંડમાં નાની માછલીઓ ફસાઈ ગઈ છે અને મગરમચ્છોને બચાવી લેવાનો કારસો ઘડવામાં આવી રહ્યો હોવાના કોંગ્રેસથી લઈને પીડિતો આક્ષેપ કરી રહ્યા છે. ત્યારે આજે રાજ્ય સરકારે અધિકારીઓ સામેની તપાસને લઈ એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં લેવાયેલા નિર્ણય અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં વર્ષ 2011થી અમલમાં આવેલી ગુજરાત સ્ટેટ લિટિગેશન પોલિસીમાં રાજ્ય સરકાર દ્વારા કેટલીક જોગવાઈઓ ઉમેરવામાં આવી છે. વખતો વખતની સમીક્ષા અને હાઈકોર્ટના વિવિધ ચુકાદાઓ સંદર્ભે હાલની પોલિસીમાં કેટલાક સુધારાઓ કરવાની જરૂરિયાતના આધારે વિવિધ જોગવાઈ ઉમેરવામાં આવી છે.

પ્રવક્તા મંત્રીએ જોગવાઈની માહિતી આપતા જણાવ્યું હતું કે, એકાઉન્ટબિલિટી એટલે કે અધિકારીની જવાબદારી નક્કી કરવા માટે જોગવાઈ ઉમેરવામાં આવી છે. જે કેસ ગુણદોષના આધારે મજબૂત હોય તેમ છતાં અધિકારીની બેદરકારી કે પૂરતી માહિતી ન આપવાના કારણે જે પરિણામ આવે તેવા સંજોગોમાં અધિકારીની જવાબદારી નક્કી કરી તેમની વિરૂદ્ધ કાર્યવાહી કરવી જોઈએ તેવું આ જોગવાઈમાં સૂચન કરાયું છે. અપીલમાં વિલંબ અટકાવવાની જોગવાઈ અંતર્ગત જ્યારે કોઈ ચુકાદો રાજ્યની કોઈ પ્રવર્તમાન



નીતિને અસર કરતો હોય, ત્યારે કાયદા વિભાગના અભિપ્રાયની દરખાસ્ત કરનાર વિભાગ સહમત ન હોય ત્યારે શું કાર્યવાહી કરવી તેની જોગવાઈ ઉમેરવામાં આવી છે.

તેમણે ઉમેર્યું કે, આવા કિસ્સામાં સરકાર દ્વારા એક કમિટીની રચના કરવામાં આવી છે. જેનો નિર્ણય આખરી ગણાશે. આ કમિટીના અધ્યક્ષ તરીકે રાજ્ય સરકારના મુખ્ય સચિવ રહેશે. આ ઉપરાંત નાણાં વિભાગ સચિવ, સામાન્ય વહીવટી વિભાગના સચિવ, કાયદા વિભાગના સચિવ અને જે વિભાગે દરખાસ્ત કરી હોય તે વિભાગના સચિવ કમિટીના સભ્ય રહેશે.

સ્ટેટ લિટિગેશન પોલીસીમાં સુધારા કરવાથી સરકાર પક્ષના જે કેસો સારા છે તે કેસોને ત્વરિત મોનિટરિંગ કરી શકાશે. સાથે જ વિલંબના કારણે થતું નકસાન અટકાવી શકાશે. આ સુધારા થકી વિલંબ કરનાર જવાબદાર સામે અસરકારક પગલાં ભરી શકાશે. આ સ્ટેટ લિટિગેશન પોલિસી થકી સરકારના સમય, નાણાં તેમજ શક્તિનો બચાવ થશે, તેમ તેમણે જણાવ્યું હતું.

આ કમિટીથી હવે શું થઈ શકશે? અત્યાર સુધી એવું હતું કે, કોઈપણ વિભાગના અધિકારી-કર્મચારી સામે તપાસ ચાલતી હોય તો જે તે વિભાગના જ કર્મચારી તેની તપાસ કરતા હતા. જેથી જેના પર આરોપ હોય તેનો યેનકેન પ્રકારે કોર્ટમાં નબળી રજૂઆત કરી બચાવી લેવામાં આવતા હતા. પરંતુ હવે આ તપાસ કરે છે તેના પર જ સરકારે એક કમિટીની રચના કરી દીધી છે. જો એવું સાબિત થાય કે નિર્દોષ છોડી દીધો પણ તેમ છતાં તે ગુનેગાર હશે અને અધિકારીએ તેને બચાવવાનો પ્રયાસ કર્યો હશે તો આ કમિટી તેની સામે પગલા લઈ શકશે.

# ગુડા આવાસના લાભાર્થીઓએ નાણાં નહીં ભરતા છેલ્લી નોટિસ અપાઈ

■ **કુલ 300થી વધારે નાગરિકોને અપાશે અંતિમ તક**

ગુજરાત | વંદન

રાહત દરે જરૂરીયાતમંદ નાગરિકોને આવાસ મળી રહે તે માટે ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા આવાસોનું નિર્માણ કરીને ઓનલાઈન ડ્રો કર્યા બાદ ફાળવણી કરવામાં આવતી હોય છે. પરંતુ લાભાર્થીઓ દ્વારા આવાસની નિયત કરેલ કિંમત ન ભરવાના પ્રશ્નો છાશવારે જોવાં મળતાં હોય છે. જેથી કરીને તંત્રને કામનું ભારણ પણ વધતું હોય છે. ગુડા દ્વારા પેથાપુર, સરગાસણ, અને વાવોલની 2 સ્કીમો મળીને કુલ 2100 જેટલાં આવાસોની ફાળવણી કરી દેવામાં આવી છે.

પરંતુ તેમાંથી 306 લાભાર્થીઓ દ્વારા હજુ પણ આવાસની રકમ ન ભરેલ હોવાને કારણે ગુડા અંતિમ તકની નોટીસ ફટકારશે, નોટીસ આપ્યાના 15 દિવસમાં લાભાર્થીઓને બાકી રકમ ભરી દેવાની રહેશે.

જો આ કિસ્સામાં લાભાર્થીઓ દ્વારા કોઈ બાંધછોડ કરવામાં આવશે તો તંત્ર ફાળવણી રદ કરીને આગામી દિવસોમાં વેઈટીંગ લાગુ કરશે. વાવોલની 504 આવાસોની સ્કીમાં 19 અને 288 આવાસોની સ્કીમમાં 24




લાભાર્થીઓ દ્વારા હજુ સુધી આવાસની રકમ ભરેલ નથી.

આ ઉપરાંત પેથાપુર ખાતેની 100 આવાસોની સ્કીમમાંથી 5 લાભાર્થીઓને પણ બાકી રકમને કારણે જ અંતિમ નોટીસ ફાળવવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે. ગત ઓક્ટોબરમાં સરગાસણ ખાતે ફાળવણી કરેલાં 1208 આવાસોમાંથી સૌથી વધારે 258 લાભાર્થીઓને નોટીસ ફટકારાશે. કુલ 300થી વધારે લાભાર્થીઓને ગુડા દ્વારા અંતિમ તકની નોટીસ અપાશે. આવાસની ફાળવણી કર્યા બાદ પણ લાભાર્થીઓ દ્વારા રૂપિયા ન ભરવાને કારણે તંત્રના ચોપડે પઝેશન બાકી બોલતાં જોવાં મળે છે.

તમામ આવાસોનું પઝેશન સત્વરે ફાળવી દેવાય તે હેતુસર તંત્ર પણ એક્ટીવ મોડમાં આવીને નોટીસનો દૌર શરૂ કર્યો છે. અગાઉ આપેલ 2 નોટીસ બાદ ખરેખર જરૂરીયાતમંદ લાભાર્થીઓએ આવાસની રકમ ભરી પણ ચૂક્યાં છે. જ્યારે બાકીના લાભાર્થીઓને હજુ પણ 15 દિવસની મહોલત આપવાનું નક્કી કરાયું છે.

# ગાંધીનગર મનપાને થઈ બમ્પર આવક

■ **કરદાતાઓએ 49 કરોડનો એડવાન્સ મિલ્કતવેરો ભર્યો**

ગુજરાત | વંદન




ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા એડવાન્સમાં મિલકતવેરો ભરનાર કરદાતાઓને 10 % પ્રોત્સાહક વળતર યોજના તા. 30 જુન સુધી અમલમાં છે. ત્યારે તા. 1/4/2024 થી તા.25/6/2024 સુધી કુલ 94 હજાર 140 કરદાતાઓ દ્વારા કુલ રૂ.49. 02 કરોડનો મિલકતવેરો એડવાન્સમાં ભરવામાં આવતા મનપાની તિજોરી છલકાઈ ચૂકી છે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા નાણાંકીય વર્ષ 2024-2025 માં મિલકતવેરો ભરપાઈ કરવા ઉપર 10 % વળતર તેમજ ઓનલાઈન મિલકતવેરાની ચુકવણીનું 2 % વળતર આમ કુલ 12 % વળતર યોજના તા. 30 જુન સુધી અમલમાં છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મિલકતવેરો ઓનલાઈન તથા ઓફલાઈન બંને રીતે સ્વીકારવામાં આવે છે.

ઓનલાઈન મિલકતવેરો ગાંધીનગર મહાનગરપાલિકાની વેબસાઈટ gandhinagarmunicipal.com પર જઈને ભરી શકાશે. જેમાં ડેબિટ/ક્રેડિટ કાર્ડ, U.P.I, નેટ બેન્કિંગના વિકલ્પ આપવામાં આવેલ છે જેની ગાઈડલાઈન પણ વેબસાઈટ પર મૂકવામાં આવેલ છે તેમજ ઓફલાઈન મિલકતવેરો રોકડ સ્વરૂપે સવારે 9 થી બર્પોરે 3 કલાક સુધી તથા ચેક દ્વારા સવારે 9 થી સાંજે 5 કલાક સુધી ગાંધીનગર મહાનગરપાલિકાની ઉત્તર ઝોનની કચેરી પેથાપુર ખાતે, મધ્ય ઝોનની કચેરી એમ.એસ. બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફલોર, સેકટર-11 ખાતે તેમજ નવા સમાવિષ્ટ વિસ્તારમાં આવેલ જે તે ગામની જૂની પંચાયત કચેરી ખાતે સ્વીકારવામાં આવે છે.

જેમાં કરદાતાઓને બીલ ભરવા આવે ત્યારે જૂનું બીલ કે નાણાં ભર્યાની પાવતી સાથે લાવવા વિનંતી કરવામાં આવે છે. ચાલુ નાણાંકીય વર્ષ 2024-25માં ઓનલાઈન માધ્યમથી મિલકતવેરો ભરવાનો ખૂબ સારો પ્રતિસાદ મળેલ છે. તા.1/4/2024 થી તા.25/6/2024 સુધી કુલ 94 હજાર 140 કરદાતાઓ દ્વારા કુલ રૂ.49. 02 કરોડનો મિલકતવેરો એડવાન્સમાં ભરવામાં આવેલ છે.

જેમાંથી કુલ 47 હજાર 811 કરદાતાઓ દ્વારા 20 કરોડ 86 લાખનો મિલકતવેરો ઓનલાઈન માધ્યમથી ભરેલ છે. તથા કુલ 46 હજાર 329 કરદાતાઓ દ્વારા રૂ.28 કરોડ 26 લાખનો મિલકતવેરો કચેરી ખાતે ઓફલાઈન માધ્યમથી ભરેલ છે.જે કરદાતાઓ દ્વારા મિલકતવેરાની ચૂકવણી કરીએ ઉપરોક્ત વળતર યોજનાનો લાભ લીધેલ નથી તેવા કરદાતાઓને 30મી જુન સુધી મિલકતવેરાની ચૂકવણી કરી વળતર યોજનાનો લાભ લેવા જણાવાયું છે.

# દર સોમવારે ખુલશે ગ્રામ પંચાયતની ફરિયાદ પેટી

■ **તાલુકાના વિસ્તરણ અધિકારીની હાજરીમાં ખોલવાનો આદેશ**

ગુજરાત | વંદન

ગ્રામ પંચાયતોમાં મુકવામાં આવનાર ફરીયાદ પેટીઓ દર સોમવારે તાલુકાના વિસ્તરણ અધિકારીની હાજરીમાં ખોલવાની રહેશે. ફરીયાદ પેટીમાં રજુઆત થયેલી ફરીયાદોનો સમયસર અને સરકારના નિયમોનુસાર નિકાલ કરવાનો જિલ્લા વિકાસ અધિકારીએ આદેશ કર્યો છે. ઉપરોક્ત આદેશનો ચુસ્તપણે પાલન થાય તેમજ સમયમર્યાદામાં કાર્યવાહી થાય તેવું નક્કર આયોજન કરવા આદેશમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા લોકોના કામો સમયસર નહી થતાં હોવાની ફરીયાદો છેક જિલ્લા પંચાયત સુધી કરવામાં આવી રહી છે. લોકોના પોતાના પ્રશ્નોની સાથે સાથે ગામોના પ્રશ્નોનો પણ સમયસર નિકાલ નહી થતો હોવાથી ફરીયાદો લોકોમાં ઉઠી




રહી છે. આથી ગ્રામજનોના પ્રશ્નો નહી ઉકેલાતા આ મામલે ગ્રામજનોમાં રોષ ઉઠતા જિલ્લા વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરવામાં આવી રહી છે. ત્યારે જિલ્લાના 253 ગામોના લોકોના રોજબરોજના સરકારી કામો, પ્રાથમિક તેમજ માળખાગત સુવિધાઓને લગતી ફરીયાદોનો સમયસર નિકાલ આવે તે જરૂરી છે.

ઉપરાંત ગ્રામજનોને સરકારની વિવિધ યોજનાઓનો લાભ સમયસર મળતો નહી હોવાની પણ ફરીયાદો સ્થાનિક ગ્રામજનોમાં ઉઠી રહી છે. ત્યારે ગ્રામજનોની ફરીયાદોનો સ્થાનિકકક્ષાએ ઝડપી ઉકેલ આવે અને ગ્રામજનોને ન્યાય મળે તે માટે જિલ્લા વિકાસ અધિકારી સંજય મોદી દ્વારા જિલ્લાની તમામ ગ્રામ પંચાયતોમાં ફરીયાદ પેટી મુકવાનો આદેશ તાલુકા વિકાસ અધિકારીઓને કર્યો છે.

ગ્રામ પંચાયતોમાં મુકવામાં આવેલી ફરીયાદ પેટીઓમાં રજુઆત થયેલી ફરીયાદો તલાટી અને સરપંચને લગતી હોવાથી તેનો નિકાલ ખરા અર્થમાં થશે કે નહી તેવા પ્રશ્નો લોકોમાં ઉઠી રહ્યા હતા. આથી જિલ્લા વિકાસ અધિકારીએ ગ્રામ પંચાયતોમાં મુકવામાં આવનાર ફરીયાદ પેટીઓ દર સોમવારે તાલુકા પંચાયતમાં ફરજ બજાવતા વિસ્તરણ અધિકારીની હાજરીમાં ખોલવાનો આદેશ કર્યો છે.

# ગિફ્ટ સિટીમાં આલ્કોહોલના વપરાશની છુટછાટ મળવા છતાં પણ વપરાશ ઓછો

■ **આલ્કોહોલની કિમત રાજ્યભરની પરમિટની દુકાનો કરતાં ત્રણ ગણી વધારે**

ગુજરાત | વંદન

ગુજરાત સરકાર દ્વારા ડિસેમ્બરમાં ગિફ્ટ સિટીમાં દારૂબંધીનો કાયદો હળવો કરીને દારૂ પીવાની છૂટ આપવામાં આવી હતી. આ વૈશ્વિક ફાઈનાન્સ ટેક હબમાં કાર્યકારી વાતાવરણ બનાવવાના ઉદ્દેશ્યથી લેવામાં આવેલા પગલાને મોટી સફળતા મળી નથી. કારણ કે છેલ્લા ચાર મહિનામાં GIFT સિટીની મર્યાદામાં માત્ર 600 લીટર આલ્કોહોલનું વેચાણ થયું છે. આ સાથે કુલ 450 લીટર બિયરનું વેચાણ થયું હતું. હબ 24,000 થી વધુ લોકોને રોજગારી આપતું હોવા



છતાં, ડેટા અનુસાર 1 માર્ચથી, માત્ર 500 કર્મચારીઓએ દારૂના વપરાશની પરમિટ માટે અરજી કરી છે, અને પ્રાપ્ત કરી છે. દરમિયાન 1 માર્ચથી અત્યાર સુધી માત્ર 250 વિઝિટર પરમિટ આપવામાં આવી છે.પ્રતિબંધ વિભાગ દ્વારા જે દિવસે છૂટછાટ અમલમાં આવી હતી તે દિવસ 1 માર્ચથી દારૂના વેચાણ અને વપરાશ અંગેના ડેટાનું સંકલન કરવાનું શરૂ કરવામાં આવ્યું હતું.

એવું જાણવા મળ્યું છે કે, આ નિરાશાજનક પ્રતિસાદ મુખ્યત્વે બે કારણોસર છે. સૌપ્રથમ, ગિફ્ટ સિટીમાં વેચાતા દારૂની કિંમત રાજ્યભરની પરમિટની દુકાનો કરતાં ત્રણ ગણી વધારે છે. બીજું, એક માર્ગદર્શિકામાં હોસ્ટ (ગિફ્ટ સિટીનો કર્મચારી) દરેક સમયે મુલાકાતી સાથે હાજર રહે તે જરૂરી છે, જે GIFT માં કામ કરતા લોકો માટે કદાચ વ્યવહારુ ન હોય.

# ગાંધીનગરથી વિજાપુર રોડની બન્ને સાઇડ ચાર-ચાર ફૂટના ખાડા!

■ **વરસાદમાં પાણી ભરતા જીવલેણ બની શકે, આડશ મૂકવા માંગણી**

ગુજરાત | વંદન



ગાંધીનગરથી વિજાપુર રોડની બન્ને સાઈડમાં ચારેક ફૂટ ઊંડા ખાડા ખોદેલો છે. તેમાં આરસીસીનું કામ કરવા સળીયા નાંખવામાં આવ્યા હોવા છતાં કોઈ જ પ્રકારની આડશ કરવામાં નહી આવતા વાહન ચાલકો માટે જીવલેણ બની રહેશે. જોકે ચોમાસાની ઋતુમાં ખાડામાં વરસાદી પાણી ભરાઈ જવાથી અજાણ્યા વાહન ચાલકોને ખાડો હોવાની ખબર નહી રહેતા જીવલેણ અકસ્માત બન્યા બાદ જ આડશ મુકવામાં આવશે તેમ લાગી રહ્યું છે.રાજ્યના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારને જોડતા માર્ગોને પહોળા કરવામાં આવી રહ્યા છે. ઉપરાંત રોડની ઉપર વરસાદી પાણીનો ભરાવો થાય નહી અને તેનો નિકાલ થાય તે માટે રોડની સાઈડમાં આરસીસીની ગટર લાઈન બનાવવામાં આવી રહી છે. જોકે વરસાદી પાણી ભરાવાથી રોડ તૂટે નહી તે માટે ગટર બનાવવી સારી બાબત છે. પરંતુ આડશ વિના જ રોડની સાઈડમાં આરસીસીની ગટર માટે ખોદેલા ચારેક ફૂટ ઊંડા ખાડા વાહન ચાલકો માટે જીવલેણ બની રહેશે. આવી જ સ્થિતિ ગાંધીનગરથી વિજાપુર જતા માર્ગની અપ અને ડાઉન બન્ને સાઈડમાં આરસીસીની ગટર બનાવવાની કામગીરી હાલમાં ચાલી રહી છે.

# આરટીઓમાં પસંદગીના નંબરોની હરાજી કરાશે




■ **27 ગોલ્ડન નંબર અને નવી સીરીઝના નંબરો 1 જુલાઈથી 3 જુલાઈ 4 વાગ્યા સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન થશે**

ગુજરાત | વંદન

ગાંધીનગર આરટીઓ કચેરી દ્વારા સમયાંતરે પસંદગીના નંબરોની હરાજી કરવામાં આવતી હોય છે. આગામી 1લી જુલાઈથી આરટીઓ ગાંધીનગર દ્વારા ટુ વ્હિલરની નવી સીરીઝ GJ 18 FD શરૂ કરવામાં આવશે. 27 જેટલાં ગોલ્ડન નંબર સહિત અન્ય નંબરોની હરાજી કરાશે. ગોલ્ડન નંબરની બેઝ કિંમત 8 હજાર રૂપિયા રહેશે. હરાજીમાં ભાગ લેવા માટે 1 જુલાઈ 4 વાગ્યાથી 3 જુલાઈ 4 વાગ્યાં સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. જ્યારે નંબરોની હરાજી 3 જુલાઈ 4 વાગ્યાથી 5 જુલાઈ 4 વાગ્યા સુધી ચાલશે.

હરાજી દરમિયાન દરેક અરજદારે વેબસાઈટ પર વખતોવખત હરાજીની રકમનો ઉમેરો કરવાનો રહેશે. ટુ વ્હિલરની નવી સીરીઝ સહિત આરટીઓ દ્વારા જૂની સીરીઝ GJ 18 FA , GJ 18 FB, GJ 18 FCના બાકી નંબરોની પણ હરાજી કરવામાં આવશે. ઉપરાંત ફોર વ્હિલરની GJ 18 EA,EB અને EC સીરીઝના નંબરોની પણ હરાજી કરાશે. જ્યારે ગુડ્સ વાહનોની GJ 18 BV સીરીઝનું પણ રિઓક્શન કરવામાં આવશે. ટુ વ્હિલરના સિલ્વર નંબરો માટે 3500 જ્યારે અન્ય સામાન્ય નંબરો માટે અરજદારોએ 2 હજાર રૂપિયા બેઝ કિંમત ભરવાની રહેશે.

# ગાંધીનગર હાઇવે પર ઓવરસ્પીડિંગ કેસમાં વધારો

■ **એક માસમાં 300 વાહનચાલક દંડાયા**

ગુજરાત | વંદન

જિલ્લામાં છાશવારે અકસ્માતના બનાવો થતાં જોવાં મળે છે. હિટ એન્ડ રનના કિસ્સામાં મૃત્યુ થવાની સંભાવના પણ રહેલી હોય છે. જેથી કરીને ગાંધીનગર આરટીઓ કચેરી દ્વારા છેલ્લા 1 માસના સમયગાળામાં 303 જેટલાં સ્પીડ વાયોલેશનના કેસ નોંધીને વાહન ચાલકોને દંડ ફટકાર્યો છે. જિલ્લામાં અકસ્માતોની સંખ્યા ઘટે તે માટે તંત્રે એક્શન પ્લાન બનાવ્યો છે. જિલ્લાના વિવિધ સ્થળે આવેલાં બ્લેક સ્પોર્ટને પણ સત્વરે દૂર કરવા માટેનું આયોજન કરાયું છે. મુખ્ય માર્ગો પર ઝડપી વાહનો ચલાવતાં વાહન ચાલકોની લગામ કસવા માટે આરટીઓ ગાંધીનગરના 5 ઈન્સ્પેક્ટરોની ટીમે જિલ્લાના જુદાં-જુદાં પોઈન્ટ ખાતે તપાસ હાથ ધરીને 1 માસમાં જ 303 કેસ કર્યાં છે.

પ્રતિ વાહન 1 હજાર લેખે તંત્રે અંદાજીત 3.03 લાખ રૂપિયાની રકમનો દંડ ફટકાર્યો છે. જેમાંથી અંદાજીત 38 હજારની વસૂલાત પણ થયેલી જોવાં મળી છે. આરટીઓ દ્વારા કરવામાં આવેલ તપાસ દરમિયાન સૌથી વધારે ચિલોડ અને સરખેજ ગાંધીનગર હાઈવે પર ઓવર સ્પીડના કેસ નોંધાયાં હતાં.

## ગાંધીનગરની સુંદરતામાં થશે વધારો ...



રાજ્યની પથ્થરની ખાણોમાંથી નીકળતા વિવિધ સ્ટોન અને માર્બલમાંથી કારીગરોને અલગ અલગ પ્રતિકૃતિ બનાવવાની તાલીમ આપતી સરકારી સંસ્થા સાપ્તી- સ્ટોન આર્ટીઝન પાર્ક ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા ગાંધીનગરમાં પણ વર્કશોપ ચલાવી વિવિધ આકૃતિના સ્કલ્પચર તૈયાર કરવામાં આવ્યાં છે. વાયબ્રન્ટ સમિટ વખતે શહેરના બેથી ત્રણ સર્કલો પર આવા સ્કલ્પચર મૂકવામાં આવ્યા છે. દરમિયાનમાં સંસ્થા દ્વારા મોટી સંખ્યામાં સ્કલ્પચર તૈયાર કરવામાં આવ્યા છે. જેને શહેરની સુંદરતા વધારવા માટે વિવિધ સ્થળોએ મૂકવામાં આવશે.

### ટ્રેન મોડી પડતાં શારીરિક અને માનસીક ત્રાસ પેટે વળતર માંગ્યું

# શહેરના બે વકીલોને રેલવેએ કરી 7 હજારની ચુકવણી



ગુજરાત | વંદન

બે એડવોકેટ દ્વારા ટ્રેન વિલંબ થવાને લઈને જીલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમીશનમાં રેલવે સામે ફરીયાદ દાખલ કરી હતી. આ ફરીયાદમાં જેમાં શારીરિક અને માનસીક ત્રાસ પેટે ૫૦ હજાર રૂપિયા વળતર આપવા એડવોકેટ માગ કરી હતી. ગ્રાહક તકરાર નિવારણ કમીશને અરજદાર અને રેલવેની રજુઆતો સાંભળીને ૭ મહીનામાં ચુકાદો આપતા ૯ ટકાના વ્યાજ સાથે ટીકીટની રકમ અને કુલ ૭ હજાર રૂપિયા ૩૦ દિવસમાં રેલવે અરજદારને ચુકવવા હુકમ કર્યો હતો.

અમદાવાદના બે એડવોકેટ અમદાવાદના સાબરમતી સ્ટેશનથી ઉજૈજન ગયા હતા જયાંથી પરત અમદાવાદ ટુ ટીયર એ.સી. ની બે ટીકીટ બુક કરાવી હતી. અમદાવાદમાં કોર્ટનું કામકાજ હોવાથી પરત આવવા તેઓ નિયત સમયે ઉજૈજન રેલવે સ્ટેશન પહોચી ગયા હતા. જયાં જાણવા મળ્યું હતું કે, ટ્રેન ૨ કલાક મોડી ચાલી રહી છે.

ત્યારબાદ ૫ કલાક મોડી ચાલી રહી હોવાનું ઓનલાઈન જાણવા મળ્યું હતું. બીજે દિવસે કોર્ટનું કામકાજ હોવાથી લગભગ ૨.૪૫ કલાક જેટલો સમય રાહ જોયા બાદ અરજદારે બીજી ટ્રેનના જનરલ ડબાની ટીકીટ લેવી પડી હતી. જેમાં ઉભા ઉભા ૭ કલાક મુસાફરી કરીશને તેઓ સવારે અમદાવાદ પહોચ્યા હતા. ટ્રેન લેટ પડી હતી અને તેને લઈને એડવોકેટ દ્વારા રેલવે પાસે ટીકીટનું રીફંડ માંગ્યું હતું.

જોકે આ માગ રેલવેએ નકારી નાખતા જણાવ્યું હતું કે, તેમને મોડી પડેલી ટ્રેનમાં મુસાફરી કરી હતી. સામે અરજદારે કહયું હતું કે, સીટી ખાલી હોય તો ટીસી અન્યને બેસવા દેતા હોય છે. અરજદારને ટીકીટના પૈસા રીફંડના કરતા તેને રેલવેને લીગલ નોટીસ આપી હતી. બાદમાં ૫૦ હજારનો દાવો અમદાવાદ ગ્રાહક તકરાર નિવારણ કમીશનમાં રેલવે સામે કર્યો હતો. જેમાં ટીકીટ સ્ટેટસ વગેરે પુરાવા કમીશન સમક્ષ મુકાયા હતા.

રેલવેએ કમીશન સમક્ષ તેની દલીલોમાં જણાવ્યું હતું કે ટ્રેન કેન્સલ થઈ નહોતી તે લેટ આવી હતી. વળી ટ્રેન ઉજજૈન સ્ટેશન ઉપર આવે તે પહેલા અરજદારોએ અન્ય ટ્રેન પકડી લીધી હતી.

### શહેરમાં મણીનગરમાં સુભારતી સ્કૂલને નોટિસ

# ભોંયરાના પાર્કિંગમાં ચાલે છે શાળાના વર્ગો, DEOની નોટિસ

ગુજરાત | વંદન

મણિનગર રામબાગ ખાતે આવેલી જીવકોરબા લલ્લુભાઈ હાઈસ્કૂલ શાળાનાં કેમ્પસમાં આવેલી સુભારતી પ્રાથમિક સ્કૂલને બેઝમેન્ટમાં વર્ગો ચલાવવા મુદ્દે નોટિસ ફટકારાઈ છે. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી સમક્ષ NSUI દ્વારા એક જ કેમ્પસમાં ચાર સ્કૂલો ચાલવા મુદ્દે તથા બેઝમેન્ટમાં વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવાતો હોવા અંગે રજૂઆત કરવામાં આવી હતી. જેના પગલે DEOએ બેઝમેન્ટના વર્ગો તાત્કાલીક બંધ કરવા માટે આદેશ કર્યો છે. ઉપરાંત શુક્રવારે સ્કૂલને આધાર પુરાવા સાથે હિયરીંગ માટે હાજર રહેવા જણાવાયું છે.રામબાગ ખાતે જીવકોરબા લલ્લુભાઈ હાઈસ્કૂલ કેમ્પસમાં બીયુ પરમીશન તથા ફાયર સેફ્ટી વગર જ મંજૂરી મેળવી એક કેમ્પસમાં ચાર જેટલી સ્કૂલો ચલાવવામાં આવતી હોવાના મુદ્દે ગુરુવારના રોજ NSUI દ્વારા અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીને રજૂઆત કરાઈ હતી. જેમાં જણાવાયું હતું કે, એક જ બિલ્ડિંગમાં ચાર શાળા જીવકોરબા લલ્લુભાઈ હાઈસ્કૂલ, PBD જોશી હાઈસ્કૂલ એન્ડ સેકન્ડરી સ્કૂલ, સુભારતી પ્રાયમરી સ્કૂલ અને ડાય ડેન પ્રી સ્કૂલ ચાલે છે. એક જ કેમ્પસમાં બે બિલ્ડિંગમાં અને એ પણ ગ્રાન્ટેડ શાળામાં સેલ્ફ ફાઈનાન્સ શાળાની મંજૂરી કેવી રીતે મળી તે અંગે પણ પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો. જીવકોરબા શાળાના પાંચમાં માળે પતરા નાખી કલાસ બનાવી ભણાવવામાં આવતા હોવાનો આક્ષેપ પણ કરાયો છે. ઉપરાંત ભોંયરામાં કોઈ પણ જાતની ફાયર સેફ્ટી વગર 500થી વધારે બાળકોને જીવના જોખમે ભણાવાતા હોવાનું જણાવાયું હતું. નિયમ પ્રમાણે ભોંયરામાં મંજૂરી ન મળે તેમ છતાં સ્કૂલ દ્વારા ભોંયરામાં શિક્ષણ આપવામાં આવી રહ્યું હોવાનું રજૂઆતમાં જણાવાયું હતું.આ મુદ્દાઓને લઈને રજૂઆત કરાયા બાદ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ સ્કૂલને નોટિસ ફટકારી હોવાનું જાણવા મળે છે. DEO દ્વારા કેમ્પસમાં આવેલી સુભારતી પ્રા. સ્કૂલને નોટિસ ફટકારી છે.

# સો.મીડિયામાં જૈન સાધુ-સાધ્વીઓ પર અભદ્ર કોમેન્ટ મામલે ફરિયાદ

### પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી




ગુજરાત | વંદન

ગુજરાતમાં પાવાગઢ મંદિરની સીડીઓ પર તાજેતરમાં જૈન સમાજની મૂર્તિઓને ખંડિત કરાતા જૈન સમાજ રોષે ભરાયો હતો. ત્યારબાદ સમગ્ર ગુજરાતમાં વિવાદ વધતાં મૂર્તિઓ ફરીવાર સ્થાપિત કરવામાં આવી હતી. આ ઘટના બાદ સોશિયલ મીડિયામાં ભારે ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે ત્યારે ફેસબુક પર એક વ્યક્તિએ જૈન સમાજ વિશે અભદ્ર ટિપ્પણી કરતાં મામલો પોલીસ સ્ટેશન પહોંચ્યો છે.

જૈન સમાજના એક નાગરિકે કોમેન્ટ કરનાર સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરિયાદ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે જૈન સમાજના એક નાગરિકને વ્હોટ્સએપ ગ્રુપમાં સમાજને લગતી અલગ-અલગ પોસ્ટ કરવામાં આવે છે. આ વ્યક્તિને તેમના સમાજના અન્ય વ્યક્તિઓ પાસેથી જાણવા મળ્યું હતું કે, એક ફેસબુક આઈડી પર 13મી માર્ચ, 2024ના રોજ એક પોસ્ટ કરેલી છે.

આ પોસ્ટની નીચે એક આઈડી દ્વારા જૈન સમાજના સાધુ સાધ્વીઓ પર અભદ્ર કોમેન્ટ કરવામાં આવી હતી. જેને લઈને જૈન સમાજમાં રોષ ફેલાયો છે. આ પોસ્ટ અને તેની નીચે કરવામાં આવેલી કોમેન્ટને લઈને પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ છે. આ ફરિયાદના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ઓછા બેડ ધરાવતી તબીબી સંસ્થાની ઓફલાઈન નોંધણી હવે ફરજિયાત...

### ઓનલાઈન રજીસ્ટ્રેશન શરૂ ન થાય ત્યાં સુધી સંસ્થાઓને ઓફલાઈન રજીસ્ટ્રેશન કરવાની સુચના

ગુજરાત | વંદન

રાજયના આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ દ્વારા અગાઉ ૫૦ કે તેથી વધુ બેડ પથારી ધરાવતી તબીબી સંસ્થાઓ સહીત તમામને ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવા માટે સુચના આપવામાં આવી હતી. હવે ૫૦થી ઓછા બેડ હોય તેવી સંસ્થાઓને પણ રજીસ્ટ્રેશનની તાકીદ કરવામાં આવી છે. જોકે, હાલમાં ઓનલાઈન રજીસ્ટ્રેશન શરૂ ન થાય ત્યાં સુધી તમામ સંસ્થાઓને ઓફલાઈન રજીસ્ટ્રેશન કરાવી દેવા સુચના આપવામાં આવી છે.

રાજયમાં ધી ગુજરાત કિલનીકલ એસ્ટાબ્લીશમેન્ટ રજીસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન એકટ ૨૦૨૧ની જોગવાઈઓ અને નવા અમેડમેન્ટ રૂલ્સ ૨૦૨૪ અંતર્ગત ૫૦ કે તેથી વધારે બેડ એટલે કે પથારી ધરાવતી તબીબી સંસ્થાઓનું રજીસ્ટ્રેશન કરાવવા સુચના આપવામાં આવી હતી. વિભાગ દ્વારા અપાયેલી



આ સુચના બાદ ફરીવાર એકટમાં સુધારા સાથે ૫૦ કે તેથી ઓછા બેડ પથારી ધરાવતી હોય તેવી તબીબી સંસ્થાઓને પણ રજીસ્ટ્રેશન કરવા માટે સુચના આપવામાં આવી હતી.

એટલેકે હવે નવી વ્યવસ્થા પ્રમાણે તમામ તબીબી સંસ્થાઓ કે જેઓએ ૫૦થી ઓછી કે તેથી વધારે બેડ ધરાવતાં હોય તે તમામ માટે રજીસ્ટ્રેશન જરૂરી છે. ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવા માટે અપાયેલી સુચના બાદ એવી સ્પષ્ટતા કરવામાં આવી છે કે, હાલમાં ઓનલાઈન રજીસ્ટ્રેશન પોર્ટલ માટેની કામગીરી ચાલી રહી છે. જયાં સુધી ઓનલાઈન પોર્ટલની કામગીરી પુરી ન થાય ત્યાં સુધી આ કામગીરી ઓફલાઈન ધોરણે કરવા માટે સૂચના આપવામાં આવી છે.

મેડીકલ સૂત્રો કહે છેકે, ઓનલાઈન પોર્ટલમાં રજીસ્ટ્રેશન માટે સુચના આપવામાં આવી ત્યારે કામગીરીમાં વિલંબ થાય તેવી આશંકા હોય તો અગાઉથી જ ઓફલાઈન પ્રક્રિયા શરૂ કરાવવી જોઈએ. પરંતુ પહેલી સુચના આપ્યા બાદ અંદાજે ચારથી મહીના પછી હવે ઓનલાઈન પોર્ટલમાં રજીસ્ટ્રેશન થઈ શકે તેમ ન હોવાથી ઓફલાઈન રજીસ્ટ્રેશન કરવા માટે તાકીદ કરવામાં આવી છે.

આમ, અગાઉ માત્ર ૫૦થી વધારે બેડ અને હવે ૫૦થી વધુ ઓછા બેડ ધરાવતી હોય તેવી સંસ્થાઓએ પણ ઓફલાઈન રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.

# ફાયર એનઓસી તથા બીયુ વગરની કોમર્શિયલ ,જોખમી યુનિટ સામે સીલ ઝુંબેશ

ગુજરાત | વંદન



રાજકોટ ગેમઝોનમાં આગ લાગવાથી સર્જાયેલી કરૂણાંતિકાને પગલે મ્યુનિ.એસ્ટેટ-ટીડીઓ ખાતાએ શહેરમાં ફાયર એનઓસી તથા બીયુ વગરની કોમર્શિયલ તથા જોખમી એવાં યુનિટ સામે સીલ ઝુંબેશ આરંભી હતી, જેનાં ભાગરૂપે વધુ ૫૧ શાળા-પ્રિ-સ્કૂલ, ત્રણ ટ્યુશન ક્લાસ અને ૫૦ ઈન્ડસ્ટ્રિયલ શેડ મળી કુલ ૧૦૪ એકમને સીલ મારી દીધા હતા.

મ્યુનિ.એસ્ટેટ-ટીડીઓ ખાતાનાં સૂત્રોનાં જણાવ્યા અનુસાર, મ્યુનિ. હદ વિસ્તારમાં આવેલાં બાંધકામો પૈકી ફાયર એનઓસી તથા બીયુ વગરનાં બાંધકામોનો ઉપયોગ બંધ કરાવવા માટે સીલ ઝુંબેશ આદરવામાં આવી છે. મંગળવારે ઉત્તર પશ્ચિમ ઝોન, દક્ષિણ પશ્ચિમ ઝોન, પશ્ચિમ ઝોન, ઉત્તર ઝોન અને દક્ષિણ ઝોનમાં સઘન પગલાં લેવાયા હતા. સૂત્રોએ કહ્યું કે, રાજકોટ ગેમઝોન દુર્ઘટના બાદ મ્યુનિ.કમિશનર એમ.થેન્નારસને ફાયર એનઓસી અને બીયુ વગરનાં કોમર્શિયલ બાંધકામો સામે કડક હાથે કામ લેવાની સૂચના આપી તે પછી ૧૩ ગેમઝોન, ૪૮ હોસ્પિટલ, ૯૩ શાળા-પ્રિ-સ્કૂલ, ૨૧ ટ્યુશન ક્લાસ અને ૨૫ સિનેમા, ૮૬ ફૂડકોર્ટ, રેસ્ટોરન્ટ, ૧૦ શોપીંગ-પાર્ટીપ્લોટ તેમજ ૫૦ ઈન્ડસ્ટ્રિયલ યુનિટ મળી ૩૪૬ એકમને સીલ મારવામાં આવ્યા હતા.

# ડ્રગ્સના દૂષણ સામે લડતી 75 સંસ્થાની ગ્રાન્ટ સરકારે બંધ કરી હોવાનો દાવો

### ગુજરાતમાં નશાબંધી માત્ર કાગળ પર જ હોય તેવી સ્થિતિ

ગુજરાત | વંદન

ગુજરાતમાં હજારો કિલો ડ્રગ્સ પકડાઈ રહ્યું છે અને ગુજરાત જાણે ડ્રગ્સનું પ્રવેશદ્વાર બની રહ્યુ છે ત્યારે ભાજપ સરકાર વાહવાહી લુટી રહી છે પરતું સવાલ એ ઉભો થાય થાય છે કે, જો કરોડો રૂપિયાનું ડ્રગ્સ પકડાતું હોય તો પછી પાછલા બારણે કેટલું ડ્રગ્સ વેચાતું હશે? ગાંધીના ગુજરાતમાં દારૂબંધી અમલમાં છે છતાં છડેચોક દારૂ-ડ્રગ્સ વેચાય છે. યુવા પેઢી દારુ-ડ્રગ્સના બંધાણી બન્યા છે.એટલું જ નહીં, અમદાવાદ જેવી મેટ્રો સિટીમાં ચરસ, ડ્રગ્સ અને ગાંજા જેવા નશીલા પદાર્થનું ચલણ વધ્યું છે. ગુજરાત ડ્રગ્સનું એપી સેન્ટર બન્યું છે ત્યારે ગૃહવિભાગે ડ્રગ્સના દૂષણ સામે જનજાગૃતિ અભિયાન શરૂ કર્યુ છે પણ બીજી તરફ, ખુદ રાજ્ય સરકારે જ ગુજરાતમાં દારૂ-ડ્રગ્સ સામે લડત લડતી 75થી વધુ સંસ્થાઓના ગ્રાન્ટ બંધ કરી દીધી છે.

ગુજરાતમાં નશાબંધી માત્ર કાગળ પર જ હોય તેવી સ્થિતી પરિણમી છે કેમકે, દારૂ, ડ્રગ્સ પકડાય એ નવી વાત રહી નથી. મોંઘવારી, બેરોજગારીને લીધે સગીર વયના બાળકો, મહિલાઓ ડ્રગ્સની તસ્કરી કરવા મજબૂર બન્યા છે અને ડ્રગ્સ માફિયાઓ બાળકો-મહિલાઓનો બખૂબી ઉપયોગ કરી રહ્યા છે.

રાષ્ટ્રીય સર્વે અનુસાર, ગુજરાતમાં વર્ષ 2018ના આંકડા મુજબ, ગુજરાતમાં 17 લાખથી વધુ પુરુષો ડ્રગ્સના બંધાણી છે જ્યારે 1.85 લાખ મહિલાઓમાં પણ



ડ્રગ્સના લતે ચડી છે. આ પરથી સાબિત થાય છે કે, ગુજરાતમાં કેટલી હદે ડ્રગ્સનો કારોબાર ફુલ્યો ફાલ્યો છે. ગુજરાતમાં પોલીસ, એનસીબી, ડીઆરઆઈ સહિતની કેન્દ્રીય સંસ્થાઓ રાજ્યમાં બોર્ડરપોસ્ટ, પેટ્રોલિંગ, રાઉન્ડ-ધ-ક્લોક સર્વેલન્સ, સીસીટીવી કેમેરા સહિતની ટેકનોલોજી હોવા છતાંય કરોડો રૂપિયાનું હજારો કિલો ડ્રગ્સ ગુજરાતમાં ઠલવાઈ રહ્યું છે. જે ચિંતા ઉપજાવે તેમ છે.હવે જ્યારે ડ્રગ્સનું દૂષણ વકર્યુ છે ત્યારે તેને નાથવા માટે ગૃહવિભાગ સમક્ષ રહ્યું નથી તેનું કારણ એ છે કે, પુરતી પોલીસ ફોર્સ પણ નથી. કેન્દ્ર સરકારના એક અહેવાલ અનુસાર, ગુજરાતમાં પ્રતિલાખ જનસંખ્યાના હિસાબે 174 પોલીસ જવાન હોવા જેઈએ પણ માત્ર 127 પોલીસ જવાન છે.

છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાં 93,991 કીલો ડ્રગ્સ પકડાયુ, જ્યારે 2229 લીટર પ્રવાહી ડ્રગ્સ તથા 93763 ડ્રગ્સ પીલ્સ-ઈન્જેક્શન પકડાયા છે.આમ, ગુજરાતમાં ડ્રગ્સના દૂષણને નાથવામાં ભાજપ સરકાર નિષ્ફળ રહી છે. ગૃહવિભાગે ડ્રગ્સ નશામુક્તિ અભિયાન, અવેરનેસ એક્ટીવીટી, જનજાગૃતિ કાર્યક્રમો શરૂ કર્યા છે પણ ખુદ સરકારે જ ડ્રગ્સ સામે લડાઈ લડતી 75થી વધુ સંસ્થાઓની ગ્રાન્ટ બંધ કરી દીધી છે.

## ટ્રાફિકની સમસ્યાનું આવશે હવે નિરાકરણ :ઔડા

ગુજરાત | વંદન

ટ્રાફિકની સમસ્યાને ધ્યાનમાં રાખી ઔડાએ શીલજ જંકશન પર 120 કરોડના ખર્ચે 834 મીટર લાંબો સિક્સ લેન બ્રિજ બનાવવાનું આયોજન કર્યું છે. એસપી રિંગ રોડ પરથી પસાર અંદાજ 1 લાખથી વધુ વાહનચાલકોને ટ્રાફિકજામમાંથી મુક્તિ મળશે. ટૂંક સમયમાં બ્રિજનું કામ શરૂ થશે અને બે વર્ષમાં કામગીરી પૂરી થશે. બ્રિજની પહોળાઈ 27 મીટરની રહેશે. બોપલ એપ્રોચ તરફની લંબાઈ 131 મીટરની અને સાયન્સ સિટી એપ્રોચ તરફથી લંબાઈ 239 મીટરની રહેશે.આ ઉપરાંત સાયન્સ સિટી તરફ રિટેનિંગ વોલની લંબાઈ 150 મીટર જ્યારે બોપલ તરફ રિટેનિંગ વોલની લંબાઈ 272 મીટની રહેશે. બ્રિજની બંને બાજુ 11 મીટર પહોળો આરસીસીનો સર્વિસ રોડ બનાવાશે. ઔડાના અધિકારીએ જણાવ્યું કે આગામી સમયમાં અમદાવાદની વધતી વસતીને ધ્યાનમાં રાખીને શહેરના વિકાસ માટેનું આયોજન કરાઈ રહ્યું છે. ટૂંકમાં બીજા જંક્શનો કે જ્યાં વધારે ટ્રાફિકજામની સ્થિતિ સર્જાય છે ત્યાં બ્રિજનું કામ ચાલુ કરશે. શીલજ જંક્શન પર બ્રિજ બનવાથી 1 લાખથી વધુ લોકોને ફાયદો થશે. 76 કિમી લાંબા રિંગ રોડ પર ઓવરબ્રિજ-અંડરપાસ બનાવવામાં આવશે.27 મીટર બ્રિજની પહોળાઈ 131 મીટર લંબાઈ બોપલ એપ્રોચ તરફની 239 મીટર લંબાઈ સાયન્સ સિટી એપ્રોચ તરફની 11 મીટર પહોળો સર્વિસ રોડ બનશે.

# બચત ખાતા ખોલાવાનું કહી 150 લોકો સાથે 71 લાખની ઠગાઈ

### વાડજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઇ

ગુજરાત | વંદન

અમદાવાદમાં છેતરપિંડી અને વિશ્વાસઘાતના અનેક ગુનાઓ પ્રકાશમાં આવી રહ્યાં છે. રોકાણ કરાવી લોકોના રૂપિયા હડપી જનારા ગઠિયાઓ વધુ સક્રિય થઈ ગયાં છે. ત્યારે 2015માં એલી ગ્લોબલ મ્યુચ્યુઅલ બેનિફિટ નીધી લીમિટેડ નામની કંપનીમાં 150થી વધુ લોકો પાસે રોકાણ કરાવીને તેમના 71 લાખ રૂપિયાની ઉચાપત કરનાર સામે વાડજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે મહેમદાવાદના પંકજ ભાવસારે નોંધાવેલી ફરિયાદમાં કહ્યું હતું કે, હું રિલાયન્સ નિપોન લાઈફ ઈન્સ્યોરન્સમાં નોકરી કરૂ છું. એપ્રિલ 2015માં અમારા ઓળખીતા ભરતભાઈ સાધુએ શીશીર દરોલિયા સાથે મારી મુલાકાત કરાવી હતી. તેમણે મને એલી ગ્લોબલ મ્યુચ્યુઅલ બેનિફિટ નીધી લીમિટેડ કંપની ભારત સરકાર માન્ય કંપની હોવાનું અને પોતે તેના CEO હોવાનું કહ્યું હતું.

તેમણે મને આ કંપનીમાં અન્ય માણસોના ખાતા ખોલાવી આપશો તો કમિશન મળશે એવું પણ જણાવ્યું હતું. ત્યારબાદ મેં આ કંપનીમાં મારૂ બચત ખાતુ ખોલાવ્યું હતું અને અન્યના ખાતા ખોલવા માટે મને 1 વર્ષ અને 3 વર્ષની અવધિના ફોર્મ આપ્યા હતાં. જેમાં મેં મારા મિત્રો તથા સંબંધીઓ મળી કુલ 150 લોકોના ખાતા ખોલાવ્યા હતાં. ત્યાર બાદ લોકોએ તેમની પાકતી મુદતની ઉઘરાણી કરતાં મેં શીશીર દરોલિયાને ખાતાધારકોના રૂપિયા ચૂકવી આપવા કહ્યું હતું.

ત્યારે દરોલિયાએ જણાવ્યું હતું કે, હાલ કોરોનાને કારણે ઓફિસ બંધ છે અને રોકાણ કરેલા રૂપિયા હાલ આપી શકાય તેમ નથી. તમારે આઠેક મહિના સુધી રાહ જોવી પડશે. ત્યારબાદ સમય વીતતા ફરીવાર ઉઘરાણી કરતાં દરોલિયાએ કહ્યું હતું કે, એલી ગ્લોબલ મ્યુચ્યુઅલ બેનિફિટ નીધી લીમિટેડનું લાયસન્સ રદ કરીને માઈક્રો ફાઈનાન્સનું નવું લાયસન્સ લેવાનું છે. જેથી, એલી કંપનીમાં જેમના ખાતા છે તે માઈક્રોમાં કન્વર્ટ કરવાના છે. તમે બધાના બોન્ડ અને પાસબુક પરત મેળવી લઈ જમા કરાવી દો.

### આરોપીને સાત વર્ષની સજા , એક કરોડ સુધી દંડ થાય તેવી જોગવાઇ

# પોન્ઝી સ્કીમ ડામવા માટેના નવા કાયદા હેઠળ 11 આરોપી સામે ચાર્જશીટ મૂકાઈ



ગુજરાત | વંદન

પોન્ઝી સ્કીમમાં પોતાની મહેનતની કમાણી ગુમાવી ચૂકેલા રોકાણકારોના હિતની રક્ષા કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા પાંચ વર્ષ પહેલાં ઘડેલા ધ બેનિંગ ઓફ અનરેગ્યુલેટેડ ડિપોઝીટ સ્કીમ્સ-2019ના કાયદા હેઠળ સીઆઈડી ક્રાઈમે પ્રથમ કેસમાં ચાર્જશીટ કરી છે. જેમાં આરોપીઓ દ્વારા રોકાણકારોને 600 દિવસમાં નાણાં ડબલ કરી આપવાની સાથે 0.5 ટકા વળતર દરરોજ વોલેટમાં જમા કરાવવાનું કહીને બે કંપનીમાં રોકાણ કરાવ્યું હતું જ્યારે બીજી કેટલીક કંપનીઓ ખોલી ઠગાઈ કરી હોવાનું જણાવ્યું છે.

નોંધનીય છે કે, આ નવો કાયદો પણ જીપીઆઈડી એક્ટ જેવો છે. જીપીઆઈડી એક્ટમાં પણ પહેલો કેસ અને ચાર્જશીટ સીઆઈડી ક્રાઈમે કરી હતી ત્યારે કાયદા હેઠળ પણ પહેલી ચાર્જશીટ સીઆઈડી ક્રાઈમે કરી છે. આ નવા કાયદા હેઠળ આરોપીને સાત વર્ષ સુધીની સજા અને એક કરોડ સુધી દંડ કરી શકાય તેવી જોગવાઈ છે. સીઆઈડી ક્રાઈમે સુનિલકુમાર રામચંદ્ર બિશ્નોઈ(રહે. ગંગાનગર રાજસ્થાન), સંતોષ કે.જકુંજયાન(રહે.પંજાબ), વિજયંત કૃષ્ણકુમાર દહિયા(રહે. પંજાબ), હૈદરઅલી અસગરઅલી બેલીમ(રહે. એપી માર્કેટ, સુરત), ઉએસ આબીદ શેખ(રહે. એપી માર્કેટ, સુરત), અબ્દુલરહેમાન મુસ્લિમ તનવર(રહે. સુરત), પોલ પિતાંબર રહેમ(રહે. સુંદરગઢ), મંથન નિલેશભાઇ ભટ્ટ( રહે. ગુરુકુળ, અમદાવાદ), સચિનસિંહ શંકરધર્મરાજસિંગ( રહે. ઉત્તર પ્રદેશ), પ્રવિણ રામનારાયણ દ્વિવેદી(રહે. ઉત્તર પ્રદેશ) બિસ્બદેબ બાસુદેવ માંડલ સહિતના આરોપીઓ સામે બે હજાર પાનાની ચાર્જશીટ કરી છે.

જેમાં આઈપીસીની કલમ 406, 420, 411,465, 467, 468,471, 120 બી અને ધ બેનિંગ ઓફ અનરેગ્યુલેટેડ ડિપોઝીટ સ્કીમ્સ-2019ની જુદી જુદી કલમ હેઠળ આરોપીઓ સામે આરોપ મૂકવામાં આવ્યો છે. ચાર્જશીટમાં પોલીસે આરોપ મુક્યો છે કે, આરોપીઓએ ફરિયાદી યોગેશચંદ્રન મનોહર નેવેને સ્ટોક એક્સચેન્જ નામના ગ્રૂપમાં 6 ડિસે. 2023ના રોજ એડ કર્યા હતા. ત્યારબાદ શેરબજારમાં રોકાણ કરવાથી ફાયદો થશે તેવી જુદી જુદી લોભામણી લાલચ ફરિયાદીને આપવામાં આવી હતી. ઉપરાંત આઈપીઓ ભરવાથી મોટો ફાયદો થશે તેમ જણાવ્યું હતું. પછી ટુકડે ટુકડે ફરિયાદી પાસે 60 લાખથી વધુનું રોકાણ કરાવી ઠગાઈ આચરી છે.

આરોપીઓ સામે ચીફ મેટ્રોકોર્ટમાં સીઆઈડી ક્રાઈમે ચાર્જશીટ કરી હતી, પરંતુ કેસ ગ્રામ્ય કોર્ટમાં લાગતો હોવાથી અને ત્યાં સ્પે. કોર્ટ હોવાથી કેસ ત્યાં ટ્રાન્સફર કરવામાં આવ્યો છે. જેથી આગામી દિવસોમાં આ કેસ ચાલવા પર આવશે. સીઆઈડી ક્રાઈમે પહેલીવાર નવા કાયદા હેઠળ કરેલ ચાર્જશીટમાં 25 આરોપીઓને ફરાર જાહેર કર્યા છે. જેમાં વેલ્સ કેપીટલ ટ્રેડના એડવાઈઝર ધનંજય સિન્હા, વેલ્સ કેપીટલ ટ્રેડની ઓળખાણ આપનાર મેરાલી ભટ્ટનાગર, વેલ સ્ટોક ડોટકોમના સંચાલક, સુષ્મિતા, રાહુલ રાજપૂત, રાકેશ વડગામ, સંજય, સોનાલી, વિજય, વિશાખા સહિત 25 મોબાઈલ નંબરનો ઉપયોગ કરનાર લોકોને આરોપી તરીકે દર્શાવવામાં આવ્યા છે.

સીઆઈડી ક્રાઈમ આગામી દિવસોમાં તેમની ધરપકડ કરે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. આ કાયદો પણ જીપીઆઈડી જેવો જ છે, પરંતુ આ કાયદા હેઠળ એક કરોડ સુધી દંડ ફટકારવાની સત્તા કોર્ટને છે.

### આલ્ફા વન મોલમાં બાથ એન્ડ બોડી વર્ક્સ કંપનીનો કિસ્સો

# કંપનીના કર્મીઓએ જ કંપની સાથે કરી રૂપિયા 1.06 કરોડની ઠગાઈ

ગુજરાત | વંદન

વસ્ત્રાપુરમાં આવેલા આલ્ફા વન મોલમાં બાથ એન્ડ બોડી વર્ક્સના બ્રાન્ડના નામના સ્ટોરમાં સિનિયર સેલ્સ એસોસિયેટ તરીકે કામ કરતા બે શખ્સોએ કંપની સાથે 1.06 કરોડની ઠગાઈ આચરી છે. કંપનીએ થોડા સમય પહેલા જ્યારે સિસ્ટમ અપગ્રેડ કરી ત્યારે વાઉચર રિડીમ કરવા માટે ઓટીપીની જરૂર રહેતી ન હતી. જેથી ખોટા વાઉચર નંબરો નાખીને આ શખ્સોએ ઠગાઈ આચરતા વસ્ત્રાપુર પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

બોપલમાં રહેતા નયનભાઈ શાહ અપરેલ ગ્રૂપ ઈન્ડિયા કંપનીમાં જનરલ મેનેજર છે. તેમની કંપનીનો બાથ એન્ડ બોડી વર્ક્સના બ્રાન્ડ નામનો એક સ્ટોર વસ્ત્રાપુર આલ્ફા વન મોલમાં આવેલો છે. તેમની કંપનીએ એક કંપની સાથે ટાઈઅપ કર્યું છે, જેના વાઉચર લઈને આવતા ગ્રાહકો આ શોરૂમમાં ખરીદી બાદ તે વાઉચર રિડીમ કરાવી શકે છે. આ સ્ટોરમાં સિનિયર સેલ્સ એસોસિયેટ તરીકે કામ કરતા અર્પિત અરોરા(રહે. અષાઢી એવન્યુ, પાલડી) અને ઉજ્જવલ લીંબાચિયા(રહે. વડોદરા) બિલીંગનું કામ કરતા હતા. વર્ષ 2022માં ભારતભરના સ્ટોરની સિસ્ટમ અપગ્રેડ કરાઈ હતી. વર્ષ 2023માં સ્ટોરના એકાઉન્ટ તપાસ કરતા આલ્ફા વન અને વડોદરા ખાતેના સ્ટોરમાં વાઉચર રિડીમ કરવાની કામગીરીમાં ગોટાળો થયો હોવાનું સામે આવ્યું હતું. જેથી કંપની પાસેથી વાઉચરોની વિગતો મગાવી હતી. જેમાં રૂ. 1.06 કરોડના 1548 વાઉચરો ઈસ્યૂ કર્યા ન હોવાનું સામે આવ્યું હતું. બંને આરોપીઓએ ખોટા વાઉચર નંબરો આધારે છેતરપિંડી કરી હતી. બંને આરોપીની પૂછપરછ કરતા જ્યારે કંપનીએ સિસ્ટમ અપગ્રેડ કરી ત્યારબાદ ઓટીપી વગર વાઉચર જનરેટ થતા હોવાથી ખોટા નંબરો નાખીને રિડીમ કરીને બિલ જનરેટ કર્યા હોવાની કબૂલાત કરી હતી. જે માલની ખરીદી બતાવી હોય તે માલ પોતે જ ખરીદી કરી લેતા હોવાની કબૂલાત કરી હતી. જેથી આ મામલે વસ્ત્રાપુર પોલીસે બંને આરોપી સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com

## સંપાદકીય....

# ધરતી કહે પુકાર કે..બીજ ઉગા લે પ્યાર કે...મૌસમ બીતા જાય....!



જમીન...ખેતી...વરસાદ...આ બધુ શહેરીજનો નહીં સમજાય. શહેરીજનો માટે વરસાદ એટલે હાઇવે પર ઉભા રહીને ચીજવાળી અમેરિકન મકાઇના દાણા ખાવાનો લ્હાવો....ઝરમર..ઝરમર..વરસાદમાં વળી પિઝા મંગાવીને ટીવીમાં વરસાદ જોતાં જોતાં ખાઇ લેવુ...

ના, ચોમાસુ કાંઇ મકાઇ કે પિઝા ખાવાની સિઝન નથી. જેઓ ખેતી કરે છે, તેમને પૂછો કે ચોમાસુ મોડુ આવે ત્યારે કેટલી ચિંતા થાય છે....એક ભારતીય ખેડૂતની સાચી હાલત જાણવી હોય તો દો બિઘા જમીન જોવી જોઇએ...ધરતી કહે પુકાર કે..બીજ ઉગા લે પ્યાર કે મૌસમ બીતા જાય....આ ગીત દો બિઘા જમીનનું છે. વરસાદ નહીં આવતા ખેડૂત શહેરમાં મજૂરી કરવા જાય છે, ખેતર ગિરવે મૂકીને અને પરત આવે છે ત્યારે ત્યાં કારખાનું બની રહ્યું છે....

ખેતીની જમીન ઘટી રહી છે. આધુનિક કારખાના, રિફાઇનરીઓ માટે ખેતીની જમીનનો વપરાશ થઇ રહ્યો છે. અલબત વળતર મળે છે કે આપે છે પણ તેમ છતાં ખેતી એટલે ખેતી...એ શહેરીઓને નહીં સમજાય. વાતનો તંત અને મર્મ એ છે કે ગુજરાત સહિત દેશમાં મેઘરાજાની પધરામણી ગજગામિની ચાલે થઇ ગઇ છે અને ઉનાળાની કારમી ગરમી, હીટવેવમાંથી હવે વોટરવેવ..જળ ધોધ...વહેશે. વહેશે શું વહેવાનું શરૂ થઇ ગયું છે કેમ કે દિલ્હી પાણી પાણી થઇ ગઇ છે. જળમગ્ન...લબાલબ..બુંદાબુંદી...ગાજવીજ સાથે ધોધમાર....બારે મેઘ ખાંગા...એવુ બધા શબ્દો માધ્યમોમાં વાંચવા મળશે, ટીવીમાં સાંભળવા મળશે...દેશ-દુનિયા ઋતુ ચક્ર પર આધારિત છે. પણ કલાઇમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગને કારણે તેમાં ફેરફારો જોવા મળી રહ્યાં છે. રણમાં વરસાદ અને જ્યાં વરસાદ મન મૂકીને પડતો હોય ત્યાં કોરૂધાકોરૂ...! બરફના પહાડો પિગળી રહ્યાં છે, દરિયામાં જળ સપાટી વધી રહી છે અને ચેતવણી તો એ છે કે આવનારા સમયમાં દરિયા કાંઠાના વિસ્તારો ગરકાવ થઇ જશે.....

આ બધા માટે અન્ય કોઇ નહીં પણ ખુદ માનવી જ જવાબદાર છે. સંમસ્યા એ જ સર્જે અને ઉપાય પણ એ જ વિચારે...પણ પ્રકૃતિનો સંદેશો એ છે મને ગાયમાતાની દોહવાનું રાખો....શોષણ ના કરશો....પણ માણસ સાંભળે તો ને...પ્રકૃતિનું દોહન નહીં પણ શોષણ થતા હવે તેનો રંગ જોવા મળી રહ્યો છે. ભારે પૂરની સામે માનવી લાચાર છે, દરિયાઇ ચક્રવાતી તોફાન, વાવાઝોડુ આવે ત્યારે આધુનિક ટેકનોલોજીથી અગમચેતી થઇ જાય છે અને બચાવ કાર્ય શરૂ થઇ જાય છે, માનવીનું સલામત સ્થળાંતર થઇ જાય છે. પણ ખેતીને, પાકને, મકાનોને, જાહ મિલકતોને જે નુકશાન થાય છે તે અટકાવી શકાતુ નથી.

મોન્સુન, ચોમાસુ, વરસાદ, મેઘરાજા, પ્રકૃતિનો જ એક ભાગ છે જે માનવીને અન્ન આપે છે. એક બીજ વાવો અને હજારો બીજમાં પાક મળે...જમીન એ જ છે પણ પાક વિવિધ લઇ શકાય છે. મૂળે વાત ખેતીની અને ખેડૂતની છે. કાલે મેંઘા કાલે મેઘા પાની તો બરસાઓ....એવુ કહીએ એટલે કાંઇ એ... આવ્યો...એમ સાદ પાડીને કાંઇ વરસાદ ન આવે...વરસાદ તો રાજા છે અને રાજાને તો વિનવણી કરવી પડે..કે વેળાસર પધારજો મારા બાપ...મહાન છો આપ....ખેતર તૈયાર છે...બીજનું વાવેતર થઇ ગયું છે અને તમે આવો...તમે વરસો...તો ખેતરમાં થાય સરસ મજાનો પાક....અને એ પાક વેચીને મળે કાંઇ મળતર તો રૂપિયો બજારમાં ફરતો રહે....ધરતી કહે પુકાર કે..બીજ ઉગા લે પ્યાર કે...મૌસમ બીતા જાય....મૌસમ બીતા જાય...

## ધર્મ

# 5 જુલાઇએ અષાઢ અમાવસ્યાનાં વ્રતનું મહત્ત્વ....



સનાતન ધર્મના લોકો માટે વર્ષમાં આવતી દરેક અમાવસ્યાનું વિશેષ મહત્ત્વ છે. હિન્દુ પંચાંગ અનુસાર, આ વખતે અષાઢ અમાવસ્યાનો પ્રારંભ 5 જુલાઇએ પ્રાતઃકાળ 04 વાગીને 57 મિનિટે થઇ રહ્યો છે, જેનું સમાપન બીજા દિવસે 6 જુલાઇએ સવારે 04 વાગીને 26 મિનિટે થશે. તેવામાં ઉદયાતિથિના આધારે 5 જુલાઇ 2024ના રોજ અષાઢ અમાવસ્યા ઉજવવામાં આવશે.

ભગવાન શિવ અને વિષ્ણુજીને સમર્પિત અમાવસ્યાને અષાઢ અમાવસ્યાના જામે ઓળખવામાં આવે છે, જે દર વર્ષે જુલાઇ મહિનામાં આવે છે. આ વખતે અષાઢ અમાવસ્યાની તિથિ ખૂબ જ શુભ છે, કારણ કે આ દિવસે એક દુર્લભ યોગનું નિર્માણ થઇ રહ્યું છે. તેવામાં આ દિવસે પિતૃ અને કાલસર્પ દોષથી મુક્તિ મેળવવા માટે કેટલાંક ઉપાય કરવા શુભ રહેશે. ચાલો જાણીએ આ ઉપાયો વિશે.

અમાવસ્યાના દિવસે રચાશે સર્વાર્થ સિદ્ધ યોગ-

અષાઢ અમાવસ્યાના દિવસે ઘણા વર્ષો બાદ સર્વાર્થ સિદ્ધ યોગનું નિર્માણ થઇ રહ્યું છે. આ ઉપરાંત આ દિવસે સવારે 10 વાગીને 41 મિનિટથી લઇને 12 વાગીને 26 મિનિટ સુધી રાહુકાળ રહેશે. તેવામાં તેની પહેલા જ તમે દેવી-દેવતાની પૂજા કરી લો.

પિતૃ અને કાલસર્પ દોષથી મુક્તિ મેળવવાના ઉપાય-

ધાર્મિક માન્યતા અનુસાર, અષાઢ અમાવસ્યાના દિવસે પિતૃ અને કાલસર્પ દોષથી મુક્તિ મેળવવાના ઉપાયો કરવા અન્ય દિવસોની તુલનામાં વધુ ફળદાયી છે. ચાલો જાણીએ આ પ્રભાવશાળી ઉપાયો વિશે.અષાઢ અમાવસ્યાના દિવસે પ્રાતઃકાળ ઉઠો. સ્નાન વગેરે કર્યા બાદ શુદ્ધ વસ્ત્ર ધારણ કરો. ભગવાન શિવ અને વિષ્ણુનું આરાધના કરો. પિતૃ તર્પણ કરી પિંડદાન કરો. તે બાદ પિતૃ સૂક્તમનો પાઠ કરો. મનમાં પિતૃને સ્મરણ કરો અને તેમનું જળથી તર્પણ કરો. તેનાથી પિતૃ તમારા પર પ્રસન્ન થશે અને કુંડળીમાં ગ્રહ પણ શાંત થશે.


ધાર્મિક માન્યતા અનુસાર, પિતૃ અને કાલસર્પ દોષથી મુક્તિ મેળવવા માટે અષાઢ અમાવસ્યાની સાંજના સમયે તમારા ઘરથી દૂર કોઈ પીપળાના વૃક્ષ નજીક સરસિયાના તેલનો દીવો પ્રગટાવો. આ ઉપાયને સાચા મનથી કરવાથી નારાજ પિતૃ શાંત થાય છે. સાથે જ કુંડળીમાં કાલસર્પ દોષથી પણ છૂટકારો મળે છે.


## કલ્પના નહીં વાસ્તવિકતાઃ 2050 સુધીમાં દુનિયાને જોવા મળશે સ્પેસ એલિવેટર....

# લિફ્ટમાં પ્રવેશો, અને સીધા અંતરિક્ષમાં....!!

### સ્કાય લિફ્ટ મારી સરરરરરર...જાય, ટન ટન ટોકરી વગાડીને કહેશે ચલો, ચંદ્ર આવી ગયું..છે કોઈ..

સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com





દુનિયાની સૌથી ઉંચી ઈમારત બુર્જ ખલિફાની લિફ્ટમાં બેસીને 3 મિનિટમાં 100મા માળે પહોંચી શકાય છે, એમ એ લિફ્ટ તેથી ઉપર અંતરિક્ષમાં જાય તો.....? સાહેબાન...દિલ થામ કે બૈઠો.....એવી કલ્પના આવનારા સમયમાં સાકાર થવા જઈ રહી છે.....અને માનવી રોકેટને બદલે લિફ્ટમાં બેસીને અંતરિક્ષ કેન્દ્રમાં પહોંચી શકશે,....આ બધું વિજ્ઞાન સાહિત્ય જેવું લાગે છે, નહીં?

પણ એક જાપાની કંપની રેલમાંથી એક વિશાળ સ્પેસ એલિવેટર પ્રોજેક્ટ મેળવવા માટે કામ કરી રહી છે, જે વર્ષોથી માત્ર વિચારો સુધી મર્યાદિત છે. પણ હવે આગામી વર્ષથી તેના પર કામો શરૂ કરવાનું આયોજન છે. જેમાં લોકો અને માલસામાનને અવકાશમાં ખસેડવું ખૂબ જ સરળ અને સસ્તું હશે.

આવો વિચાર ક્યાંથી આવ્યો...એ અંગે જોઈએ તો, રશિયન રોકેટ સાયન્ટિસ્ટ કોન્સ્ટેન્ટિન ત્સિઓલકોવસ્કીએ સૌપ્રથમ આ સ્પેસ લિફ્ટનો વિચાર કર્યો હતો. 1895માં તેમના દ્વારા લખાયેલ પુસ્તક 'ડ્રીમ્સ ઓફ અર્થ એન્ડ સ્કાય'માં તેનો ઉલ્લેખ છે. તેમાં તેણે 22,000 માઈલ ઊંચા કાલ્પનિક ટાવરનું વર્ણન કર્યું છે. આ વિચારને રશિયન એન્જિનિયર યુરી આર્ટસ્ટાનોવ દ્વારા આગળ વધારવામાં આવ્યો હતો. જેમાં ભૂ-સ્થિર ભ્રમણકક્ષામાં પૃથ્વીથી ઉપગ્રહ સુધી કેબલ સ્થાપિત કરવાનો પ્રસ્તાવ છે અને તેની મદદથી અવકાશ યાત્રા કરવી જોઈએ.

જાપાનના ઓબાયાશી કોર્પોરેશને તે વિચારને વાસ્તવિકતામાં લાવવાનું નક્કી કર્યું છે. આ કંપની વિશ્વના સૌથી મોટા ટીવી ટાવર 'ટોક્યો સ્કાય ટ્રી' જેવા ક્રાંતિકારી પ્રોજેક્ટને સાકાર કરવાનો ઈતિહાસ ધરાવે છે. આ કંપની દ્વારા પ્રસ્તાવિત લિફ્ટને સ્પેસ એલિવેટર કહેવામાં આવે છે. તે પૃથ્વીની ભ્રમણકક્ષામાં અને બહારની સફરને સક્ષમ કરે છે. ઓબાયાશી આગામી વર્ષે તેનું બાંધકામ શરૂ કરવાની અને તેને 2050 સુધીમાં પૂર્ણ કરવાની આશા રાખે છે....અર્થાત હજુ 25 વર્ષ રાહ જોવી પડે તેમ છે અને ત્યાં સુધી દુનિયામાં કંઇ કેટલીય ટેકનોલોજી વિકસી ગઇ હશે....તેમ છતાં સ્કાય લિફ્ટ બની ગઇ હશે

તે કઇ રીતે બનશે....સ્પેસ એલિવેટરના નિર્માણના ભાગ રૂપે, અવકાશમાં જીઓ સ્ટેશનરી ઓર્બિટમાં પૃથ્વીથી ઉપગ્રહ સુધી કેબલ નાખવામાં આવશે. આ ઉપગ્રહ પૃથ્વી જેટલી જ રોટેશનલ સ્પીડ ધરાવે છે. તેથી તે હંમેશા પૃથ્વીની ઉપર ચોક્કસ જગ્યાએ રહે છે. સ્પેસ લિફ્ટ કેબલ પૃથ્વીથી 96 હજાર કિલોમીટરની ઉંચાઈ સુધી વિસ્તરેલી છે. તેનું કાઉન્ટરવેટ અહીં છે. અને વિષુવવૃત્તીય પ્રદેશમાં સમુદ્રમાં 'અર્થ પોર્ટ' સ્થાપિત કરવામાં આવશે.

પૃથ્વી બંદરમાં બાલાસ્ટ હોય છે. કેબલ ટેન્શન પણ ત્યાં ગોઠવેલ છે. અર્થપોર્ટ નજીકના મેદાનમાં વધુ એક સેન્ટર બનાવવામાં આવશે. ત્યાંથી સમુદ્રમાં પૃથ્વી બંદર સુધી પહોંચવા માટે સમુદ્રની નીચે એક ટનલ બનાવવામાં આવશે. આ કેબલની મદદથી ક્લાઈમ્બર્સ નામના ઈલેક્ટ્રોમેગ્નેટિક વાહનો ઉપર અને નીચે જાય છે. માનવીઓ તેમાં મુસાફરી કરી શકે છે. માલની હેરફેર થઈ શકશે...

સ્પેસ એલિવેટર પ્રોજેક્ટના ભાગ રૂપે, જીઓ સ્ટેશન કેબલ સાથે 36 હજાર કિલોમીટરની ઊંચાઈ પર બનાવવામાં આવશે. મુલાકાતીઓ ત્યાં જઈને શૂન્ય ગુરુત્વાકર્ષણની સ્થિતિમાં બ્રહ્માંડ જોઈ શકે છે. ત્યાંથી જીઓ સ્ટેશનરી સેટેલાઈટ લોન્ચ કરી શકાય છે.

કાર્બન નેનોટ્યુબ શું છે...આ કેબલ સાથે 3,900 કિમીની ઊંચાઈએ મંગળ ગુરુત્વાકર્ષણ કેન્દ્ર સ્થાપિત કરી શકાય છે. તેમાં મંગળની સપાટી જેટલું ગુરુત્વાકર્ષણ છે. ઉપરાંત, 8,900 કિમીની ઊંચાઈએ ચંદ્ર ગુરુત્વાકર્ષણ કેન્દ્ર સ્થાપિત કરી શકાય છે. ચંદ્રની સપાટીના સ્તરે ગુરુત્વાકર્ષણ બળ છે. આ બે કેન્દ્રોમાં અવકાશયાત્રીઓના પ્રયોગો અને તાલીમ થઈ શકે છે.

23,750 કિમીની ઉંચાઈ પર, લો અર્થ ઓર્બિટ ગેટ (લીઓ ગેટ) સ્થાપિત કરવામાં આવશે. ત્યાંથી લીઓ સેટેલાઇટ લોન્ચ કરી શકાય છે. તેઓ પૃથ્વીથી 300 કિમી ઉપરની ભ્રમણકક્ષામાં પહોંચે છે અને ત્યાં પરિભ્રમણ કરે છે.

આ લિફ્ટની મદદથી જીઓ સ્ટેશનરી ઓર્બિટમાં સોલાર પાવર સ્ટેશન સ્થાપિત કરી શકાય છે. ત્યાં ઉત્પન્ન થતી વીજળી પૃથ્વી પર મોકલી શકાય તેમ છે. 57 હજાર કિલોમીટરની ઉંચાઈ પર 'માર્સ ગેટ' છે. ત્યાંથી આપણે મંગળ પર અવકાશયાન મોકલી શકીશું.

પૃથ્વીથી 96,000 કિલોમીટરની ઉંચાઈ પર કાઉન્ટરવેઈટ સેન્ટર પર 'સોલર ફેમિલી એક્સપ્લોરેશન ગેટ' સ્થાપિત કરવામાં આવશે. તે સ્થળની પરિભ્રમણ ગતિનો ઉપયોગ કરીને અવકાશયાનને ગુરુ અને લઘુગ્રહો પર સરળતાથી મોકલી શકાય છે. ઓબાયાશી કહે છે કે એસ્ટરોઇડમાંથી કિંમતી સંસાધનો એકત્ર કરીને પૃથ્વી પર પાછા લાવી શકાય છે.

ઉપયોગ...રોકેટનો ઉપયોગ હાલમાં અવકાશ પ્રયોગો માટે થાય છે. તેમાંથી વિશાળ હાનિકારક ઉત્સર્જન બહાર આવે છે. સ્પેસ એલિવેટર્સને રોકેટ ઈંધણની જરૂર નથી. આમાં ઇલેક્ટ્રોમેગ્નેટિક વાહનોનો સમાવેશ થાય છે. તેઓ સૌર ઉર્જાથી પણ ચાલી શકે છે. તેથી, પર્યાવરણ પરની અસર નોંધપાત્ર રીતે ઘટાડી શકાય છે.

અવકાશ યાત્રાના ખર્ચમાં પણ નોંધપાત્ર ઘટાડો થશે. SpaceX હાલમાં ફાલ્કન 9 અવકાશયાન સાથે અવકાશમાં પેલોડ દીઠ પાઉન્ડ (0.45 કિગ્રા) $1,227 ચાર્જ કરે છે. ઓબાયાશીની પેઢી કહે છે કે સ્પેસ એલિવેટર સાથે, તે ઘટીને માત્ર 57 ડોલર થઈ જશે...

મિશન મંગલ.....મંગળ પર પહોંચવામાં સામાન્ય રીતે 6-8 મહિના લાગે છે. સ્પેસ એલિવેટરની મદદથી આપણે ત્યાં 3-4 મહિનામાં પહોંચી

(અનુસંધાન પેજ-6 ઉપર)

## લઘુવાર્તા

# અખોવન : હમણાં તો તેં બા અને બંને ભાભી સમક્ષ તો કહ્યું કે તું પ્રેગનન્ટ છે! અને . હવે.!!!!'

સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com

'શું કહ્યું બા, તમે? મિતાબહેનનો ખોળો કેથરિન ભરશે? અરે સુધા, તું સાંભળે છે ને, બા શું કહે છે? મિતાબહેનનો ખોળો પેલી કાળી, નિગ્રો, કર્લી વાળવાળી અને જાડા હોઠવાળી હેમેનભાઈની ડોકટર વહુ ભરશે! અને આપણે બંને શોભાનું પૂતળું થઈ એની સાર-સરભરા કરતાં જાણે ફોટો પડાવવા આવ્યાં છીએ. કેમેરા સામે હસતું મોઢું રાખીને તેની બાજુમાં ઊભા રહેવાનું!'

'સુચિતા ભાભી! જેવી બા તેમ જ નણંદબાની ઈચ્છા! શું કામ આપણે કારણ વગર દુઃખી થવાનું!' સુધાએ ધીમા તાપે સ્ટવ પર ચઢતી દાળમાં ચમચો હલાવતાં પોતાનો સૂર પુરાવ્યો!

ભલે બા અને મિતાબહેન રાજી થાય એમ કરજો. બાકી આ કાળી અમેરિકનનો શું ભરોસો?

ભગવાન જાણે લગ્ન પહેલા કેટલા જોડે રંગ રેલીઓ કરી આવી હશે. અને કોણ જાણે કેટલાં એબોર્શન કરાવી નાખ્યાં હશે? કોણ કારણ વગર નરકના દરવાજા ખખડાવે! સુધા, તને તો ખબર જ હશે? આપણાંમાં તો એ જ સ્ત્રી ખોળો ભરી શકે કે જે અખોવન હોય.

'અરે! સુચિતા! મેં તને આટલા નાના મનની ક્યારે ય નહોતી જાણી. મને તો એમ કે તેં અમેરિકાની યુનિવર્સિટીમાંથી એક નહીં પણ બે માસ્ટર્સ ડિગ્રી મેળવી છે. વળી છેલ્લા બે દાયકાથી અમેરિકામાં છે, એટલે તું તો આ દેશની સંસ્કૃતિમાં ઘણી જ ઓતપ્રોત થઈ ગઈ હોઈશ. ભલે, તારી આ સાસુએ સાતમી ચોપડી પાસ નથી કરી, છતાં મને એક વાતનો હૈયે ગર્વ છે કે અમેરિકામાં આવીને અહીંની રહેણીકરણી સમજ્યા પછી તો જૂનાગઢની શેરીને તો ક્યારની ભૂલી ગઈ છું અને તું તો હજી અમદાવાદની પોળમાંથી એક ડગલું પણ બહાર નીકળી શકી નથી!'

'બા! આ તમારી અમેરિકાની



રહેણીકરણી નથી બોલતી, પણ અમારા કરતાં તમને નાના પ્રત્યે વધારે લાગણી છે તેની વરાળ થઈને મનમાંથી બહાર આવે છે.'

અને ત્યાં જ ડ્રાઈવ-વે પર કોઈની કાર આવી એવું કિચનમાં કામ કરતી સુધાને લાગ્યું . તે દરવાજા તરફ દોડી બોલી, 'અરે બા, લ્યો હેમેનભાઈ અને કેથરિન પણ આવી ગયાં!'

'સુચિતા ભાભી! જરા કિચનમાંથી બહાર તો આવો અને કેથરિનને જુઓ તો ખબર પડે. અરે! આપણ બંનેને તો તેણે ક્યારના પાછળ છોડી દીધાં છે. શું હેર સ્ટાઈલ કરાવી છે? અને 'તાલ'માં ઐશ્વર્યા રાયે જે સાડી પહેરી છે, એવી આબેહૂબ સાડી કેથરિનને હેમેનભાઈએ અપાવીને તેના રૂપમાં ચાર ચાંદ લગાડી દીધા છે! કેથરિન! તું તો પ્રિન્સેસ ડાયેના જેવી લાગે છે.'

'સુધા, રાજકુંવરી છે તો રાજકુંવરી જ લાગે ને! એમાં વળી તારે અને મારે શું કહેવાનું હોય? વાત રહી બનવા-ઠનવાની તો શું કામ ન બને? આવો અવસર પાછો ક્યાં જિંદગીમાં ઘડી ઘડી આવવાનો હતો? અરે! હેમેનભાઈ તમને અને કેથરિનને ખબર નહીં હોય તો લ્યો હું તમને સરપ્રાઈઝ આપું. બા અને મિતાબહેનની ઈચ્છા છે કે ખોળો કેથરિન ભરે!' સુચિતાએ નેણ સહેજ વાંકા કરી મનની વરાળ કાઢતાં કહ્યું.

'ભાભી! તમારો પ્રેમ અને તમારી વાત સાવ સાચી છે! પણ હું તમને બધાંને એક મોટી સરપ્રાઈઝ આપું? હું પ્રેગનન્ટ છું!' કેથરિને કહ્યું.

'શું વાત છે? કોંગ્રેચ્યુલેશન ! કેથરિન!'

'ભાભી! હવે મારે આથી વિશેષ કંઈ કહેવાનું રહેતું નથી! તમે તો મારા કરતાં આપણા રીતરિવાજ વિશે વધુ જાણતા હશો કે પ્રેગનન્ટ સ્ત્રી ખોળો ભરી ન શકે!' કેથરિને ખુશી વ્યકત કરતાં જણાવ્યું.

'બા શું ઈચ્છા છે તમારી?' સુચિતાએ પૂછ્યું.

'અરે! ભાભી! એમાં વળી બાને શું પૂછવાનું? બસ, તમે તૈયાર થઈ જાઓ એટલે બધી સમસ્યાઓ પર પૂર્ણવિરામ.'

'સુધા, તું નાની વહું ઘરમાં બેઠી હો અને હું મિતાબહેનનો ખોળો ભરું તો કંઈ સારું લાગે?'

'ભાભી! તમે પણ ખરા છો! જે શોભતું હોય એ જ શોભે! બા તમે ભાભીને કહો. એટલે તેઓ તૈયાર થવા જાય!'

'સુધા, હું શું કહું? તમે બંને જ નક્કી કરો. મારે તો બેઉં આંખ સરખી.' કમળા બાએ ઠંડી પડતી ખીરમાં બદામ-પિસ્તા છાંટતાં જણાવ્યું!

બેડરૂમનું બારણું બંધ થતાં જ હેમેને કેથરિનને આશ્લેષમાં લેતાં પૂછ્યું, 'અરે! સ્વીટી, તું પ્રેગનન્ટ છો! અને આ વાત તેં મને આજ લગી ન જણાવી? જો તેં મને ખુશીના સમાચાર આ પહેલાં આપ્યા હોત, તો મેં આપણા આખા ઘરને ફૂલોથી શણગારી દીધું હોત!' આમ કહી તેણે કેથરિનના બે રતુમડા હોઠ પર એક હળવું ચુંબન દીધું.

'હેમેન, તું પણ ખરો છે! જે દિવસે ખરેખર પ્રેગનન્ટ હોઈશ તે દિવસે ખુશીના એ સમાચાર સર્વ પ્રથમ તને નહીં જણાવું, તો બીજા કોને જણાવીશ?'

'કેથરિન, તું આ શું બકે છે, તેની તને કંઈ ખબર પડે છે? હમણાં

(અનુસંધાન પેજ-6 ઉપર)

## એલાયન્સોનોમિક્સ

# યુપીમાં કરણ-અર્જુનની જોડી, ભાજપે ન તોડી...!

### ભારતના રાજકીય ફલક પર ચૂંટણીમાં આમ તો થ્રી ઇડિયટની ત્રિપુટી ઉભરી હતી...પણ...

### રાહુલ-અખિલેશની અફલાતૂન જોડી હવે સંસદમાં મચાવશે ધમાલ...

સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com

18મી લોકસભાની ચૂંટણીના પરિણામો આવ્યાં ત્યારે યુપીના પરિણામોએ ભાજપને આંચકો આપ્યો હતો. તેના કારણોમાં ત્યારબાદ અનેક રાજકીય કારણો બહાર આવ્યાં, જેમાંનું એક કારણ આપના કેજરીવાલનું એ નિવેદન છે કે પરિણામના બે મહિનામાં જ ભાજપ યુપીના સીએમપદેથી યોગીને દૂર કરી દેશે...અને તેમના નિવેદનના પગલે મતદાનના સમીકરણો બદલાયા હોવાનું કહેવાય છે.

જો કે તેમાં કેટલી સચ્ચાઇ એ તો કેજરીવાલ, યોગી અને અને ભજપને વોટ નહીં આપનારા મતદારો જાણે પણ એક જે જોવા મળ્યું તે એ હતું કે યુપીમાં કરણ-અર્જુનની જોડી એટલે કે રાહુલ અને અખિલેશની જોડીએ એવી ધમાલ મચાવીને એવી રાજકીય કમાલ કરી બતાવી કે યુપીમાં ભાજપને ધારી બેઠકો ન મળી અને 272ના બહુમતિના જાદુઇ આંકડા પર પહોંચવામાં જે બેઠકો ખૂટી તે રાહુલ-અખિલેશની જોડી લઇ ગઇ.....!! પરિણામે ભાજપને ટેકો લઇને સરકાર રચવી પડી છે.

ભારતના રાજકીય ફલક પર ચૂંટણીમાં આમ તો થ્રી ઈડિયટની ત્રિપુટી ઉભરી હતી, જેમાં એક હતા બિહારમાં તેજસ્વી યાદવ. પરંતુ તેઓ યુપીમાં અખિલેશની જેમ ભાજપની બેઠકો ઘટાડવામાં એટલા સફળ ન થયા જેટલા અખિલેશ અને રાહુલ થયાં. તેના કારણો અને તારણો સમય આવ્યો બહાર આવશે. કેમ કે તેઓ ભાજપ અને મોદીની સામે ખૂબ ગર્જ્યા હતા પણ ગર્જ્યા એટલા વરસ્યા નહીં, પરિણામે તેઓ હાલમાં હાંશિયામાં ધકેલાઇ ગયા છે. પણ કરણ અર્જુનની જોડી સંસદમાં પહોંચી ગઇ છે. રાહુલ સત્તાવાર રીતે વિપક્ષના નેતા બની ગયા છે અને અખિલેશ યાદવ પણ સંસદમાં પત્ની ડિમ્પલની સાથે સરકાર સામે પ્રહારોની ધમાલ મચાવે તો નવાઇ નહીં....

કરણઅર્જુનની જોડીએ યુપીમાં શું ધમાલ મચાવી, કમાલ કરી બતાવી તનું રાજકીય વિશ્લેષણ



જોઇએ તો, રાહુલ-અખિલેશની જોડીએ પ્રચારમાં એવા મુદ્દાઓ લઈને હલચલ મચાવી જે મતદારને સીધા સ્પર્શતા હતા. જેમ કે,

1. મોંઘવારી અને બેરોજગારીને મુદ્દો- રાહુલ ગાંધી, અખિલેશ યાદવ અને તેજસ્વી યાદવ આ ચૂંટણીમાં મોંઘવારી અને બેરોજગારીને મહત્ત્વનો મુદ્દો બનાવવામાં સફળ રહ્યા હતા. તેની અસર તેમની રેલીઓમાં જોવા મળી હતી. તેમની રેલીમાં લાખો યુવાનો એકઠા થયા હતા. તેનો ફાયદો ઉત્તર પ્રદેશમાં કોંગ્રેસ અને સપાને થયો.

2. રોકડ સહાયની ઘોષણાઓનો ફાયદોઃ રાહુલ ગાંધીએ ચૂંટણી પ્રચાર દરમિયાન કહ્યું હતું કે જો તેમની સરકાર સત્તામાં આવશે તો 30 લાખ સરકારી નોકરીઓ ભરાશે. તમને પેપર લીકથી મુક્ત કરશે. દેશની કરોડો ગરીબ મહિલાઓના બેંક ખાતામાં 8,500 રૂપિયા જમા કરવામાં આવશે. ખેડૂતોની લોન માફ કરશે અને તેમને તમામ પાક માટે લઘુત્તમ ટેકાના ભાવ (MSP) ની કાયદેસર ગેરંટી આપશે. આનો ફાયદો 'ભારત' ગઠબંધનને થયો.

3. અગ્નિવીર યોજના ખતમ કરવાની જાહેરાતઃ દેશના અને ખાસ કરીને યુપી-બિહારના એ નાના શહેરોના યુવાનોમાં અગ્નિવીર યોજનાને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે જેઓ સૈન્યમાં ભરતી થવા માંગે છે..આ વાતનો અહેસાસ થતા રાહુલ ગાંધીએ જાહેરાત કરી કે જો તેમની સરકાર સત્તામાં આવશે તો તેઓ આ યોજનાને ખતમ કરી દેશે. આનો ફાયદો 'ભારત' ગઠબંધનને થયો.

4. જ્ઞાતિની રાજનીતિ આચરવામાં સફળઃ રાહુલ અને અખિલેશના સાથે આવવાથી, કોંગ્રેસ અને સપા ઉત્તર પ્રદેશમાં જાતિની રાજનીતિ કરવામાં સફળ થયા. મુસ્લિમો અને યાદવોએ સપા અને કોંગ્રેસના ઉમેદવારોને એકતરફી મતદાન કર્યું. તે જ સમયે, માયાવતીની વોટ બેંક પણ બીએસપીથી દૂર થઈ ગઈ અને 'ભારત' ગઠબંધનના ઉમેદવારને મત આપ્યો. આનો લાભ મળ્યો.

5. રાહુલની ઈમેજનો ફાયદોઃ રાહુલ ગાંધી 'ભારત જોડો યાત્રા' અને ન્યાય યાત્રાથી પોતાની ઈમેજ બદલવામાં સફળ થયા. તેમણે તેમના લાંબા પ્રવાસ દ્વારા લોકોમાં એક સ્થાન બનાવ્યું. લોકોમાં તેમના વિશે જે નકારાત્મક ધારણા કેટલાક રાજકીય પરિબળો દ્વારા ઊભી થઈ હતી તેનો અંત આવ્યો. આનો ફાયદો રાહુલ ગાંધી અને કોંગ્રેસને પણ થયો છે.

ચૂંટણીઓ પહેલા કેટલાક ચેક્કસ મિડિયા દ્વારા કોઇના ઈશારે એવો કૂપ્રચાર ચલાવવામાંઆવ્યો હતો કે રાહુલ અને અખિલેશ વચ્ચે બેઠકેની વહેંચણીના મુદ્દે અણબનાવ, અસંતોષ,અબોલા છે અને ગઠબંધન ભાંગી પડ્યું છે. પરંતુ બેઠકોની વહેંચણીમાં કોંગ્રેસે ઉદારતા દાખવીને અખિલેશને જેટલી બેઠકો પર લડવુ હોય તે સ્વીકારીને સમગ્ર ધ્યાન રાયબરેલી અને અમેઠીની બેઠકો પર કેન્દ્રિત કર્યું અને પરિણામ એ આવ્યું કે રાહુલને ગઇ વખતે અમેઠીમાં હરાવનાર કેન્દ્રિય મંત્રી સ્મૃતિ ઈરાની આ વખતે ગાંધી પરિવારના વિશ્વાસુ એવા સામાન્ય કહી શકાય તેવા ઉમેદવારની સામે ઘર ભેગા થઇ ગયા..

રાયબરેલીમાં ભાજપ રાહુલને હરાવવામાં સફળ ન થયું. અખિલેશે મનગમતી બેઠકો મળતાં મન મૂકીને પ્રચાર કર્યો અને કોંગ્રેસે રાયબરેલી તથા અમેઠી જાળવીને યુપીમાં ફરીથી કોંગ્રેસને બેઠી કરવા કમર કસી છે, જેમાં સ્વાભાવિક રીતે જ અખિલેશનો સાથ મળશે.....કરણ-અર્જુનની જોડી હવે સંસદમાં મચાવશે ધમાલ.....

### મ્યુનિ. કોર્પો માં ફોલ્ડર પંપ- એમ.સી.સી પેનલ કોન્ટ્રાક્ટના નામે છેતરપિંડી

# શિક્ષક બન્યા છેતરપિંડીનો ભોગ

ગુજરાત | વંદન

ગુજરાતમાં છેતરપિંડીના અનેક કિસ્સાઓ પ્રકાશિત થયા છે. ભેજાબાજો દ્વારા અનેક પ્રકારે લોકોને બાટલીમાં ઉતારીને છેતરપિંડી કરી રહ્યાના બનાવો બની રહ્યા છે. ત્યારે આવો જ એક કિસ્સો અમદાવાદમાં બન્યો છે. જેમાં એક શિક્ષક સાથે છેતરપિંડી થઈ હોવાની ફરિયાદ નોંધાઈ છે.




ગુજરાતમાં વધુ એક છેતરપિંડીનો મામલો સામે આવ્યો છે. જેમાં અમદાવાદના શિક્ષક છેતરપિંડીનો ભોગ બન્યા છે.પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ સાબરકાંઠાના અને હાલ અમદાવાદમાં શિક્ષકની નોકરી કરતા મિતેશકુમારે પોતાની સાથે છેતરપિંડી થયાની ફરિયાદ નોંધાવી છે. તેમણે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફોલ્ડર પંપ તથા એમ.સી.સી પેનલ અને તેના હેડનું રીપેરીંગ તેમજ મેન્ટનન્સના કોન્ટ્રાક્ટ આપવાના બહાને છેતરપિંડી થઈ હોવાની ફરિયાદ નોંધાવી છે.

મળતી માહિતી મુજબ ફરિયાદી મિતેશકુમારનો વર્ષ 2021 આરોપી સુમિતકુમાર સાથે પરિચય થયો હતો. જેણે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ઓળખાણ હોવાનું કહીને રીપેરીંગ અને મેન્ટેનન્સનો કોન્ટ્રાક્ટ અપાવવા બાબતે વાતચીત કરી લાલચ આપી હતી. જેના વિશ્વાસમાં આવીને મિતેશકુમારે સુમિતકુમારને જૂદી-જૂદી રીતે એક કરોડથી વધુની રકમ આપી હતી. આ પછી સુમિતકુમારે કોન્ટ્રાક્ટ મળી ગયાનું કહીને ખોટો લેટર આપી વેરલ ઉર્ફે વિરલ દોશીના નામનો 16 કરોડનો ચેક મિતેશકુમારને આપ્યો હતો. જો કે આ ચેક મિતેશકુમારે બેન્કમાં ડિપોઝીટ કરતા રિટર્ન થયો હતો.

આ પછી અનેકવાર પોતાના રકમની માંગણીઓ કરતા ફરીવાર સુમિતકુમારે વિષ્ણુ પટેલ નામના બે ચેક આપીને મિતેશકુમારને વિશ્વાસમાં લીધા હતા. તેમણે વિષ્ણુ પટેલને પોતાનો ભાગીદાર હોવાનું મિતેશકુમારને કહ્યું હતું. જોકે મિતેશકુમારે પોતાના રૂપિયા પાછા ન મળતા આખરે આર્થિક ગુના નિવારણ શાખામાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. જેના આધારે પોલીસે ગૌતમ પટેલની ધરપકડ કરી છે.

# ભાજપની પ્રદેશ કારોબારી બેઠક સાળંગપુર ખાતે મળશે

### સંગઠન પર્વને આખરી ઓપ અપાશે

ગુજરાત | વંદન

લોકસભાની ચૂંટણી બાદ હવે ગુજરાતમાં નવા અધ્યક્ષ માટેની તૈયારી શરૂ થઈ ચૂકી છે. આ દરમિયાન હવે રાજ્યની કારોબારી બેઠકને લઈ મહત્વની વિગત સામે આવી છે. જરાત ભાજપની કારોબારી બેઠક 4થી 5 જુલાઈના રોજ સાળંગપુર ખાતે યોજાશે. આ બેઠકમાં કેન્દ્રીયમંત્રી પિયુષ ગોયલ, ગુજરાત ભાજપના સંગઠન પ્રભારી સુધીર ગુપ્તા, પ્રદેશ અધ્યક્ષ સી આર પાટિલ, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહિતના કારોબારીના સભ્યો હાજર રહેશે.ગુજરાત ભાજપના નવા અધ્યક્ષને લઈને ચર્ચાઓ શરૂ થઈ ચૂકી છે. સી આર પાટિલનો કાર્યકાળ પૂર્ણ થઈ ચૂક્યો છે. આ સાથે તેને મોદી સરકારની કેબિનેટમાં પણ સ્થાન આપવામાં આવ્યું છે. બીજી તરફ ભૂપેન્દ્ર પટેલ સરકારમાં પણ મંત્રીમંડળનું વિસ્તરણ કરવાની ચર્ચાઓએ વેગ પકડ્યો છે. આ દરમિયાન આગામી ચાર-પાંચ જુલાઈ ના રોજ બોટાદના સાળંગપુરમાં ખાતે ભાજપની મળશે પ્રદેશ કારોબારી બેઠક. આ બેઠકમાં રાજ્ય ભાજપના સંગઠન પર્વ ના આયોજનને આખરી ઓપ અપાશે. ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ પાટીલની અધ્યક્ષતામાં અને કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલની ઉપસ્થિતિમાં યોજાનાર પ્રદેશ કારોબારીમાં રાજકી ઠરાવ ઉપરાંત લોકસભાની ચૂંટણીના પરિણામોનુ વિશ્લેષણ કરવામાં આવશે. ચૂંટણીમાં થયેલ વિવાદ તેમજ જેમાં પાંચ લાખની લીડ કેમ ના મેળવી શકાઈ તેના પર મંથન કરવામાં આવી શકે છે.

### 60 કરોડ લિટર પાણી પશ્ચિમ અને પૂર્વના અંદાજે 32 લાખ લોકોને મળશે

# મ્યુનિ.ના નવા વિસ્તારો માટે કોતરપુર-જાસપુરમાં વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનશે

ગુજરાત | વંદન

અમદાવાદની વસતીને ધ્યાનમાં રાખી તેમજ મ્યુનિ.માં નવા ઉમેરેલા વિસ્તારો બોપલ, ઘુમા, શેલા, ચાંદખેડા, મોટેરા, ત્રાગડ સહિતના વિસ્તારોને પીવાનું પાણી મળી રહે તે માટે કોતરપુર ખાતે 400 એમએલડી અને જાસપુર વોટર વર્કસ ખાતે 200 એમએલડીનો નવો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવાશે. આ બંને પ્લાન્ટ બની ગયા પછી 60 કરોડ લિટર વધુ પાણી મળશે. જેનાથી પશ્ચિમ અને પૂર્વના અંદાજે 32 લાખ લોકોને ફાયદો થશે. આ સાથે જ કોતરપુર ખાતે 40 એમએલડી ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ પ્લાન્ટ બનાવાશે.

પાણીના સપ્લાય માટે કોતરપુર વોટર વર્ક્સની 1150, જાસપુર વોટર વર્ક્સની 400 અને રાસ્કા વોટર વર્ક્સની 200 એમએલડીની ક્ષમતા છે. આમ ત્રણેય વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની કુલ 1750 એમએલડીની ક્ષમતા છે. જ્યારે તેની સામે 1640 એમએલડી પાણીનો વપરાશ થાય છે. 600 એમએલડીના બે નવા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું કામ ચાલી રહ્યું છે. જે પૂરું થયા પછી પાણીની કુલ દૈનિક ક્ષમતા 2350 એમએલડીની થઈ જશે. અધિકારીએ જણાવ્યું કે, જાસપુર ખાતેના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું કામ 70 ટકા જેટલું પૂરુ થઈ ચૂક્યુ છે. જાસપુર ખાતેના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું કામ પૂરુ થયા પછી અંદાજે 10 લાખ જેટલા લોકોને ફાયદો થશે.

હાલમાં કોતરપુર ખાતે 1150 એમએલડી ક્ષમતાનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યરત છે. આ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ દ્વારા ટ્રીટમેન્ટ કરતી વખતે ફિલ્ટર બેકવોશ તથા અન્ય કામગીરી દરમિયાન 40 એમએલડી એટલે કે 4 કરોડ લિટર પાણીના જથ્થાનો ઉપયોગ થાય છે. જ્યારે હાલમાં 160થી 180 લિટર માથાદીઠ પાણી પૂરુ પાડવામાં આવે છે. તેના હિસાબે અંદાજે 2.20 લાખ જેટલા લોકોને પૂરું પાડી શકાય તેટલું પાણી નદીમાં વહાવી દેવામાં આવે છે. આ પાણીનો વ્યય ના થાય તેના માટે કોતરપુર ખાતે 45 એમેલડીનો ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ પ્લાન્ટ બનાવવામાં આવી રહ્યો છે. જેમાં પાણીને રિસાઈકલ કરી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ટ્રીટ કરી સપ્લાય કરી શકાશે.

## સાપ્તાહિક રાશિફળ



પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ)
અનુભવી લોકોને મળવાની તક મળશે. તમારી વિચારવાની શૈલી અને દિનચર્યામાં પણ સકારાત્મક પરિવર્તન આવશે. કોઈપણ સામાજિક પ્રવૃત્તિમાં તમારા યોગદાન અને કાર્યની પ્રશંસા કરવામાં આવશે. તમારા લક્ષ્ય તરફ ધ્યાન કેન્દ્રિત કરો.

**વૃષભ** (બ.વ.ઉ)
આ સપ્તાહ ખાસ કરીને મહિલાઓ માટે સિદ્ધિઓનું છે. ઘણી નવી માહિતી અને અનુભવો પણ જાણવા મળશે. અટકેલા કામને ગતિ મળશે. કોઈ પોલિસી કે પ્રોપર્ટી વગેરેમાં રોકાણ કરવું યોગ્ય રહેશે. નજીકના વ્યક્તિથી સંબંધિત કોઈ અશુભ માહિતી મળવાથી મન થોડું ઉદાસ રહેશે.

**મિથુન** (ક.છ.ઘ)
આ સપ્તાહે દેશ-વિદેશની માહિતી પર પણ ધ્યાન આપો. તમને કોઈ સારા સમાચાર મળશે, જે ભવિષ્યમાં ફાયદાકારક સાબિત થશે.આ સમયે તમારા વ્યવહારમાં અહંકારને આવવા ન દો. વધુ પડતા આત્મવિશ્વાસને કારણે તમે કેટલાક ખોટા નિર્ણયો પણ લઈ શકો છો.

**કર્ક** (ડ.હ)
કોઈ ખાસ હેતુ માટે પ્રવાસ સંબંધિત કાર્યક્રમ બની શકે છે. અને આ યાત્રા સુખદ પરિણામ પણ આપશે. ઘરે નજીકના સંબંધીઓનું આગમન થશે અને ઘરમાં સકારાત્મક ઉર્જા રહેશે. ઘરના વડીલોનો સ્નેહ અને આશીર્વાદ અવશ્ય લો અને તેમનું સન્માન જાળવી રાખો.

**સિંહ** (મ.ટ)
પરિવારના વરિષ્ઠ સભ્યોના સહયોગ અને માર્ગદર્શનથી તમે કોઈ ખાસ નિર્ણય લેવામાં આરામદાયક અનુભવ કરશો. કોઈપણ મુદ્દાનો ઉકેલ વાતચીત દ્વારા જ મળશે. તમને તમારા બાળકો તરફથી પણ કોઈ સારા સમાચાર મળી શકે છે. આળસને તમારા પર હાવી ન થવા દો.

**કન્યા** (પ.ઠ.ણ)
સામાજિક વર્તુળ વિસ્તરશે. તમારી કોઈ મિલકત અથવા પેન્ડિંગ કામનો ઉકેલ આવી શકે છે. સમાજ સાથે સંબંધિત કોઈપણ વિવાદિત મામલામાં તમારો પ્રસ્તાવ નિર્ણાયક સાબિત થશે અને તમારો આત્મવિશ્વાસ પણ વધશે. તમારી વસ્તુઓનું જાતે જ ધ્યાન રાખો, બિલકુલ બેદરકાર ન રહો.

**તુલા** (ર.ત)
તમે અનુભવી અને ખાસ લોકોના સંગતમાં રહેશો અને ઘણા વિશેષ વિષયો પર ચર્ચા થશે. કોઈ વિશેષ કાર્ય સરળતાથી પૂર્ણ થશે તો મનમાં શાંતિ રહેશે. સામાજિક અથવા સમાજ સંબંધિત પ્રવૃત્તિઓમાં પણ તમારું વિશેષ યોગદાન રહેશે. તમારા ભાઈ-બહેનો સાથે સૌહાર્દપૂર્ણ સંબંધો જાળવો.

**વૃશ્ચિક** (ન.ય)
તમે ઘરની સુખ-સુવિધાઓ સંબંધિત પ્રવૃત્તિઓમાં પરિવારના સભ્યો સાથે આનંદપૂર્વક સમય પસાર કરશો. તમારા કોઈપણ કાર્યને નવો દેખાવ આપવા માટે તમે રચનાત્મક પ્રવૃત્તિઓનો આશરો લેશો. જેમાં તમને યોગ્ય સફળતા પણ મળશે. તમે સામાજિક કાર્યોમાં સહયોગ કરશો.

**ધન** (ભ.ધ.ફ)
પરિવારના સભ્યો વચ્ચે તમારી હાજરી કોઈ ખાસ સમસ્યાનું નિરાકરણ લાવી શકે છે. રોજિંદા કાર્યો સરળતાથી પૂર્ણ કરવાનો પ્રયાસ કરશો. મહેમાનોના આવવાથી ઘરમાં આનંદનું વાતાવરણ રહેશે અને ખાસ મુદ્દાઓ પર વાતચીત પણ થશે. આળસને તમારા પર હાવી ન થવા દો.

**મકર** (ખ.જ)
આ અઠવાડિએ તમારા પર કેટલીક નવી જવાબદારીઓ આવશે અને કામનો બોજ ઘણો રહેશે, તેથી આરામ અને આનંદની જગ્યાએ કામ પર ધ્યાન આપો. કારણ કે જલ્દી જ તમને શુભ ફળ મળશે. દેખાડો કરવાની વૃત્તિથી બચો અને તમારી યોજનાઓ કોઈની સાથે શેર ન કરો.

**કુંભ** (ગ.સ.શ.ષ)
તમે જે લક્ષ્ય નક્કી કર્યું છે તેના પર કામ કરવા માટે આજનો શ્રેષ્ઠ સમય છે. બાળકને પણ કોઈ સિદ્ધિ મળે તો ઘરમાં આનંદનું વાતાવરણ રહેશે. કોઈ ધાર્મિક પ્રસંગ સંબંધિત કાર્યક્રમ પણ બની શકે છે. તમારી અંદર પરિપક્વતા લાવો અને ઉતાવળ અને લાગણીમાં આવીને કોઈ નિર્ણય ન લો.

**મીન** (દ.ચ.ઝ)
ઘરમાં કોઈ ધાર્મિક કાર્ય સંબંધિત કાર્યો થશે. જેના કારણે તમે સકારાત્મક ઉર્જાનો અનુભવ કરશો. ઘરના વડીલોના આશીર્વાદ અને સહયોગ તમારા માટે સારા નસીબનું કારણ બનશે. પરિવારના કોઈ સભ્ય સાથે વૈવાહિક સંબંધની વાત પણ થઈ શકે છે. વધુ પડતો આત્મવિશ્વાસ પણ તમારા માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે. સરળતા અને ધૈર્યથી કામ કરવાથી કાર્ય યોગ્ય રીતે પૂર્ણ થશે. સંતાનોના કારણે થોડી ચિંતા રહેશે.

### સરકારી યોજનાનો લાભ લેવા વાલીઓને પરેશાની


# આવકના દાખલા સરકારી કચેરીમાં નહીં ઝેરોક્ષની દુકાને મળે છે ???

ગુજરાત | વંદન

અમદાવાદના પૂર્વ વિસ્તાર વટવાના ચાવડીમાં એજન્ટ રાજ ચાલતો હોવાનો આક્ષેપ થયો છે. અહીં આવકના દાખલાનું ફોર્મ સરકારી કચેરીના બદલે કચેરીના 50 મીટરના અંતરમાં આવેલી એક ઝેરોક્ષની દુકાને મળી રહ્યું હોવાનું ચર્ચાય છે.

રાજ્યમાં ધોરણ 9થી 12ના વિદ્યાર્થીઓ માટે સરકારે તાજેતરમાં નમો લક્ષ્મી યોજના બહાર પાડી છે. જેનો લાભ લેવા માટે આવકના દાખલાની જરૂર પડે છે. જેથી સરકારી કચેરીઓમાં આવકનો દાખલો કઢાવવા માટે ભીડ જોવા મળી રહી છે.

આ તમામ વચ્ચે અમદાવાદની






સરકારી કચેરીઓમાં દલાલ સક્રિય થયા હોવાનું મનાય છે. અમદાવાદના પૂર્વ વિસ્તાર વટવાના ચાવડીમાં આવકના દાખલાનું ફોર્મ સરકારી કચેરીના બદલે કચેરીના 50 મીટરના અંતરમાં આવેલી ઝરોક્ષની દુકાને મળી રહ્યું છે. દલાલો આ દાખલાનું ફોર્મ 20 રૂપિયામાં આપે છે. સાથે ફોર્મ ભરવા માટે અરજદાર પાસેથી વધારાના રૂપિયા પણ ખંખેરે છે.

સરકારી કચેરીમાંથી પણ ઝેરોક્ષની દુકાનેથી દાખલાનું ફોર્મ લેવાની ફરજ પાડવામાં આવે છે. જેથી કચેરીમાં બેસતા અધિકારી અને દલાલો વચ્ચે સાંઠગાંઠ હોવાની પણ શક્યતા સેવાઈ રહી છે. આમ વટવા ચાવડીમાં દાખલો સરકારી કચેરીમાં મળે, ફોટો સરકારી કચેરીમાં પડે, ચકાસણી અને સહી પણ સરકારી કચેરીમાં થાય, પરંતુ ફોર્મ લેવા અને ભરવાની પ્રક્રિયા બહાર રૂપિયા આપીને થઈ રહી છે. એટલે કે અડધી કચેરી બહાર ચાલે છે.

# AMCના કર્મચારીઓને હવે મળશે નવી પેન્શન સ્કીમનો લાભ

ગુજરાત | વંદન

ગુજરાતના સરકારી કર્મચારીઓની માફક અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને પણ નવી પેન્શન સ્કીમ અમલી બનાવી છે. AMCના કર્મચારીઓને નવી પેન્શન સ્કીમનો લાભ આપવાનો સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં નિર્ણય કરાયો છે.



AMCના 15 હજાર કર્મચારીઓને નવી પેન્શન સ્કીમનો લાભ મળશે. જેના કારણે AMCને વાર્ષિક 24 કરોડ રૂપિયાનો બોજો પડશે. કર્મચારીના 10 ટકાના ફાળા સામે AMC 14% ફાળો જમા કરાવશે. AMCએ નવી પેન્શન સ્કીમ અમલી બનાવવા રાજ્ય સરકારના નાણા વિભાગની મંજૂરી માટે દરખાસ્ત મોકલી છે.

રાજ્ય સરકારની મંજૂરી મળ્યા બાદ AMCના કર્મચારીઓને નવી પેન્શન સ્કીમનો લાભ મળશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને 24 કરોડ રૂપિયાનો બોજો પડશે આમ કર્મચારીના 10 ટકાના ફાળા સામે સંસ્થાના 14% ફાળો જેમાં કરવામાં આવશે. આ માટે રાજ્ય સરકારના નાંણા વિભાગમાં મંજૂરી લેવા માટે પણ મોકલવામાં આવ્યું છે. રાજ્ય સરકારની મંજૂરી મેળવ્યા બાદ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના 15000 જેટલા કર્મચારીઓને નવી પેન્શન સ્કીમનો લાભ પ્રાપ્ત થશે.

# શાળા પ્રવેશોત્સવની પૂર્ણાહુતિ, મુખ્યમંત્રીએ સુરેન્દ્રનગરમાં બાળકોને પ્રવેશ અપાવ્યો

### મંત્રીઓ સહિત ૩૬૭ ઉચ્ચ અધિકારીઓ જોડાયા

ગુજરાત | વંદન

સુરેન્દ્રનગરના થાન તાલુકાના સરોડી ગામની પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખાસ હાજરી આપી હતી.. અહીં પ્રાથમિક શાળામાં બાલવાટિકામાં અને ધોરણ-1ના બાળકોને પ્રવેશ અપાયો હતો



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં 26મીથી 28મી જૂનના 3 દિવસ દરમિયાન શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો. ‘ઉજવણી ઉલ્લાસમય શિક્ષણ’ના વિષય સાથે યોજાયેલા આ શાળા પ્રવેશોત્સવ અંતર્ગત મુખ્યમંત્રીએ 26મીના પ્રથમ દિવસે વનવાસી ડાંગ જિલ્લાના સરહદી ગામ બિલિઆંબાની શાળામાં બાળકોનું શાળા નામાંકન કરાવ્યુ હતું.

27મી જૂને એટલે કે પ્રવેશોત્સવના બીજા દિવસે મુખ્યમંત્રી છોટાઉદેપુર તાલુકામાં હતા. જયારે આજે એટલે કે 28 તારીખે શાળા પ્રવેશોત્સવના અંતિમ દિવસે સુરેન્દ્રનગર જિલ્લાના થાન તાલુકામાં શાળા પ્રવેશોત્સવમાં સહભાગી થયા. વિધાનસભા અધ્યક્ષ સહિત રાજ્યના મંત્રીઓ, IAS, IPS, IFS સહિત ૩૬૭ ઉચ્ચ અધિકારીઓએ વિવિધ સ્થળોએ ઉપસ્થિત રહી બાળકોનો શાળા પ્રવેશ કરાવ્યો હતો.

# પુષ્પા સ્ટાઈલમાં લાકડા ચોરીના નેટવર્કનો થયો પર્દાફાશ....

### લાકડા ચોરો છેલ્લાં ચાર વર્ષથી ખેરનું લાકડું માંડવીના જંગલોમાં ચોરતા હતા...



ગુજરાત | વંદન

સુરત જિલ્લા વન વિભાગે લાકડા ચોરીના મોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. સુરત જિલ્લાના માંડવી ઉપરાંત નવસારી, ડાંગ અને વલસાડના જંગલોમાંથી ખેરના લાકડાની ચોરી કરી મધ્યપ્રદેશમાં મોકલાતા હતા. સુરત વન વિભાગે ખેરના લાકડાની ચોરીના રેકેટનો પર્દાફાશ કર્યો છે, પરંતુ આ લાકડું કોને સપ્લાય થતું હતું તે દિશામાં તપાસ થાય તો રેલો મોટી ગુટકા કંપનીઓ સુધી પહોંચી શકે છે. કારણ કે ખેરના લાકડામાંથી પાનમાં ખવાતો કાથો બને છે.

સુરત વન વિભાગે ગઈ તા. 14 જૂનના રોજ એક ખેરના લાકડા ભરેલી ટ્રક ઝડપી હતી. જેનું પગેરું છેક એમપી સુધી જતા માંડવી વન વિભાગ ટીમ મધ્યપ્રદેશ પહોંચી હતી. જ્યાં અલી રાજપુર નજીક ડેપોમાં સંતાડેલા લાકડા મળી આવ્યા હતા. વન વિભાગે રાજપુર નજીકના તે ડેપોમાંથી 5 કરોડનો મુદ્દામાલ જપ્ત કરી ડેપો મેનેજર આરીફ અલી અમજદ અલીની ધરપકડ કરી હતી. આ સાથે જ વન વિભાગે રાષ્ટ્રીય સ્તરના ખેરના લાકડા ચોરીના રેકેટનો પર્દાફાશ કર્યો છે.

સુરત જિલ્લાના આદિવાસી વિસ્તાર ગણાતા માંડવી પંથકમાં મોટો જંગલી વિસ્તાર આવેલો છે. અહીં છેલ્લા ઘણા સમયથી પુષ્પા સ્ટાઈલમાં લાકડા ચોરીનું નેટવર્ક ચાલી રહ્યું હતું. જોકે આ વખતે માંડવી દક્ષિણ રેન્જ વન વિભાગની ટીમે એક મોટા લાકડા ચોરીનો પર્દાફાશ કર્યો હતો.પુષ્પા ફિલ્મની જેમ જંગલ વિસ્તારમાંથી લાકડા ચોરી કરી ટ્રક મારફત અન્ય રાજ્યોમાં મોકલતા લાકડા ચોરોને ગઈ તા. 14 મી જૂનના રોજ માંડવી દક્ષિણ રેન્જ વન વિભાગની ટીમે માંડવી દક્ષિણ રેંજના જંગલ વિસ્તારમાંથી ઝડપી પાડ્યા હતા.

# વાપી રેલવે સ્ટેશન નજીક મોટો ટ્રેન અકસ્માત ટળ્યો

ગુજરાત | વંદન

વાપી રેલવે સ્ટેશન નજીક મોટો ટ્રેન અકસ્માત ટળ્યો છે. વાપી રેલવે સ્ટેશનની નજીક કોઈ અસામાજિક તત્વોએ રેલવે ટ્રેક પર સિમેન્ટનો પોલ ફેંક્યો હતો. જો આ ટ્રેક પરથી કોઈ ટ્રેન પસાર થાય તો તે પાટા પરથી ઉથલી પડે તેવી શક્યતા હતા. જોકે, ટ્રેન ટ્રેક પરથી પસાર થાય તે પહેલાં રેલવે કર્મચારીની સિમેન્ટના પોલ પર નજર પડી હતી. તેથી ટ્રેનને અટકાવી દેવાઈ હતી, જેના પગલે મોટી હોનારત ટળી હતી.

રેલવે પોલીસે આ ગંભીર મામલે તપાસ આદરી છે. રેલવેના ડીઆરએમે ઘટના અંગે કહ્યું કે, ગંભીર કૃત્ય કરનારાને પકડવામાં આવશે અને પોલીસને સઘન પેટ્રોલિંગ કરવા સૂચના આપી છે.

પ્રાપ્ત માહિતિ અનુસાર વાપીના જુના જકાતનાકા નજીક રેલવે ટ્રેક પર મંગળવારે રાત્રે અસામાજિક તત્વોએ ટ્રેક પર સિમેન્ટનો પોલ મુકી દીધો હતો. આ સિમેન્ટના પોલ પર રેલવે કર્મચારીને નજર પડી હતી. કર્મચારીએ તરત જ ઉપરી અધિકારીને આ અંગે જાણ કરી હતી. અધિકારીઓએ તાત્કાલિક તે ટ્રેક પરથી દોડતી ટ્રેનને થોભાવી દઈ સિમેન્ટનો પોલ હટાવવાની કામગીરી હાથ ધરી હતી.

## શબ્દોની સંતાકૂકડી 119

ગુજરાત વંદન
gujaratvandan.com

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | | ■ | 3 | 4 | |
| 5 | | ■ | 6 | | | ■ |
| | ■ | 7 | | | ■ | 8 |
| ■ | 9 | | | ■ | 10 | |
| 11 | | | ■ | 12 | | |
| 13 | | ■ | 14 | | | ■ |
| | ■ | 15 | | | ■ | 16 |

**ઊભી ચાવી**

(1) હેતુ, ઉદ્દેશ [3]
(2) એક સંખ્યા [2]
(3) આપત્તિ, આપદા, સંકટ [3]
(4) બંદૂક [2]
(6) મહારાણા પ્રતાપના ઘોડાનું નામ [3]
(7) ગાજમાં પરોવવામાં આવે [3]
(8) મિસરી [3]
(9) સોનું [3]
(10) સેવક, ચાકર, દાસ [3]
(11) ભમરી, ઘૂમરી [3]
(12) તક, અવસર [3]
(14) કલમનો કાપ [2]

**આડી ચાવી**

(1) કમળ આમાં ખીલે [3]
(3) બીના, બાબત [3]
(5) ફળમાંથી નીકળે [2]
(6) સજીવ, જીવનશક્તિ [3]
(7) જમીન અને પાણી પર ચાલી શકે તેવું એક પક્ષી [3]
(9) કાંટો, ફાંસ [3]
(10) હથિયારની અણી, અંગ્રેજીમાં ખટખટાવવું [2]
(11) કથન, ઉક્તિ, વેણ, બોલ [3]
(12) ચિંતા [3]
(13) ગુજરાતીમાં કહેવાય છે કે ...... મોટું રાખવું જોઈએ [2]
(14) વાયદો, કબૂલાત, ઠરાવ [3]
(15) નવાઈ, અજાયબી [3]
(16) ગંધ, વાસ [1]

**શબ્દોની સંતાકૂકડી-119નો ઉકેલ**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| [illegible] | [illegible] | [illegible] | ■ | [illegible] | [illegible] | [illegible] |
| [illegible] | [illegible] | ■ | [illegible] | [illegible] | [illegible] | ■ |
| [illegible] | ■ | [illegible] | [illegible] | [illegible] | ■ | [illegible] |
| ■ | [illegible] | [illegible] | [illegible] | ■ | [illegible] | [illegible] |
| [illegible] | [illegible] | [illegible] | ■ | [illegible] | [illegible] | [illegible] |
| [illegible] | [illegible] | ■ | [illegible] | [illegible] | [illegible] | ■ |
| [illegible] | ■ | [illegible] | [illegible] | [illegible] | ■ | [illegible] |

## સુડોકુ કોયડો નં. 120

ગુજરાત વંદન
gujaratvandan.com

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | | | | 7 | 2 | | | |
| 4 | | | 5 | 1 | | | 7 | |
| | | 7 | 8 | | | | | 5 |
| 6 | 2 | | | | | | | 4 |
| | | 5 | 4 | 6 | | | | |
| | | 3 | | | | 1 | 8 | |
| | 5 | | | 3 | | | 2 | 9 |
| 9 | | | 6 | 5 | | | 3 | |
| | | 4 | 2 | | | | | 1 |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

**સુડોકુ-120નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 6 | 1 | 3 | 7 | 2 | 9 | 4 | 8 |
| 4 | 9 | 8 | 5 | 1 | 6 | 2 | 7 | 3 |
| 2 | 3 | 7 | 8 | 4 | 9 | 6 | 1 | 5 |
| 6 | 2 | 9 | 7 | 8 | 1 | 3 | 5 | 4 |
| 1 | 8 | 5 | 4 | 6 | 3 | 7 | 9 | 2 |
| 7 | 4 | 3 | 9 | 2 | 5 | 1 | 8 | 6 |
| 8 | 5 | 6 | 1 | 3 | 7 | 4 | 2 | 9 |
| 9 | 1 | 2 | 6 | 5 | 4 | 8 | 3 | 7 |
| 3 | 7 | 4 | 2 | 9 | 8 | 5 | 6 | 1 |

### ગુરૂકુળ વિસ્તારમાં પૂર્વ કચ્છ પોલીસ દ્વારા આયોજન કરવામાં આવ્યું

## વ્યાજખોરોના દૂષણમાંથી મુક્તિ અપાવવા નાણાકીય સંસ્થા સાથે મળીને લોકસંવાદ કાર્યક્રમનું આયોજન

ગુજરાત | વંદન

પૂર્વ કચ્છ પોલીસ આપની સાથે આપના માટે તથા પ્રજાભિમુખ સંકલન સાથે વ્યાજખોરોના દૂષણમાંથી મુક્તિ તથા બેંકો અને નાણાકીય સંસ્થાઓ સાથે સંકલન કરી લોકસંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પૂર્વ કચ્છના અનેક લોકો ઉપસ્થિત રહ્યા હતા. શહેરના ગુરુકુળ વિસ્તારમાં દીનદયાળ હોલ ખાતે પૂર્વ કચ્છ પોલીસ દ્વારા લોકસંવાદ અને લોન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં વર્ષ 2023માં આવા આયોજન થકી 176 જેટલા લોકોને 1.47 કરોડની લોન પોલીસ દ્વારા આપવામાં આવી હોવાની માહિતી આપવામાં આવી હતી. રાપરના પ્રીતિબેનએ વ્યાજખોરીના ત્રાસ અંગે ફરિયાદ લખાવી હોવાનું તથા અંજારના રાજેશભાઈએ ત્રણ-ચાર દિવસ અગાઉ વ્યાજખોરો અંગે અરજી કરી છે પરંતુ ફરિયાદ ન નોંધાઈ હોવાની રજૂઆત કરી હતી. અંજારના એક યુવાન અને તેમના બહેને વ્યાજખોરો ત્રાસ આપતા હોવાનું અને દાગીના લઈ ગયા હોવાની રજૂઆત કરી હતી. ચાવલા ચોક ગાંધીધામના ફળ વેચતા વૃદ્ધએ પોતાની ઉપર વ્યાજખોરએ ફરિયાદ કરી હોવાની રજૂઆત કરી હતી.

ભચાઉ તાલુકાના વોંધ ગામની એક વ્યક્તિએ વ્યાજખોરો ત્રાસ આપતા હોવાની ફરિયાદ કરી હતી. મુંદરા તરફના અકબરભાઈએ પોતે અંજારના રીયાબેન પાસે પૈસા લીધા હતા જે ચૂકવી દીધા બાદ બાઈક, મોબાઈલ, કોરા ચેક લઈ લેવાયા હતા. પોતે આપઘાતનો પ્રયાસ કર્યો હતો. અંજાર પોલીસ મથકે




12 મહિના અગાઉ અરજી કરી છે, પરંતુ તેનો નિવેડો ન આવ્યો હોવાની રજૂઆત કરી હતી. અંજારના અમરતભાઈ મારવાડાએ પણ આ મહિલા પાસેથી પૈસા લીધા હતા જે માટે તેમનું મોપેડ રાખી લેવામાં આવ્યું છે. કોર્ટનો આદેશ હોવા છતાં તેમનું મોપેડ ન મળતું હોવાની રજૂઆત તેમણે કરી હતી.

આ તમામ અરજદારોને પોતાનું નામ વગેરે વિગતો નોંધાવવા અને જે-તે પોલીસ મથકો સંપર્ક કરવા પોલીસવડાએ જણાવ્યું હતું. ભારતનગર ગાંધીધામના રશ્મિબેન આહીરે પોતાની ગાડી વ્યાજખોરોએ વેચી નાખી છે જે અંગે એ-ડિવિઝન પોલીસ મથકે લેખિત રજૂઆત કરી હોવા છતાં કોઈ કાર્યવાહી ન થઈ હોવાની ફરિયાદ કરી હતી. આ પ્રસંગે અહીં આવેલા જુદી જુદી બેંકના પ્રતિનિધિઓએ બેંકની જુદી જુદી લોન અંગે લોકોને માહિતી આપી હતી. આ વેળાએ પોલીસવડા સાગર બાગમારએ પૂર્વ કચ્છ પોલીસ દ્વારા બીજી વખત આવું આયોજન કરાયું હોવાની વાત કરી હતી.

અગાઉ પણ નિયમ, ધારાધોરણ મુજબ લોકોને લોન આપવામાં આવી હતી. જાગૃતિના અભાવે કે સંકોચમાં લોકો બેંકમાં જતા નથી અને વ્યાજખોરોની ચુંગાલમાં ફસાય છે. બાદમાં આપઘાત સહિતના અનિચ્છનિય પગલાં ભરી લેતા હોય છે. આવું ન થાય તે માટે પોલીસે પ્લેટફોર્મ પૂરૂં પાડ્યું છે. અગાઉ પોલીસ થકી લોકોએ લોન લીધી હતી તે તમામ લોકોએ સમયસર લોનની ચૂકવણી કરી છે. હજુ પણ કોઈ વ્યાજખોરોનો ત્રાસ હોય તો નિશ્ચિંતપણે પોલીસનો સંપર્ક કરવા તેમણે જણાવ્યું હતું.

## નાગરિક બેંકના લોનખાતાના કથિત કૌભાંડનો મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો

### તો મોટી હસ્તીઓને પણ જેલની સજા ભોગવવાનો વારો આવી શકે

ગુજરાત | વંદન




આગામી દિવસોમાં સહકારી બેન્કીંગ ક્ષેત્રે મોટી નવાજૂનીના એંધાણ દર્શાય રહ્યા છે. છેલ્લા 20 મહીનાથી પોતાની નોકરીને દાવ પર લગાડનાર તેમજ જેમને સુપ્રિમ કોર્ટે પણ વ્હીસલ બ્લોઅર કીધા છે તેવા નાગરિક બેંકના ગેરકાયદેસર રીતે ટર્મીનેટ થયેલા સ્લીપેજ રીકવરીના મેનેજર વિબોધ દોશીએ ગુજરાત હાઈકોર્ટમાં પીટીશન ફાઈલ કરેલ છે. રાજકોટ નાગરિક બેંકની મુંબઈમાં આવેલી કાલબાદેવી બ્રાંચમાં 25 ફ્રોડ લોન ખાતાઓ તેમજ જુનાગઢ બ્રાંચના 35 ફ્રોડ લોન ખાતાઓ અંગે પોતાની નોકરીની ફરજના ભાગ રૂપે અને માતૃ સંસ્થા પ્રત્યેની અઠંગ નિષ્ઠા દર્શાવીને વિબોધ દોશી બેંકમાં અપાયેલી 60 ફ્રોડ લોન કે જે પબ્લીક મની ના કરોડો રૂપિયા ખોટા થઈ ગયા છે તેની સામે વ્હસલ બ્લોઅર તરીકે સંઘર્ષ કરી રહ્યા છે.

આથી વિબોધ દોશી સુપ્રિમ કોર્ટમાં ગયેલ અને ત્યાંથી સ્ટે મેળવીને બેંકમાં ચાર મહીના નોકરી કરવામાં સફળ થયેલ. બેંક દ્વારા એડવોકેટ હરીષ સાલ્વેને દોશી સામે રોકેલ, પબ્લીક મનીના લાખો રૂપિયાની ફી સ્વભાવિક રીતે બેંકે સાલ્વેને એટલા માટે ચુકવી કે આ લોનના ફ્રોડ જો સુપ્રિમમા બહાર આવે તો બેંક મેનેજમેન્ટ ની મોટી હસ્તીઓને પણ જેલની સજા ભોગવવાનો વારો આવી શકે. તા.22-4-2024 ના સુપ્રિમ કોર્ટે ટર્મીનેશન સામેનો સ્ટે કાઢી નાખેલ પરંતુ વિબોધ દોશી વ્હીસલ બ્લોઅર છે તે સ્વીકારીને ગુજરાત હાઈકોર્ટને ઓગસ્ટ અંત સુધીમાં આ અંગેનો હુકમ કરવા સ્પષ્ટ રીતે આગ્રહપુર્વક જણાવેલ છે.

હાઈકોર્ટમાં આ મેટર ચાલી રહી છે તે દરમ્યાન દોશીએ વધુ એક પીટીશન દાખલ કરીને નાગરિક બેંકના ફ્રોડ લોન કૌભાંડ અંગે રીઝવ બેંક ઓફ ઈન્ડીયા ઉંડી તપાસ કરીને સત્ય શોધક રીપોર્ટ હાઈકોર્ટ સમક્ષ રજુ કરે તેવી દાદ માંગેલ છે. લોનો ફ્રોડ હોવાના સીલસીલાબંધ દસ્તાવેજી આધાર પુરાવાઓ પણ પીટીશન સાથે જોડવામાં આવેલ છે. કાલબાદેવી બ્રાંચ મારફત મુંબઈ થી 110 કી.મી દૂર બ્રાંચના કાર્યક્ષેત્રની બહાર રાઈગઢ જિલ્લાના અલીબાગ તાલુકાના એક ગામડાના સર્વે નંબરમાં અધુરા બાંધકામ વાળી મીલ્કત સામે રૂપિયા એંસી લાખની ફ્રોડ લોન સને-2020 માં અપાયેલી છે.

અનુસંધાન પેજ 04 પરથી...

## લિફ્ટમાં પ્રવેશો....

શકીશું. જો જરૂરી હોય તો, તમે 40 દિવસમાં જઈ શકાશે..

સ્પેસ એલિવેટર રોકેટ કરતા 200 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ધીમી ગતિએ પ્રવાસ કરે છે. તેથી, આ પ્રવાસમાં કોઈ કંપન અને આંચકા નહીં હોય. તે સંવેદનશીલ સાધનોને અવકાશમાં લઈ જવા માટે યોગ્ય છે.

પડકારો.... આટલા મોટા પ્રોજેક્ટની સામે પડકારો ન આવે એવુ તો બને જ નહીં તેથી સ્પેસ કે સ્કાય લિફ્ટ સામેના પડકારોમાં જોઈએ તો, આ સ્પેસ એલિવેટરને અનુભવવું એટલું સરળ નથી જેટલું લાગે છે. એન્જિનિયરિંગના ઘણા અવરોધો તેની સામે છે. 96 હજાર કિમી લાંબી કેબલ બનાવવાનો મુખ્ય પડકાર છે. તે સરળ હોવું જોઈએ.

તે જ સમયે, તે મજબૂત હોવું જોઈએ. ઓબાયાશીની સંસ્થાનું કહેવું છે કે આ માટે કાર્બન નેનોટ્યુબનું જ્ઞાન જરૂરી છે. તે ખૂબ જ હળવા અને મજબૂત છે. જો કે, કેટલાક નિષ્ણાતો શંકા કરે છે કે શું આ સામગ્રી સાથે આટલી લાંબી કેબલ બનાવવી શક્ય છે.

કેબલની સ્થિરતા જાળવવી જોઈએ. આત્યંતિક હવામાન પરિસ્થિતિઓ જેમ કે ગર્જના, વીજળી, હવાઈ તોફાન અને અવકાશના કાટમાળ આ એલિવેટર માટે જોખમ ઊભું કરે છે. આના પર કાબુ મેળવવો જોઈએ.

અલબત એમ કહી શકાય કે અગાઉ આ પ્રકારની અનેક કલ્પનાઓ કરવામાં આવી હતી જેમ કે માણસ પક્ષીની જેમ આકાશમાં ઉડી શકે....અને એ કલ્પના સાકાર થઇ છે. આમ જે સાયન્સ ફિક્શન વાર્તાઓમાં ભવિષ્યની કલ્પનાઓ કરવામાં આવી છે તે આકાર પામી છે ત્યારે સ્કાય લિફ્ટ પણ બની શકે અને માનવી તેમાં બેસીને જેમ ઉંચી ઈમારતમાં ઉપર પહોંચે છે તેમ અંતરિક્ષમાં પહોંચશે....સવાલ માત્ર સમયનો છે.....વેઈટ....એન્ડ વોચ.... સાયકલ મારી સરરર જાય....ટન ટન ટોકરી વગીડતી જાય...ની જેમ સ્કાય લિફ્ટ મારી સરરરરરરરરરરર...જાય અને ટન ટન ટોકરી વગાડીને કહેશે ચલો, ચંદ્ર આવી ગયું.....છે કોઇ......!!!

## અખોવન...

તો તેં બા અને બંને ભાભી સમક્ષ તો કહ્યું કે તું પ્રેગનન્ટ છે! અને . હવે.!!!!'

'ભલા હેમેન, તને કઈ રીતે સમજાવું? આપણે જ્યારે ઉંબરે પગ મૂકયો ત્યારે તો તે સુચિતા અને સુધાભાભીના ચહેરાના હાવભાવ જોયા જ હશે! બંને ભાભીઓ, હોઠ મરડતી અને આંખો ઉલાળતી, મારા રૂપરંગ તેમ જ કપડાંની કેવી હલકી મજાક ઉડાવી રહી હતી? તેમના આવા વર્તનથી બાના ચ્હેરાનો રંગ ઊડી ગયેલો જોઈ; હું મનોમન પામી ગઈ કે, દાળમાં કંઈક કાળું છે! કારણ વગર બા અને ભાભી વચ્ચે મારે હોળીનું નાળિયેર નહોતું થવું. બરાબર એ જ વખતે મને મારી સાથે હૉસ્પિટલમાં કામ કરતી ડૉ. રેખાનો કિસ્સો યાદ આવી ગયો. વરસોથી રેખાના મનમાં એક ઈચ્છા હતી કે તેની નાની ભાભી મંજરી જ્યારે પણ પ્રેગનન્ટ થાય ત્યારે તેનો ખોળો તે ભરે. ઈશ્વર ઈચ્છાથી ચાર-પાંચ મહિના પહેલાં રેખાને મંજરીએ સમાચાર આપ્યા કે તે પ્રેગનન્ટ છે. બસ, એ તો દિનરાત આ ખુશીમાં ફૂલી નહોતી સમાતી. કુદરતનું પણ કરવું કેવું અકળ છે? ગયા અઠવાડિયે રેખાએ જાણ્યું, કે તે પોતે પ્રેગનેન્ટ થઈ છે. આ સમાચારથી તેનો ઉતરી ગયેલો ચહેરો જોઈ, મારાથી પૂછાઈ જવાયું, 'રેખા, તું હમણાં બે-ચાર દિવસથી કેમ મૂડમાં નથી જણાતી?' તેણે મને બધી વાત વિગતવાર સમજાવી કે, કેથરિન, 'અમારા ભારતીય રીતરિવાજ મુજબ એક પ્રેગનન્ટ સ્ત્રી બીજી પ્રેગનન્ટ સ્ત્રીનો ખોળો ન ભરી શકે. બસ હેમેન, મિતાબહેનનો ખોળો ભરવા બાબતે વાતચીત ચાલતી હતી ત્યારે એકાએક મને આ વાત યાદ આવતાં એ ચિત્રમાંથી ખસી જવા માટે બા અને ભાભીને મેં જણાવી દીધું કે હું . પ્રેગનન્ટ છું!!!'

'કેથરિન, તું આ અસત્યને સત્ય કેવી કરી બતાવીશ?'

'પ્લીઝ હેમેન . તું આમ અકારણ આવીખોટી ચિંતા કરે છે. બસ, આજનો આ રૂડો અવસર ખુશી-આનંદ સાથે પતી જવા દે, પછી આ વાત તું મારા પર છોડી દે જે! આવતા અઠવાડિયે બાને નહીં, પરંતુ સુચિતાભાભીને જ ફોન કરીને કહી દઈશ કે, 'ભાભી, મને મિસકેરેજ થઈ ગયું!' આ એક ખોટા કારણને લીધે મારે આખી જિંદગી એક સજા ભોગવવી પડશે કે, ભવિષ્યમાં હું કોઈ સ્ત્રીનો ખોળો ક્યારે ય નહીં ભરી શકું. કેમ કે હું અખોવન નહીં કહેવાઉં.'

પ્રીતમ લખલાણી|Opinion સૌજન્યથી

અનુસંધાન પેજ 12 પરથી...

## જુલાઈના

પાંચમી જુલાઈ સુધીમાં રાજ્યભરમાં ભારેથી અતિભારે વરસાદ થવાની શક્યતા છે. આ ઉપરાંત જુલાઈના અંત સુધીમાં કેટલાક વિસ્તારોમાં 10 ઈંચ સુધી વરસાદ થવાની શક્યતાઓ છે.'

રાજ્યમાં વિધિવત ચોમાસું બેસી ગયું છે ત્યારે રાજ્યના અલગ અલગ કુલ 122 તાલુકામાં મેઘરાજાની સવારીનું આગમન થયું છે. જેમાં સૌથી વધુ 4 ઈંચ જેટલો વરસાદ જુનાગઢના વીસાદરમાં નોંધાયો છે. આજે જુનાગઢમાં 109 મીમી જ્યારે કચ્છમાં 97 મીમી વરસાદ હવામાન વિભાગના ચોપડે નોંધાયો છે. જ્યારે બનાસકાંઠા 64 મીમી, પાટણ 60 મીમી, નવસારી 44 મીમી, ભરૂચ 43 મીમી, વડોદરા 48 મીમી, જામનગર 55 મીમી, દેવભૂમિ દ્વારકા 35 મીમી વરસાદ નોંધાયો છે. જ્યારે મોરબી, સુરેંદ્રનગર, અમદાવાદ, ગાંધીનગર, અરવલ્લી, સાબરકાંઠા, ગીર સોમનાથમાં સૌથી ઓછો એટલે કે 10 મીમીથી ઓછો વરસાદ નોંધાયો છે.

## જ્યારે શહીદોની

ઓફર સ્વીકારી હતી, જે હવે ધોરણ 9 નો વિદ્યાર્થી છે અને તેના પિતાની જેમ આર્મીમાં કારકિર્દી બનાવવા માંગે છે.હેતલ હવે DSWRO સાથે ભાગીદારીમાં કંપનીની CSR પહેલના ભાગરૂપે, વડોદરા સ્થિત બહુરાષ્ટ્રીય કોર્પોરેશનના વર્કશોપ પ્રોજેક્ટમાં કામ કરે છે. અહીં તેણી એકલી નથી.

અન્ય સાત વિધવાઓનું પણ આવી જ રીતે પુનર્વસન કરવામાં આવ્યું છે. તેમાં છે વીણા દલપતસિંહ ચાવડા, ગીતા બારિયા, ધનલક્ષ્મીબેન સોલંકી, સંગીતા પરમાર, પ્રેમિલા રાઠવા, રંજીતા રાઠવા અને લક્ષ્મી બારિયા. DSWRO અધિકારી લેફ્ટનન્ટ કર્નલ (ડૉ) કમલપ્રીત સગ્ગી (નિવૃત્ત) એ જણાવ્યું હતું કે, સરહદ પર ફરજ પર શહીદ થયેલા જવાનોની પત્નીઓને પેન્શન મળે છે, પરંતુ તેમનો આર્થિક બોજ ઘણો વધારે હોય છે.

અનુસંધાન પેજ 01 પરથી...

## પહેલી જુલાઇથી

રાજ્યો દ્વારા તેનો વિરોધ પણ થઈ રહ્યો છે,ખાસ કરીને દક્ષિણ ભારતના રાજ્યો એ નવા ત્રણ કાયદા હિન્દી ને બદલે અંગ્રેજીમાં મૂકવા માંગણી કરી છે. બંગાળમાં મુખ્યમંત્રી મમતા દીદીએ કાયદાના અમલ માટે ઉતાવળ ન કરવા જણાવ્યું છે. પ્રથમ વખત ફોજદારી ન્યાય પ્રક્રિયા ભારત દ્વારા, ભારત માટે અને ભારતીય સંસદ દ્વારા બનાવવામાં આવેલા કાયદા દ્વારા સંચાલિત થશે. તેમાં ભારતીય ભૂમિની સુગંધ છે.

ભારતીય ન્યાયિક સંહિતા મોબ લિંચિંગ અને હેટ ક્રાઈમ હત્યા માટે આજીવન કેદ અથવા મૃત્યુ દંડની જોગવાઈ પણ કરે છે. તે એવા કિસ્સાઓ સાથે વ્યવહાર કરે છે કે જ્યાં પાંચ કે તેથી વધુ લોકોનું ટોળું "વંશ, જાતિ અથવા સમુદાય, લિંગ, જન્મ સ્થળ, ભાષા, વ્યક્તિગત માન્યતા અથવા અન્ય સમાન આધાર" ના આધારે હત્યા કરે છે.

અગાઉના બિલમાં આ ગુના માટે લઘુત્તમ સજા સાત વર્ષની હતી. બિલની કલમ 103માં નવી જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવ્યો છે જે મોબ લિંચિંગ અને અન્ય ગુનાઓથી સંબંધિત ગુનાઓ માટે "હત્યાની સજા" સાથે સંબંધિત છે.

### ત્રણ નવા કાયદાના

આ દ્વિ-પાંખીય નીતિ તપાસની ગુણવત્તા અને વિશ્વસનીયતામાં નોંધપાત્ર વધારો કરશે અને નિષ્પક્ષ ન્યાય વિતરણમાં ફાળો આપશે. (BNS ની કલમ 176)

(7) ઝડપી તપાસઃ નવા કાયદામાં મહિલાઓ અને બાળકો સામેના ગુનાઓની તપાસને પ્રાથમિકતા આપવામાં આવી છે, જેથી માહિતી દાખલ કર્યાના બે મહિનામાં તપાસ પૂર્ણ કરી શકાય (BNS ની કલમ 193)

8) પીડિતોને કેસ પ્રોગ્રેસ અપડેટ્સ પ્રદાન કરવાઃ પીડિતોને 90 દિવસની અંદર તેમના કેસની પ્રગતિ વિશે નિયમિત અપડેટ્સ પ્રાપ્ત કરવાનો અધિકાર છે. આ જોગવાઈ પીડિતોને માહિતગાર રાખશે અને કાયદાકીય પ્રક્રિયામાં સામેલ કરશે, જેનાથી પારદર્શિતા અને વિશ્વાસ વધશે. (BNS ની કલમ 193)

(9) પીડિતો માટે મફત તબીબી સારવારઃનવા કાયદાઓ મહિલાઓ અને બાળકો સામેના ગુનાનો ભોગ બનેલા લોકોને તમામ હોસ્પિટલોમાં મફત પ્રાથમિક સારવાર અથવા તબીબી સારવારની ખાતરી આપે છે. આ જોગવાઈ પડકારજનક સમયમાં પીડિતોની સુખાકારી અને પુનઃપ્રાપ્તિને પ્રાથમિકતા આપતી વખતે જરૂરી તબીબી સંભાળની તાત્કાલિક પહોંચ સુનિશ્ચિત કરે છે. (BNS ની કલમ 397)

(10) ઈલેક્ટ્રોનિક સમન્સઃ સમન્સ હવે ઓનાઇન આપી શકાય છે, જે કાનૂની પ્રક્રિયાઓને ઝડપી બનાવશે, પેપરવર્ક ઘટાડશે અને સંબંધિત તમામ પક્ષો વચ્ચે યોગ્ય સંચાર સુનિશ્ચિત કરશે. (BNS ની કલમ 64, 70, 71)

(11) લેડી મેજિસ્ટ્રેટ દ્વારા નિવેદનઃ મહિલાઓ વિરુદ્ધના અમુક ગુનાઓમાં, શક્ય હોય ત્યાં સુધી પીડિતાનું નિવેદન લેડી મેજિસ્ટ્રેટ દ્વારા નોંધવું જોઈએ અને જો લેડી મેજિસ્ટ્રેટ ગેરહાજર હોય, પીડિતાનું નિવેદન મહિલા મેજિસ્ટ્રેટ દ્વારા નોંધવું જોઈએ, જેથી સંવેદનશીલતા અને નિષ્પક્ષતા સુનિશ્ચિત કરી શકાય અને પીડિતો માટે અનુકૂળ વાતાવરણ ઊભું કરી શકાય. (BNS ની કલમ 183)

(12) પોલીસ રિપોર્ટ અને અન્ય દસ્તાવેજો ઉપલબ્ધ કરાવવાઃ આરોપી અને પીડિત બંનેને 14 દિવસની અંદર FIR, પોલીસ રિપોર્ટ/ચાર્જશીટ, નિવેદન, કબૂલાત અને અન્ય દસ્તાવેજોની નકલો મેળવવાનો અધિકાર છે. (BNS ની કલમ 230)

(13) મર્યાદિત મુદતઃકેસની સુનાવણીમાં બિનજરૂરી વિલંબ ટાળવા માટે, અદાલતો મહત્તમ બે મુલતવીમુદત આપી શકે છે, જે સમયસર ન્યાય સુનિશ્ચિત કરવામાં મદદ કરશે. (BNS ની કલમ 346)

(14) વિટનેસ પ્રોટેક્શન સ્કીમઃ નવા કાયદાઓ તમામ રાજ્ય સરકારો માટે સાક્ષીઓની સલામતી અને સહકાર સુનિશ્ચિત કરવા, કાનૂની કાર્યવાહીની વિશ્વસનીયતા અને અસરકારકતાને સુનિશ્ચિત કરવા માટે એક સાક્ષી સુરક્ષા યોજના રાખવાનું ફરજિયાત બનાવે છે. (BNS ની કલમ 398)

(15) લિંગ સમાવેશઃ "લિંગ" ની વ્યાખ્યામાં હવે ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓનો પણ સમાવેશ થાય છે, જે સમાવેશ અને સમાનતાને પ્રોત્સાહન આપશે. (BNS ની કલમ 2( 10) . (BNS ની કલમ 530)

16 ) નિવેદનોનું ઓડિયો-વિડિયો રેકોર્ડિંગઃપીડિતાને વધુ સુરક્ષા આપવા અને બળાત્કારના ગુના સાથે સંબંધિત તપાસમાં પારદર્શિતા લાવવા માટે પોલીસ પીડિતાનું ઓડિયો-વિડિયો માધ્યમ દ્વારા નિવેદન નોંધશે. (BNS ની કલમ 176)

(17) પોલીસ સ્ટેશન જવામાંથી મુક્તિઃ મહિલાઓ, 15 વર્ષથી ઓછી ઉંમરની વ્યક્તિઓ, 60 વર્ષથી વધુ ઉંમરની વ્યક્તિઓ અને અપંગ અથવા ગંભીર રીતે બીમાર વ્યક્તિઓને પોલીસ સ્ટેશન જવામાંથી મુક્તિ આપવામાં આવી છે અને તેઓ. તેમના નિવાસ સ્થાને પોલીસ સહાય મેવ શકે છે.. (BNS ની કલમ 179)

(18) મહિલાઓ અને બાળકો સામેના ગુનાઓઃ મહિલાઓ અને બાળકો સામેના ગુનાઓ સામે પગલાં લેવા અને તેમની સુરક્ષા અને તેમના માટે ન્યાય સુનિશ્ચિત કરવા માટે BNSમાં એક નવો અધ્યાય ઉમેરવામાં આવ્યો છે. (BNS નું પ્રકરણ V)

(19) લિંગ-તટસ્થ ગુનાઓઃ BNS માં મહિલાઓ અને બાળકો સામેના વિવિધ ગુનાઓને લિંગ-તટસ્થ બનાવવામાં આવ્યા છે, જે લિંગને ધ્યાનમાં લીધા વિના તમામ પીડિતો અને અપરાધીઓને આવરી લે છે.

(20) સમુદાય સેવાઃનવો કાયદો નાના ગુનાઓ માટે સામુદાયિક સેવા રજૂ કરે છે, જે વ્યક્તિના વ્યક્તિગત વિકાસ અને સામાજિક જવાબદારીને પ્રોત્સાહન આપે છે. સામુદાયિક સેવા હેઠળ, અપરાધીઓને સમાજમાં સકારાત્મક યોગદાન આપવાની, તેમની ભૂલોમાંથી શીખવાની અને મજબૂત સમુદાય બંધન બનાવવાની તક મળે છે. (બીએનએસની કલમ 4, 202, 209, 226, 303, 355, 356)

(21) ગુનાની ગંભીરતાને અનુરૂપ ગુનાઓ માટે દંડઃ નવા કાયદા હેઠળ, અમુક ગુનાઓ માટે લાદવામાં આવેલ દંડની ગંભીરતાને અનુરૂપ બનાવવામાં આવ્યો હતો. આ અપરાધ વાજબી અને પ્રમાણસર સજા સુનિશ્ચિત કરવા, ભવિષ્યના ગુનાઓને રોકવા અને કાયદાકીય વ્યવસ્થામાં લોકોનો વિશ્વાસ જાળવી રાખવા માટે છે.

(22) સરળ કાનૂની પ્રક્રિયાઓઃ ન્યાયી અને સુલભ ન્યાય સુનિશ્ચિત કરવા, સમજવા અને અનુસરવામાં સરળ બનાવવા માટે કાનૂની પ્રક્રિયાઓને સરળ બનાવવામાં આવી છે.

(23) ઝડપી અને ન્યાયી નિરાકરણઃ નવા કાયદા ચોક્કસપણે કેસોના ઝડપી અને ન્યાયી નિરાકરણ માટે પ્રદાન કરે છે, જે કાયદાકીય વ્યવસ્થામાં લોકોનોવિશ્વાસવધારશે.

ફોજદારી ન્યાય પ્રણાલીથી સંબંધિત ત્રણ નવા કાયદા, ભારતીય નાગરિક સુરક્ષા કોડ 2023 (BNSS), ભારતીય ન્યાય (સેકન્ડ) કોડ 2023 (BNS) અને ભારતીય પુરાવા (સેકન્ડ) એક્ટ 2023, 1 જુલાઈથી અમલમાં આવશે.

ગૃહ મંત્રાલયે 24 ફેબ્રુઆરીએ આને લગતું નોટિફિકેશન બહાર પાડ્યું હતું.

અનુસંધાન પેજ 10 પરથી...

## સુનિતા

16 જાન્યુઆરી, 2003ના રોજ, કલ્પના આખરે કોલંબિયામાં સવાર થઈ અને STS-107 મિશનની શરૂઆત કરી.

તેમની જવાબદારીઓમાં Spacehab/Balle-Balle/FreeStar માઈક્રોગ્રેવિટી પ્રયોગનો સમાવેશ થાય છે, જેના માટે ક્રૂએ પૃથ્વી અને અવકાશ વિજ્ઞાન , અદ્યતન ટેકનોલોજી વિકાસ અને અવકાશયાત્રી આરોગ્ય અને સલામતીનો અભ્યાસ કરતા 80 પ્રયોગો હાથ ધર્યા હતા. કોલંબિયા અવકાશયાનમાં તેની સાથેના અન્ય સાથી યાત્રીઓ હતા- કમાન્ડર રિક ડી.પતિ, પાયલટ વિલિયમ એસ. મેકૂલ, કમાન્ડર માઈકલ પી. એન્ડરસન, ઈલાન રેમન, ડેવિડ એમ. અને લોરેલ બી. ક્લાર્કનો સમાવેશ થાય છે.

અવકાશમાં પહોંચનારી પ્રથમ ભારતીય મહિલા કલ્પના ચાવલાની બીજી અવકાશ યાત્રા તેમની છેલ્લી યાત્રા સાબિત થઈ. તમામ પ્રકારના સંશોધનો અને વિચાર-વિમર્શ બાદ અવકાશયાનના પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશવાના સમયે જે ભયાનક ઘટના બની તે હવે ઈતિહાસનો વિષય બની ગયો છે. નાસા અને વિશ્વ માટે આ દુઃખદ ઘટના હતી. 1 ફેબ્રુઆરી, 2003ના રોજ, કોલંબિયા અવકાશયાન પૃથ્વીની ભ્રમણકક્ષામાં પ્રવેશતાની સાથે જ સળગી ગયું અને ટુકડાઓમાં વિખેરાઈ ગયું. થોડી જ વારમાં, અવકાશયાનના અવશેષો અને તેમાં સવાર સાત મુસાફરો ટેક્સાસ નામના શહેર પર વરસવા લાગ્યા અને જે ઓપરેશન સફળ કહેવાયું તે એક ભયંકર સત્ય બની ગયું.....

આ અવકાશયાત્રીઓ તારાઓની દુનિયામાં ભળી ગયા છે, પરંતુ સમગ્ર વિશ્વને તેમના સંશોધનનો ચોક્કસ ફાયદો થશે. આ રીતે, કલ્પના ચાવલાના શબ્દો સાચા સાબિત થયા, "મને અંતરિક્ષ માટે બનાવવામાં આવી છેં. મેં દરેક ક્ષણ માત્ર અંતરિક્ષ માટે વિતાવી છે અને તેના માટે જ મરીશ....

## રાજકોટમાં પણ દિલ્હી જેવી ઘટના, વરસાદને કારણે એરપોર્ટનો શેડ તૂટ્યો



ગુજરાત | વંદન


રાજકોટમાં પણ દિલ્હી એરપોર્ટ જેવી ઘટના બની છે. ભારે વરસાદને કારણે રાજકોટ એરપોર્ટ પર મુસાફરોને મુકવા અને ડ્રોપ કરવાની જગ્યા પરનો શેડ તૂટી પડ્યો છે. પહેલા વરસાદમાં જ કરોડો રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલા રાજકોટના હિરાસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટની ફજેતી થઈ હતી.PM મોદીએ એક વર્ષ પહેલા જ કર્યું હતું.

## પાર્ટ ટાઈમ કર્મચારીઓને કાયમી કર્મચારીઓની જેમ લાભ ન મળે

ગુજરાત | વંદન

ગુજરાત હાઈકોર્ટે એક અગત્યના ચુકાદા મારફતે જણાવ્યું કે, 'પાર્ટ ટાઈમર્સ કર્મચારીઓને રેગ્યુલરાઈઝ(કાયમી) કરી શકાય નહીં. આ ઉપરાંત વર્ગ-4માં તેઓને કાયમી નિમણૂંક આપવા અંગે તેમજ કાયમી નિયુકિત કરવા અંગેનો હુકમ કરી શકાય નહીં. જામનગરની પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિ.ની સર્કલ ઓફિસમાં ફરજ બજાવતી એક સફાઈ કર્મચારીને કાયમી કરવા અંગેના જામનગર સિવિલ જજ અને જોઈન્ટ ડિસ્ટ્રીક્ટ જજના હુકમોને જસ્ટિસ જે.સી.દોશીએ રદબાતલ ઠરાવતાં આ મહત્ત્વનો ચુકાદો આપ્યો હતો.

જસ્ટિસ જે.સી.દોશીએ સુપ્રીમ કોર્ટના સંબંધિત



ચુકાદાને અને ગુજરાત હાઈકોર્ટની ખંડપીઠના ચુકાદાને ટાંકતા જણાવ્યું હતું કે, 'સફાઈ કર્મચારીને કાયમી કરવા અંગેના ટ્રાયલ કોર્ટના અને તે હુકમને બહાલ રાખતાં એપેલેટ કોર્ટના ચુકાદા ખામીયુક્ત હોઈ તે રદબાતલ થવાપાત્ર ઠરે છે.'

## પાર્કિંગમાંથી કાર આગળ લેતા બે બાળકો કચડાઈ ગયા

ગુજરાત | વંદન

સુરતથી ફરી વાલીઓ માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. પરબત પાટિયા વિસ્તારમાં આવેલી રોયલ રેસિડેન્સીના પટાંગણમાં બે માસૂમ બાળકો રમી રહ્યાં હતાં. આ દરમિયાન કાર ચાલકે પાર્કિંગમાંથી કારને બહાર કાઢી આગળ ચલાવવા જતો હતો. ત્યાં જ બન્ને બાળકો કારના બોનેટ નીચે આવી ગયાં હતાં. જો કે, સદનસીબે આ બાળકનો આબાદ બચાવ થયો હતો.

પરબત પાટિયા વિસ્તારમાં રોયલ રેસીડેન્સીમાં બે બાળકો



રમી રહ્યા હતા. આ દરમિયાન એક યુવક પાર્ક કરેલી પોતાની કાર લઈને જવાનો પ્રયાસ કરી રહ્યો હતો. ત્યારે સોસાયટીના પટાંગણમાં રમી રહેલા બે બાળકો નજરે ન ચડતા તેના પર કાર ચડાવી દીધી હતી. બુમાબુમ થતા કાર ચાલક બહાર નીકળ્યો હતો. બંને બાળકોને બહાર કાઢ્યા હતા. જો કે, સદનસીબે બન્ને બાળકોનો આબાદ બચાવ થયો હતો.

## જામનગરમાં રીક્ષાનો વાળી દીધો કચ્ચરઘાણ, ચારને ઈજા

ગુજરાત | વંદન

જામનગરમાં સતત અકસ્માતોના બનાવમાં વધારો થઇ રહ્યો છે. શુક્રવારે રણજીત નગર પટેલ પાસે બે રીક્ષા અને કારનો ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. ત્યારે હવે ઘોરીવાવની ગોલાઈ પાસે બેફામ ઓવરસ્પીડે કાર હંકારી રહેલા ચાલકે રીક્ષાને ટક્કર મારતાં રીક્ષાનો કચ્ચરઘાણ વળી ગયો હતો. આ ગંભીર અકસ્માતમાં રીક્ષા ચાલક અને તેમાં સવાર 3 મુસાફરોને ઈજા પહોંચતાં સારવાર



અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતને લઈને ક્રોધે ભરાયેલા ટોળા કારને આગ ચાંપી દીધી હતી જેથી પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

# બે ઉદ્યોગપતિઓમાં એક અંબાણી પગાર લેતા નથી, અદાણી વર્ષે દહાડે 9 કરોડ લે છે

## ■ અદાણીને તેમની નોંધાયેલી દસમાંથી માત્ર બે કંપનીમાંથી પગાર મળ્યો છે

ગુજરાત | વંદન

એશિયાના બીજા સૌથી ધનિક વ્યક્તિ અને અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણી વિશ્વના ટોચના અબજોપતિઓની યાદીમાં સામેલ છે. તેમની સાથે ગુજરાતના અન્ય અબજોપતિ રિલાયન્સના મુકેશ અંબાણી પણ આ યાદીમાં સામેલ છે. જો કે બન્નેમાંથી એક મુકેશ અંબાણી પગાર લેતા નથી, જ્યારે અદાણી વર્ષે દહાડે 9 કરોડ કરતાં વધુનો પગાર મેળવે છે. મુકેશ અંબાણી 15 કરોડ પગાર પેટે લેતા હતા પણ કોરોના મહામારી બાદ પગાર લેવાનું બંધ કર્યું છે.

અદાણીનું સામ્રાજ્ય ખાદ્યતેલથી લઈને બંદરો સુધી ફેલાયેલું છે. તેમને નાણાંકિય વર્ષ 24માં મળેલો પગાર અન્ય બિઝનેસ ગ્રૂપના ચેરમેનોની સરખામણીમાં ખૂબ જ ઓછો નથી, પરંતુ અદાણી ગ્રુપમાં જ કામ કરતા અધિકારીઓ કરતાં પણ ઓછો છે.

બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર, ગૌતમ અદાણીની કુલ સંપત્તિ $106 બિલિયન છે અને તેઓ વિશ્વના 14મા સૌથી ધનિક વ્યક્તિ છે. અમીરોની આ ટોચની યાદીમાં સામેલ બીજા ભારતીય અબજોપતિની વાત કરીએ તો તે રિલાયન્સના ચેરમેન મુકેશ અંબાણી છે અને તેમની કુલ સંપત્તિ 111 અબજ ડોલર છે, જેના કારણે તેઓ આ યાદીમાં 12મા સ્થાને છે. જો કે, જો પગાર સાથે સરખામણી કરવામાં આવે તો મુકેશ અંબાણી દેશમાં કોરોના રોગચાળાની શરૂઆતથી કોઈ પગાર નથી લઈ રહ્યા, તે પહેલા તેમનો વાર્ષિક પગાર લગભગ 15 કરોડ રૂપિયા હતો.

એક એજન્સી અનુસાર, 61 વર્ષીય



ભારતીય અબજોપતિ ગૌતમ અદાણીને નાણાકીય વર્ષ 2023-24માં કુલ 9.26 કરોડ રૂપિયાનો પગાર મળ્યો છે. અદાણી ગ્રુપના ખાદ્યતેલથી લઈને ગ્રીન એનર્જી અને પોર્ટથી પાવર સુધીના બિઝનેસ સાથે સંકળાયેલી ગૌતમ અદાણીની 10 કંપનીઓ શેરબજારમાં લિસ્ટેડ છે. જોકે, આ દસમાંથી માત્ર બે કંપનીમાંથી તેને પગાર મળ્યો છે.

અદાણી ગ્રૂપે શેરબજારમાં લિસ્ટેડ તેની 10 કંપનીઓના વાર્ષિક અહેવાલમાં આ માહિતી શેર કરી છે. તેમાં શેર કરાયેલા ડેટા અનુસાર, ગૌતમ અદાણીને નાણાકીય વર્ષ 2023-24 માટે જૂથની ફ્લેગશિપ કંપની અદાણી એન્ટરપ્રાઇઝ લિમિટેડ પાસેથી 2.46 કરોડ રૂપિયાનો પગાર મળ્યો છે, જે ગયા વર્ષ કરતાં માત્ર 3 ટકા વધુ છે. આ સિવાય તેને અદાણી પોર્ટ્સમાંથી 6.8 કરોડ રૂપિયાનો પગાર મળ્યો છે. જેમાં 5 કરોડ રૂપિયાનું કમિશન સામેલ છે.અન્ય જૂથોના ચેરમેનની સરખામણીમાં ખૂબ જ ઓછો પગાર. રિપોર્ટ અનુસાર, ભારતના બીજા સૌથી અમીર વ્યક્તિ ગૌતમ અદાણીનો પગાર દેશના લગભગ તમામ મોટા કોર્પોરેટ જૂથોના ચેરમેનોને મળતા પગાર કરતાં ઓછો છે. ટેલિકોમ જાયન્ટ ભારતી એરટેલના ચેરમેન સુનીલ ભારતી મિત્તલ (નાણાકીય વર્ષ 2022-23માં રૂ. 16.7 કરોડ), રાજીવ બજાજ (રૂ. 53.7 કરોડ), પવન મુંજાલ (રૂ. 80 કરોડ), L&Tના ચેરમેન એસએન સુબ્રમણ્યન અને ઈન્ફોસીસના સીઈઓ એસ.એસ. પારેખ કરતાં ઓછો પગાર છે..

# 1 જુલાઈથી ક્રેડિટ કાર્ડ પેમેન્ટ સિસ્ટમમાં આવી રહ્યો છે મોટો ફેરફાર

## ■ ક્રેડિટ કાર્ડ દ્વારા બિલ ચૂકવો છો, તો સાવધાન થઈ જાવ..!

ગુજરાત | વંદન

જો તમે પણ ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરો છો તો, ક્રેડિટ કાર્ડ પેમેન્ટ્સ સંબંધિત ફેરફારો 1 જુલાઈ, 2024થી લાગુ થવા જઈ રહ્યા છે. આ પછી, કેટલાક પેમેન્ટ પ્લેટફોર્મ દ્વારા બિલ પેમેન્ટમાં સમસ્યા આવી શકે છે. આ પ્લેટફોર્મ્સમાં CRED, PhonePe, BillDesk જેવી કેટલીક ફિનટેકનો સમાવેશ થાય છે. જાણીએ કે ભારતીય રિઝર્વ બેંક દ્વારા શું ફેરફાર કરવામાં આવ્યા છે અને તેની વપરાશકર્તાઓ પર શું અસર પડશે?

જૂન મહિનો પૂરો થવાનો છે જુલાઈ મહિનો શરૂ થવા જઇ રહ્યો છે દરમિયાન, દર મહિનાની જેમ, આવતા મહિને પણ દેશમાં કેટલાક મોટા ફેરફારો થવા જઈ રહ્યા છે (1લી જુલાઈથી નિયમમાં ફેરફાર) અને એક મોટો ફેરફાર ક્રેડિટ કાર્ડ દ્વારા કરવામાં આવતી બિલની ચુકવણી સાથે સંબંધિત છે.

રિપોર્ટ અનુસાર, RBIના નવા નિયમ અનુસાર, 1 જુલાઈથી, તમામ ક્રેડિટ કાર્ડ બિલની ચુકવણી ભારત બિલ પેમેન્ટ સિસ્ટમ એટલે કે BBPS દ્વારા થવી જોઈએ. તે પછી દરેક વ્યક્તિએ ભારત બિલ પેમેન્ટ સિસ્ટમ (BBPS) દ્વારા બિલિંગ કરવાનું રહેશે.

સેન્ટ્રલ બેંક દ્વારા નિર્ધારિત સમયમર્યાદા પછી પણ, ઘણી મોટી બેંકો છે જેણે નવા ફેરફાર હેઠળ તેમના નિયમોમાં ફેરફાર કર્યો નથી અને તેમાં HDFC બેંક-ICICI બેંક અને એક્સિસ બેંક જેવા મોટા નામોનો સમાવેશ થાય છે. એક અહેવાલ મુજબ, RBIના નવા નિયમન મુજબ, લગભગ



8 બેંકોએ તેમના પગલાં આગળ વધાર્યા છે, જેમાં SBI કાર્ડ, બેંક ઓફ બરોડા કાર્ડ (BoB કાર્ડ), કોટક મહિન્દ્રા બેંક, ફેડરલ બેંક અને ઈન્ડસઈન્ડ બેંકનો સમાવેશ થાય છે.આ નવું નિયમન રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા ચૂકવણી પ્રક્રિયાને સુવ્યવસ્થિત બનાવવા અને ભારતની ચુકવણી પ્રણાલીને વધુ સુરક્ષિત બનાવવાના ઉદ્દેશ્ય સાથે લાવવામાં આવ્યું છે. BBPS, નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) ના સહયોગથી, વિવિધ ચુકવણી સેવાઓ માટે એક જ પ્લેટફોર્મ બનાવવાનું લક્ષ્ય નક્કી કર્યું છે.

હવે તેના અમલીકરણની સમયમર્યાદા નજીક આવી રહી છે અને જો બેંકો નિર્ધારિત સમયમાં તેનું પાલન નહીં કરે, તો તે તેમના માટે તેમજ ક્રેડિટ કાર્ડ પેમેન્ટ્સ પર આધારિત ફિનટેક પ્લેટફોર્મ્સ માટે મુશ્કેલીનું કારણ બની શકે છે.

BBPS અંગે જોઈએ તો BBPS એટલે કે ભારત બિલ પેમેન્ટ સિસ્ટમ. આ બિલ પેમેન્ટની એક સંકલિત સિસ્ટમ છે, જે ગ્રાહકોને ઓનલાઈન બિલ પેમેન્ટ સર્વિસ પૂરી પાડે છે. તે NPCI ની દેખરેખ હેઠળ કામ કરે છે. ભારત બિલ પે એ એક ઈન્ટરફેસ છે જે ફોનપે, ક્રેડ સહિતના અન્ય ફિનટેક પ્લેટફોર્મ પર ઉપલબ્ધ છે અને તેના દ્વારા ક્રેડિટ કાર્ડ બિલની ચૂકવણીના તમામ પ્રકારો અલગથી બદલે એક જ પ્લેટફોર્મ પર કરી શકાય છે.

# એક સમયે 22 અબજ ડોલરની બાયજુસની આજે આજુબાજુ ઉભા રહેવા કોઈ તૈયાર નથી

## ■ નેધરલેન્ડની કંપની પ્રોસુસને બાયજુસમાં રૂ. 4000 કરોડથી વધુનું નુકસાન થયું છે..!

ગુજરાત | વંદન



એડટેક કંપની બાયજુની મુશ્કેલીઓ ઓછી થવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. આ પેઢી છટણી, સામૂહિક રાજીનામા અને રોકડની અછતને કારણે લાંબા સમયથી સંઘર્ષ કરી રહી છે અને તેના કારણે તેના ઘણા સહયોગીઓ પણ તેને છોડી રહ્યા છે. હવે બાયજુને વધુ એક મોટો ફટકો પડ્યો છે, જ્યારે ઈન્વેસ્ટમેન્ટ ફર્મ પ્રોસુસે તેનો આખો હિસ્સો રદ કરી દીધો અને બાયજુનું મૂલ્યાંકન શૂન્ય કરી દીધું. નેધરલેન્ડ સ્થિત કંપની પ્રોસુસે તેના વાર્ષિક અહેવાલમાં જણાવ્યું છે કે તેને રૂ. 4000 કરોડથી વધુનું નુકસાન થયું છે..!પ્રોસસ પાસે 9% થી વધુ હિસ્સો હતો

બાયજુ રોકડની ભારે તંગીનો સામનો કરી રહી છે અને તેને પુનઃજીવિત કરવાના તમામ પ્રયાસો નિષ્ફળ સાબિત થઈ રહ્યા છે. આ બધાની વચ્ચે કંપનીમાં રોકાણ કરતી મોટી કંપનીઓનો પણ તેનાથી મોહભંગ થઈ રહ્યો છે. એડટેક કંપનીને તાજેતરનો ફટકો નેધરલેન્ડની ઈન્વેસ્ટમેન્ટ ફર્મ પ્રોસુસ તરફથી આવ્યો છે. એક અહેવાલ મુજબ, પ્રોસસે તેના વાર્ષિક અહેવાલમાં માહિતી શેર કરતી વખતે કહ્યું છે કે તેણે બાયજુની લગભગ 4,110 કરોડ રૂપિયાની 9.6 ટકા હિસ્સેદારી રદ કરી છે. સંકટગ્રસ્ત બાયજુસ માટે આને મોટો ફટકો માનવામાં આવી રહ્યો છે.


નોંધનીય છે કે ઈન્વેસ્ટમેન્ટ ફર્મ પ્રોસુસે 2019 થી તેના હિસ્સા માટે ઘણા રાઉન્ડમાં બાયજુમાં $ 536 મિલિયનનું રોકાણ કર્યું હતું, જે નાણાકીય વર્ષ 24 સુધી $ 493 મિલિયન હતું. પરંતુ હવે તેણે બાયજુનું મૂલ્યાંકન ઘટાડીને શૂન્ય કરી દીધું છે. આ પાછળનું કારણ જણાવતા પ્રોસુસના પ્રવક્તાએ કહ્યું છે કે અમારી પાસે બાયજુની કંપનીના નાણાકીય સ્વાસ્થ્ય, દેવું અને ભાવિ આઉટલૂક અંગે અપૂરતી માહિતી છે. આવી સ્થિતિમાં આ મોટો નિર્ણય લેવામાં આવ્યો છે.

બાયજુ માટે છેલ્લું વર્ષ ઘણું ખરાબ સાબિત થયું હતું અને ત્યારથી શરૂ થયેલી કટોકટી હજુ પણ ચાલુ છે. કંપની પણ તેની લોન ચૂકવવા અને તેના કર્મચારીઓને પગાર ચૂકવવા માટે સંઘર્ષ કરી રહી છે. છેલ્લા બે વર્ષમાં, બાયજુએ તેના રોકાણકારો પાસેથી પ્રોસસ સહિત અનેક મૂલ્યાંકન માર્કડાઉન જોયા છે. પ્રોસસે નવેમ્બર 2022માં કંપનીનું મૂલ્યાંકન ઘટાડીને $5.9 બિલિયન કર્યું હતું, જ્યારે એક વર્ષ પછી નવેમ્બર 2023માં બાયજુનું મૂલ્યાંકન ઘટાડીને $3 બિલિયન કરવામાં આવ્યું હતું અને તેના એક ડિરેક્ટરે બાયજુમાંથી રાજીનામું પણ આપ્યું હતું. એક સમયે ઓક્ટોબર 2022 સુધીમાં બાયજુનું વેલ્યુએશન 22 અબજ ડોલર હતું.

# બજેટ 2024-24માં વ્યાજની આવક પર કર રાહત આપવા સ્ટેટ બેંકના ચેરમેનની માંગણી

## ■ ટેક્સમાં થોડી પણ રાહત મળશે તો બેંકમાં પૈસા જમા કરનારાને પ્રોત્સાહન મળશે

ગુજરાત | વંદન



સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ચેરમેન દિનેશ કુમાર ખારાએ કહ્યું છે કે કેન્દ્ર સરકારે આગામી બજેટમાં વ્યાજની આવક પર આવકવેરો ઘટાડવાનો વિચાર કરવો જોઈએ. તેમણે કહ્યું છે કે જો વ્યાજની આવક પર ટેક્સ ઘટાડવામાં આવશે તો તે લોકોને વધુ બચત કરવા માટે પ્રેરિત કરશે અને બેંકોને વધુ થાપણો એકત્રિત કરવામાં મદદ કરશે. ખારાએ કહ્યું છે કે જેમ જેમ બેંકો પાસે થાપણો વધે છે, તેમ તેમ તેનો ઉપયોગ લાંબા ગાળાના મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ માટે ભંડોળ માટે કરી શકાય છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે નાણામંત્રી નિર્મલા સીતારમણ આવતા મહિને સંસદમાં નાણાકીય વર્ષ 2024-25 માટે સંપૂર્ણ બજેટ રજૂ કરશે.

એસબીઆઈ (સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા) ના ચેરમેન દિનેશ કુમાર ખારાએ એક ન્યૂઝ એજન્સીને આપેલા ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે જો સરકાર આગામી બજેટમાં વ્યાજની આવક પર લાગુ કરાતા વર્તમાન ટેક્સમાં થોડી પણ રાહત આપે છે, તો આનાથી બેંકમાં પૈસા જમા કરનારાઓને પ્રોત્સાહન મળશે. બેંકો તેમણે કહ્યું કે આવું કરવું જરૂરી છે કારણ કે બેંકિંગ સેક્ટર આખરે દેશમાં મૂડી નિર્માણ માટે તેની તમામ થાપણોનો ઉપયોગ કરે છે. આવકવેરાના વર્તમાન નિયમો હેઠળ, જો તમામ શાખાઓમાં ગ્રાહકના ખાતા પર એક વર્ષમાં મળતું વ્યાજ 40 હજાર રૂપિયાથી વધુ છે, તો બેંકોએ તેના પર ટેક્સ (ટીડીએસ) કાપવો પડશે. બચત ખાતાના કિસ્સામાં, ફક્ત 10,000 રૂપિયા સુધીની વાર્ષિક આવક જ કરમુક્ત છે.

દેશના વર્તમાન આર્થિક વિકાસ દરને ધ્યાનમાં રાખીને, SBI ચેરમેને 2024-25 દરમિયાન લોન વૃદ્ધિ દર લગભગ 14 થી 15 ટકા રહેવાની અપેક્ષા રાખી છે. તેમણે કહ્યું કે સામાન્ય રીતે લોન કે ક્રેડિટ ગ્રોથ રેટની ગણતરી કરવા માટે આપણે પહેલા જીડીપી ગ્રોથ રેટમાં ફુગાવાનો દર ઉમેરીએ છીએ અને પછી તેમાં બીજા 2-3 ટકાનો ઉમેરો કરીએ છીએ. 14-15 ટકા વૃદ્ધિ દરનો અંદાજ સમાન ગણતરીઓ પર આધારિત છે. તેમણે એમ પણ કહ્યું કે 14-15 ટકાની આ ધિરાણ વૃદ્ધિ પર્યાપ્ત ધિરાણની તકો પર આધારિત છે અને તે અમારી જોખમની ક્ષમતાને પણ અનુરૂપ છે.

# NDAના સાથી પક્ષના મંત્રી નેહરૂએ સ્થાપેલી કંપનીને પુનર્જિવિત કરશે

## ■ સ્વદેશી એચએમટી ઘડિયાળો ફરીથી બનશે- દેશ કી ધડકન...

ગુજરાત | વંદન

એક સમય હતો જ્યારે લોકોના કાંડા પરની



ઘડિયાળને સ્ટેટસ સિમ્બોલ માનવામાં આવતું હતું અને જો આ ઘડિયાળ HMTની હોય તો, 'દેશ કી ધડકન' ના નારા સાથે, HMT નામ 90 ના દાયકામાં ઘડિયાળોનો પર્યાય બની ગયું. પરંતુ પછી સમય બદલાયો અને ટિકીંગ કી ઘડિયાળોની જગ્યાએ લેટેસ્ટ ડિઝાઈન અને ફીચર્સવાળી ઘડિયાળો આવી અને પછી સ્માર્ટવોચનો યુગ આવ્યો, પછી HMT ધીમે ધીમે માર્કેટમાંથી ગાયબ થઈ ગઈ અને કંપનીએ ઉત્પાદન બંધ કરવું પડ્યું. પરંતુ હવે ફરી એકવાર આશા છે કે HMT ઘડિયાળો પુનરાગમન કરી શકે છે.

પીએમ નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારે તેની રચના પછી કામ કરવાનું શરૂ કર્યું છે અને મોદી 3.0 માં ઘણી સરકારી કંપનીઓને પુનર્જીવિત કરવાની યોજના છે. આ અંગે કેન્દ્રીય ભારે ઉદ્યોગ મંત્રી એચડી કુમારસ્વામીએ સૌપ્રથમ એચએમટી ઘડિયાળ ઉત્પાદક કંપની હિન્દુસ્તાન મશીન ટૂલ્સ લિમિટેડ (એચએમટી લિમિટેડ)ના મેનેજમેન્ટ સાથે બેઠક યોજી હતી અને અહેવાલો અનુસાર, પુનઃજીવિત કરવાની દરખાસ્ત (એચએમટીને રિવાઈવલ પ્લાન બનાવવા માટે કહેવામાં આવ્યું છે. એવું કહેવાય છે કે એચડી કુમારસ્વામીએ એચએમટી ઘડિયાળોના બિઝનેસ, ટર્નઓવર અને ચોખ્ખો નફો સહિત અન્ય વિગતો માંગી છે.

જો HMT ઘડિયાળની સફર પર એક નજર કરીએ, તો તેનું ઉત્પાદન પૂર્વ વડાપ્રધાન પંડિત જવાહર લાલ નેહરુના સમયમાં શરૂ થયું હતું. HMT એટલે કે હિન્દુસ્તાન મશીન ટૂલ્સની સ્થાપના પછી, hmt ઘડિયાળોનું ઉત્પાદન 1961માં દેશમાં થવા લાગ્યું.

# વિદેશમાં રહેતા ભારતીયોએ અધધ.. $120 અબજ વતન મોકલ્યા


## ■ ભારતમાં આવતા પૈસાનો આ આંકડો અમેરિકા કરતા લગભગ બમણો થવા જાય છે...

ગુજરાત | વંદન

વિદેશમાં રહેતા ભારતીયોએ દેશમાં ઘણું નાણું મોકલ્યું છે. વર્લ્ડ બેંકના રિપોર્ટમાં રજૂ કરવામાં આવેલા આંકડા અનુસાર, ગત નાણાકીય વર્ષ 2023-24માં વિદેશમાં રહેતા ભારતીય મૂળના લોકોએ 120 અબજ ડોલરની રકમ મોકલી છે. આ રિપોર્ટમાં ખાસ વાત એ છે કે ભારતમાં આવતા પૈસાનો આ આંકડો અમેરિકા કરતા લગભગ બમણો છે. આ મામલે ચીન ત્રીજા સ્થાને છે.

ગત નાણાકીય વર્ષમાં વિદેશથી ભારતમાં મોકલવામાં આવેલા નાણામાં 7.5 ટકાનો મજબૂત વધારો થયો છે, આ લાભ યુએસ ફુગાવો અને મજબૂત સ્તરના બજારને કારણે જોવા મળ્યો છે. વિશ્વ બેંકના તાજેતરના અહેવાલ મુજબ, 2021-2022 દરમિયાન મજબૂત વૃદ્ધિ પછી, વિદેશમાં રહેતા ભારતીયો દ્વારા દેશમાં મોકલવામાં આવેલ રેમિટન્સ 2023 માં ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશો (LMICs) માં સત્તાવાર રીતે વધશે. ઓછું રહ્યું અને તે 656 અબજ ડોલર થયું.

એક અહેવાલ અનુસાર, જો આપણે વિશ્વ બેંકના રિપોર્ટમાં આપવામાં આવેલા ડેટા પર નજર કરીએ તો, નાણાકીય વર્ષ 2023માં વિદેશમાં રહેતા ભારતીયો દ્વારા ભારતને મોકલવામાં આવેલી રકમ અન્ય દેશોમાં રહેતા અમેરિકનો દ્વારા યુએસ મોકલવામાં આવેલી રકમ કરતાં લગભગ બમણી છે. આ સમયગાળા દરમિયાન મેક્સિકોને 66 અબજ ડોલરની રકમ મળી છે. ભારત અને અમેરિકા ઉપરાંત ચીન, ફિલિપાઈન્સ અને પાકિસ્તાન પણ વિદેશમાં વસતા તેમના વતનીઓ દ્વારા રેમિટન્સના



સંદર્ભમાં ટોપ-5માં સામેલ છે.

વિશ્વ બેંક દ્વારા બહાર પાડવામાં આવેલા તાજેતરના અહેવાલમાં, અન્ય દેશોમાં આવતા વિદેશી નાણાં વિશે વિગતવાર માહિતી શેર કરવામાં આવી છે. આ મુજબ, વિદેશથી મોકલવામાં આવેલા રેમિટન્સ પ્રાપ્તકર્તાઓમાં, ચીન 50 અબજ ડોલર સાથે ત્રીજા સ્થાને છે. આ સિવાય ફિલિપાઈન્સ 39 અબજ ડોલર સાથે ટોપ-5માં ચોથા સ્થાને છે જ્યારે પાડોશી દેશ પાકિસ્તાન પાંચમા સ્થાને છે. વિશ્વના તમામ દેશોમાં રહેતા પાકિસ્તાનીઓએ નાણાકીય વર્ષ 23 માં 27 અબજ ડોલરની રકમ તેમના દેશમાં મોકલી છે. એકંદરે વિદેશમાં રહેતા ભારતીયોએ પૈસા મોકલવાના મામલે બધાને પાછળ છોડી દીધા છે. વર્લ્ડ બેંકના એક રિપોર્ટ અનુસાર, ભારતમાંથી કુશળ ઈમિગ્રન્ટ્સ માટે અમેરિકા સૌથી મોટું સ્થળ છે અને UAE બીજા ક્રમે છે. એવું કહેવામાં આવ્યું છે કે યુએસએ પછી, ભારતમાં આવતા રેમિટન્સમાં સૌથી વધુ 18 ટકા હિસ્સો સંયુક્ત આરબ અમીરાત (UAE)થી આવ્યો છે. ભારત અને UAE વચ્ચે ક્રોસ બોર્ડર ટ્રાન્ઝેક્શન માટે સ્થાનિક કરન્સીના ઉપયોગને પ્રોત્સાહન આપવા અને પેમેન્ટ અને કોમ્યુનિકેશન સિસ્ટમમાં સુધારાને કારણે આ અસર જોવા મળી છે.

વિશ્વ બેંકે એમ પણ કહ્યું છે કે વર્ષ 2024માં ભારતમાં રેમિટન્સ 3.7 ટકા વધીને $124 બિલિયન સુધી પહોંચી શકે છે. આ સિવાય એવો પણ અંદાજ છે કે વર્ષ 2025માં આ આંકડામાં ચાર ટકાનો ઉછાળો જોવા મળી શકે છે અને વિદેશથી આવનારી રકમ વધીને 129 બિલિયન યુએસ ડોલર થઈ શકે છે.

# વિશ્વના ઝડપથી ઉભરતા શેરબજારમાં ભારત પ્રથમ ક્રમે

ગુજરાત | વંદન

ભારતીય શેરબજારમાં અવિરિત તેજીના પગલે સેન્સેક્સ અને નિફ્ટી વિશ્વના ઝડપથી ઉભરતા સ્ટોક એક્સચેન્જ બન્યા છે.




જૂન ત્રિમાસિકમાં ભારતીય શેરબજારની માર્કેટ કેપ સૌથી વધુ 13.8 ટકા વધી છે. જે ઝડપથી વધતા વિશ્વના ટોપ-10 સ્ટોક એક્સચેન્જીસમાં પ્રથમ ક્રમે પહોંચ્યું છે.

એક રિપોર્ટ અનુસાર, ભારતનું શેરબજાર સતત પાંચમા ત્રિમાસિકમાં વધ્યું છે. જે હાલ 5.03 લાખ કરોડ ડોલરની વેલ્યૂએશન સાથે વિશ્વના ટોપ-4 સ્ટોક એક્સચેન્જીસમાં સામેલ છે. જેમાં અમેરિકા 56.84 લાખ કરોડ ડોલરની માર્કેટ કેપ સાથે પ્રથમ ક્રમે છે. જે જૂન ત્રિમાસિકમાં 2.75 ટકા વધ્યું છે. જ્યારે ચીન વિશ્વનું બીજુ સૌથી મોટુ ઈક્વિટી માર્કેટ ધરાવે છે. જો કે, જૂન ત્રિમાસિકમાં તેની માર્કેટ કેપ 5.6 ટકા ઘટી 8.6 લાખ કરોડ ડોલર થઈ છે. જાપાન 6.31 લાખ કરોડ ડોલર સાથે ત્રીજા ક્રમે છે. જેની માર્કેટ કેપ પણ 6.24 ટકા ઘટી છે. આજની માર્કેટ કેપ મુજબ ભારતીય શેરબજાર 5.27 લાખ કરોડ ડોલરે પહોંચ્યું છે.

# બ્રાન્ડ વેલ્યુમાં ઓલ્ડ ઈઝ ગોલ્ડની જેમ ટાટા ગ્રપ વધુ મૂલ્યવાન બની





## ■ પહેલીવાર કોઈ ભારતીય કંપનીની બ્રાન્ડ વેલ્યુ 30 બિલિયન ડૉલરની નજીક

ગુજરાત | વંદન

કહેવત છે કે જુનુ એટલુ સોનુ. અંગ્રેજમાં કહીએ તો ઓલ્ડ ઈઝ ગોલ્ડ. આ કહેવત ટાટા કંપનીને લાગૂ પડી રહી છે. કેમ કે દેશના સૌથી જૂના બિઝનેસ હાઉસમાંથી એક ટાટા ગ્રુપે ફરી એકવાર મોટી નામના મેળવી છે. જેમાં બ્રાન્ડ ફાઈનાન્સના 2024ના અહેવાલમાં, ટાટા જૂથને ફરી એકવાર ભારતની સૌથી મૂલ્યવાન બ્રાન્ડ (ટાટા મોસ્ટ વેલ્યુએબલ બ્રાન્ડ) જાહેર કરવામાં આવી છે. આ પછી, ટેક જાયન્ટ ઈન્ફોસિસ બીજા સ્થાને છે.

બ્રાન્ડ ફાઈનાન્સના તાજેતરના અહેવાલ મુજબ, ટાટા ગ્રુપની બ્રાન્ડ વેલ્યુ ફરી એકવાર $28.6 બિલિયનની બ્રાન્ડ વેલ્યુ સાથે ભારતની સૌથી મૂલ્યવાન બ્રાન્ડ ગણવામાં આવી છે. આ કારણે ગ્રૂપની બ્રાન્ડ વેલ્યુમાં ગયા વર્ષની સરખામણીમાં 9 ટકાનો મજબૂત વધારો નોંધવામાં આવ્યો છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ટાટા ગ્રુપના ડિજિટલાઈઝેશન, ઈ-કોમર્સ, ઈલેક્ટ્રિક વાહનો, ઈલેક્ટ્રોનિક્સ અને નવી ટેક્નોલોજી પર ફોકસની અસર રેન્કિંગ પર દેખાઈ રહી છે. એટલું જ નહીં, આ ટાટા ગ્રુપની ઝડપી ગતિ અને વૃદ્ધિનું પરિણામ છે કે પહેલીવાર કોઈ ભારતીય કંપનીની બ્રાન્ડ વેલ્યુ 30 બિલિયન ડૉલરની નજીક પહોંચી ગઈ છે અને આ સિદ્ધિ ટાટા ગ્રુપ દ્વારા કરવામાં આવી છે. આ ભારતીય અર્થતંત્રમાં લોકોનો વધતો વિશ્વાસ દર્શાવે છે.

બ્રાન્ડ ફાઈનાન્સના 2024 રેન્કિંગ રિપોર્ટમાં, ટેક જાયન્ટ ઈન્ફોસિસ 14.2 બિલિયન ડોલરની બ્રાન્ડ મૂલ્ય સાથે ટાટા જૂથ પછી બીજા સ્થાને છે. તમને જણાવી દઈએ કે એનઆર નારાયણમૂર્તિ દ્વારા સહ-સ્થાપિત કંપની ઈન્ફોસિસ, ટાટા ગ્રૂપની ટીસીએસ પછી દેશની બીજી સૌથી મોટી આઈટી કંપની છે.ખાનગી ક્ષેત્રની સૌથી મોટી બેંક HDFC બેંકને સૌથી મૂલ્યવાન ભારતીય બ્રાન્ડના સંદર્ભમાં ત્રીજા સ્થાને રાખવામાં આવી છે. તેની બ્રાન્ડ વેલ્યુ $10.4 બિલિયન હોવાનું કહેવાય છે. રિપોર્ટ અનુસાર, HDFC લિમિટેડના HDFC બેંક સાથે મર્જરથી તેની બ્રાન્ડ વેલ્યુમાં વધારો થયો છે.

રેન્કિંગ રિપોર્ટમાં, આ ટોપ-3 કંપનીઓ પછી, LIC ગ્રુપ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, SBI ગ્રુપ, એરટેલ, HCL ટેક, લાર્સન એન્ડ ટુબ્રો, લાર્સન એન્ડ ટર્બો, મહિન્દ્રા ગ્રુપ અને ઝેટવર્ક પણ ટોચની ભારતીય બ્રાન્ડ્સમાં સામેલ છે.બ્રાન્ડ ફાઈનાન્સના વરિષ્ઠ નિર્દેશક સેવિયો ડિસોઝાએ ટાટાના વિકાસ માટે તેના ડિજિટલ પરિવર્તન અને અદ્યતન ટેકનોલોજી અપનાવવાને આભારી છે. દરમિયાન, એચસીએલ ટેકએ તેનું રેન્કિંગ વધાર્યું છે અને હવે તે 8મી સૌથી મૂલ્યવાન બ્રાન્ડ બની ગઈ છે.

# ભારત સહિત વિશ્વના ધનિકો પર 2 ટકા વેલ્થ ટેક્સ લાદવાની હિલચાલ

## ■ જુલાઈમાં G-20 સમિટમાં નાણામંત્રીઓ ની બેઠકમાં સંયુક્ત જાહેરાતની શક્યતા

ગુજરાત | વંદન

ભારતના નાણામંત્રી સહિત G-20 દેશોના નાણામંત્રીઓ આવતા મહિને વિશ્વના અતિ સમૃદ્ધ લોકો પર વેલ્થ ટેક્સ લાદવા અંગે ચર્ચા કરશે. દરમિયાન, અમીરો પર ટેક્સ લાદવાના સંદર્ભમાં એક સર્વેમાં એક રસપ્રદ માહિતી સામે આવી છે. જેમાં, વિશ્વભરના મોટાભાગના લોકો ભૂખમરો, અસમાનતા અને આબોહવાની કટોકટીનો સામનો કરવા માટે સમૃદ્ધ લોકો પર વધારાના કર લાદવાની તરફેણમાં છે.


સર્વે અનુસાર, G-20 દેશોના 68 ટકા લોકો અમીરો પર વેલ્થ ટેક્સ લાદવાના પક્ષમાં છે, જ્યારે ભારતમાં 74 ટકા લોકો ઈચ્છે છે કે અમીરો પર વેલ્થ ટેક્સ લાદવામાં આવે. સર્વેમાં સામેલ લોકોનું માનવું છે કે વૈશ્વિક સ્તરે આવો ટેક્સ લાદવો જોઈએ. જો કે, આવો નિર્ણય લેતા પહેલા અર્થતંત્ર પર તેની અસરની તપાસ કરવી ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે.

**જુલાઈમાં G-20ની બેઠકમાં થશે ચર્ચા!** | 'Earth4All Initiative and Global Commons Alliance'ના આ સર્વેમાં વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાના 22 હજાર લોકોના મંતવ્યો લેવામાં આવ્યા હતા. 'સુપર રિચ' પર ટેક્સ લાદવાની દરખાસ્ત 2013 થી ચર્ચામાં છે અને છેલ્લા કેટલાક વર્ષોથી આ મુદ્દાને આંતરરાષ્ટ્રીય સમર્થન મળી રહ્યું છે.

G-20 ના વર્તમાન પ્રમુખ બ્રાઝિલનું લક્ષ્ય અમીરોના કરવેરા પર સર્વસંમતિ બનાવવાનું છે.એવી અપેક્ષા રાખવામાં આવે છે કે જુલાઈમાં G-20 નાણા પ્રધાનોની બેઠકમાં આ સંબંધમાં સંયુક્ત જાહેરાત પર ભાર મૂકવામાં આવશે.

ફ્રેન્ચ અર્થશાસ્ત્રી ગેબ્રિયલ ઝુકમેનનો અહેવાલ જણાવશે કે સુપર રિચ પર લઘુત્તમ ટેક્સ વૈશ્વિક સ્તરે કેવી રીતે ફાયદાકારક બની શકે છે. તેમાં કેટલો વધારો કરી શકાય તે પણ જણાવવામાં આવશે. બ્રાઝિલના G-20માં આ ટેક્સ પ્રસ્તાવ પાછળ ઝુકમેનનું મગજ છે.

ઝુકમેન કહે છે કે સુપર રિચ સામાન્ય લોકો કરતા ઘણો ઓછો ટેક્સ ચૂકવે છે. આ પ્રસ્તાવનો હેતુ એક નવો આંતરરાષ્ટ્રીય ધોરણ સ્થાપિત કરવાનો છે જેના દ્વારા દરેક દેશના અબજોપતિ વ્યક્તિએ આ દરખાસ્ત હેઠળ વાર્ષિક ટેક્સ તરીકે તેની સંપત્તિના બે ટકા ચૂકવવા પડશે. જો આ સર્વેમાં જાહેર કરાયેલા ભારતીયોના અભિપ્રાયની વાત કરીએ તો 74 ટકા ભારતીયો આ ટેક્સની તરફેણમાં છે તો 68 ટકા ભારતીયોનું માનવું છે કે આગામી દાયકામાં વિશ્વને અર્થવ્યવસ્થાના તમામ ક્ષેત્રોમાં ફેરફાર કરવા પડશે જેમ કે વીજળી. ઉત્પાદન, પરિવહન, ઈમારતો, ઉદ્યોગ અને ખાદ્યપદાર્થોમાં મોટી પહેલ કરવાની જરૂર છે.સર્વેક્ષણમાં 81 ટકા ભારતીયોએ 'કલ્યાણકારી અર્થતંત્રો'માં સંક્રમણને સમર્થન આપ્યું હતું. આવી અર્થવ્યવસ્થાઓમાં, આર્થિક વૃદ્ધિને બદલે આરોગ્ય અને પર્યાવરણ પર વધુ ધ્યાન આપવામાં આવે છે.



# ફેશનના શોખીનો માટે ખાસ ચેતવણી : શરીર પર બનાયેલું ટેટૂ કેન્સરનું કારણ બની શકે ?

ટેટૂ બનાવવાનો શોખ છે તો થઈ જાઓ સાવધાન. આ નવી સ્ટડીમાં થયો ચોંકાવનારો ખુલાસો. સ્વીડનમાં થયેલી એક સ્ટડીમાં મળી આવ્યું કે ટેટૂ અને બ્લડ કેન્સર લિંફોમાનું કનેક્શન હોઈ શકે છે. લિંડ યુનિવર્સિટી સ્વીડનના રિસર્ચની એક સ્ટડીમાં સ્વીડિશ નેશનલ કેન્સર રજીસ્ટરના એનાલિસિસ કર્યા બાદ જાણવા મળ્યું કે ટેટૂ બનાવવું ખતરનાક સાબિત થઈ શકે છે.

2007થી 2017 સુધી 10 વર્ષ સુધી 20થી 60 વર્ષની ઉંમરના લોકોની તપાસ કરવામાં આવી છે. જેમાં લિંફોમાની જાણકારી મળી હતી. જેના બાદ તેની તુલના તે ઉંમરના હેલ્થી લોકોના ગ્રુપ સાથે કરવામાં આવી જેમાં લિંફોમા નથી મળી આવ્યા.આ અભ્યાસમાં મળી આવ્યું કે જે લોકોએ ટેટૂ બનાવડાવ્યું હતું તેમનામાં ટેટૂ ન બનાવનારની તુલનામાં લિંફોમાનો ખતરો 21 ટકા વધારે હતો. તેનાથી ખતરો વધારે વધી જાય છે. આ અભ્યાસમાં મળી આવ્યું કે જે લોકોએ છેલ્લા બે વર્ષમાં ટેટૂ બનાવડાવ્યું છે તેમનામાં લિંફોમાનું રિસ્ક 81 ટકા વધારે હતું.

તેને લઈને હજુ વધારે અભ્યાસ કરવાની જરૂર છે. તેનાથી સમજવાની જરૂર છે કે ટેટૂની સ્યાહીમાં કયા કયા કેમિકલ્સ લિંફોમાના ખતરાને વધારી શકે છે. આ અભ્યાસથી એ સાબિત નથી થતું કે ટેટૂ સીધા કેન્સરનું કારણ બની શકે છે. તેનાથી ફક્ત એટલું જાણવા મળે છે કે બન્નેમાં કનેક્શન હોઈ શકે છે.

# સુપ્રભાતનો સંદેશ આપતી ચા કે કોફી લીવરને દુષ્પ્રભાવી કરી શકે છે ?

જો તમારી ખાવાની આદતો અને જીવનશૈલી સારી હશે તો તમારું લીવર સ્વસ્થ રહેશે, પરંતુ જો તમારી જીવનશૈલી અને ખાવાની આદતોમાં કોઈ ગરબડ હશે તો તેની સીધી અસર લીવર પર પડશે.લીવર આપણા શરીરનું ખૂબ જ મહત્વપૂર્ણ અંગ છે. આ વસ્તુ કેટલી ઉપયોગી છે તે એ વાત પરથી જાણી શકાય છે કે તેમાં સહેજ પણ ગરબડ થાય તો આખા શરીરને તકલીફ થાય છે. તેથી આપણે આપણા લીવરનું ખાસ ધ્યાન રાખવું જોઈએ.

ખરાબ જીવનશૈલીના કારણે પણ લીવરમાં બગાડ થઈ શકે છે. આજકાલ સવારની શરૂઆત ચા-કોફીથી કરવી સામાન્ય બની ગયું છે. પરંતુ કેટલાક લોકો તેનું સેવન ખૂબ જ કરે છે, પરંતુ શું તમે જાણો છો કે તેની સીધી અસર આપણા સ્વાસ્થ્ય પર પડે છે. જો તમે માત્ર દૂધની ચા કે કોફી જ નહીં પરંતુ હર્બલ ટી પણ વધુ પ્રમાણમાં પીઓ છો તો તે લીવરને નુકસાન પહોંચાડે છે.

લીવરમાં 5 ટકા ફેટ હોય છે, પરંતુ જો આનાથી વધુ ફેટ હોય તો તે શરીર માટે ખૂબ જ ખતરનાક સાબિત થઈ શકે છે. લિવરમાં 10 ટકા ફેટ છે, એટલે કે ફેટી લિવરનું જોખમ વધી જાય છે. દૂધની ચા પીવાથી લીવરની સાથે-સાથે પાચનને લગતી સમસ્યાઓ પણ થઈ શકે છે.



જો તમે વધુ પડતી ચા પીઓ છો, તો લીવરમાં ઝેરનું પ્રમાણ નોંધપાત્ર રીતે વધી જાય છે. ચા પીવાથી પણ લીવરમાં સોજો આવી શકે છે. વધુ પડતી કોફી પીવાથી લીવર પર ખૂબ જ ખતરનાક અસર પડે છે. ખાસ કરીને બ્લેક કોફી મર્યાદિત માત્રામાં પીવી જોઈએ. કારણ કે વધુ પડતું પીવાથી લીવરને નુકસાન થઈ શકે છે. મસાલા ચા પીવી પણ લીવર માટે ખતરનાક સાબિત થઈ શકે છે. મસાલા ચામાં ઘણા પ્રકારના મસાલાનો ઉપયોગ કરવામાં આવે છે.

ચા પીવાથી લીવર પર ખરાબ અસર પડે છે. જેના કારણે ચા પીતાની સાથે જ વ્યક્તિ નર્વસ થવા લાગે છે. દૂધવાળી ચાની જેમ કાળી ચા પણ સ્વાસ્થ્ય માટે સારી માનવામાં આવતી નથી. જેને કારણે તમારા શરીરમાં સોજા અને ફૂલવાની સમસ્યા વધી શકે છે. વધુ પડતી કાળી ચા પીવાથી પણ ભૂખ ઓછી લાગે છે.



# ઈન્ટરનેટ યુગમાં દાદા-દાદી પણ બનશે આધુનિક, વાપરશે સહેલાઈથી સ્માર્ટફોન

દેશમાં કરોડો લોકો હવે સ્માર્ટફોનનો ઉપયોગ કરી રહ્યા છે. જેમાં વૃદ્ધો પાસે પણ સ્માર્ટફોન જોવા મળે છે. કેટલાક દાદા-દાદી પાસે સ્માર્ટ ફોન હોય તો છે પરંતુ તેનો પ્રોપર ઉપયોગ નથી ફાવતો. જો તેમને ફોનમાં કેટલાક સેટિંગ ચેન્જ કરી આપવામાં આવે તો મોબાઈલ વાપરવામાં સરળતા છે.

સ્માર્ટફોન હવે દરેક લોકોની જરૂરત બની ગયો છે. જેમાં દરેક વર્ગ અને દરેક ઉંમરના લોકો સ્માર્ટફોન ઉપયોગ કરે છે. પરંતુ મોટી ઉંમરના લોકોને તેના દરેક ફીચર્સ ઉપયોગ કરતા નથી ફાવતા. જો તમે સ્માર્ટફોનમાં કેટલાક સેટિંગમાં ફેરફાર કરો છો તો તમારા દાદા દાદી કે નાના નાની પણ આસાનીથી તેનો ઉપયોગ કરી શકે છે.

મોટી ઉંમરના લોકોને સ્ક્રીન પર લખેલા આંકડા અને અક્ષર આસાનીથી દેખાતા નથી. તેમને અક્ષર જોવામાં મુશ્કેલી પડે છે. આથી અક્ષરની સાઈઝ મોટી કરી દેવી જોઈએ. આ માટે સેટિંગમાં જઈને ડિસ્પ્લે વિકલ્પ પસંદ કરવો. ત્યાં ડિસ્પ્લે સાઈઝ એન્ડ ટેક્સ્ટ વિકલ્પ પસંદ કરી અક્ષર મોટા કરવા.

મોટા Keybordના બટનથી વૃદ્ધોને ટાઈપ કરવામાં સરળતા રહે છે. મોટા ભાગે લોકો Gboard કીબોર્ડ વાપરે છે. તેની સાઈઝ મોટી કરવા તે Keyboardને ખોલો તેની જમણી તરફમાં ત્રણ ડોટ પર ટચ કરો. બાદમાં Resize પસંદ કરી પોતાની જરૂરિયાત મુજબ સાઈઝ પસંદ કરો.

સ્માર્ટ ફોનમાં વિઝેટ, આઈકોન અને બીજા ઓપ્શન આવેલા હોય છે. આ વિકલ્પ જોઈને મોટી ઉંમરના લોકો ગભરાઈ જતા હોય છે. તેને સરળ બનાવવા BIG Launcher કે Elder Launcher જેવી એપ ઉપયોગમાં લેવી. આ એપ મોટા બોક્સ સ્ક્રીન પર બતાવે છે. જેથી તેને ટચ કરવું આસાન બને છે.

સ્માર્ટફોનમાં સ્વાઈપનો ઓપ્શન આપવામાં આવે છે. યંગ લોકો તે ઓપ્શનનો ખૂબ ઉપયોગ કરે છે. પરંતુ આ ફીચરનો ઉપયોગ વૃદ્ધો માટે આસાન નથી હોતો. આથી તેમના માટે બટનવાળું નેવિગેશન ચાલુ કરવું. જેના માટે સેટિંગમાં જઈને System પર જાઓ. પછી Gesturesમાં જઈને 3 બટન નેવિગેશન વિકલ્પ પસંદ કરો.

જો તમારા દાદા દાદીને મોબાઈલ ફોનમાં કોન્ટેક્ટ શોધવામાં મુશ્કેલી પડતી હોય તો ડાયરેક્ટ ડાયલ વિજેટનો ઉપયોગ કરી શકાય છે. તેના માટે સ્ક્રીન પર થોડી વાર ટચ કરીને રાખવું અને વિજેટ પસંદ કરો. બાદમાં કોન્ટેક્ટ શોધો કે પછી ડાયરેક્ટ ડાયલને સ્ક્રોલ કરીને શોધો. તેને હોમ સ્ક્રીન પર લાઓ. તેમાં એ કોન્ટેક્ટને પસંદ કરો જેને તમે પહેલા ફોન કરવા માંગો છો.

# સ્ત્રીની સુંદરતા મુલાયમ, લાંબા રેશમી અને ઘટ્ટ વાળ, આ રીતે ખીલી ઉઠશે





આજના સમયમાં ઘણા લોકો વાળ ખરવાની સમસ્યાથી પરેશાન છે. આવી સ્થિતિમાં તેને ઘટાડવા અને વાળને ઘટ્ટ બનાવવા માટે તમે આ વસ્તુઓને નારિયેળના તેલમાં મિક્સ કરીને લગાવી શકો છો. તે તમારા વાળને મજબૂત અને નરમ બનાવવામાં પણ મદદરૂપ સાબિત થઈ શકે છે.

દરેક યુવતી ઇચ્છે છે કે તેના વાળ મુલાયમ તેમજ લાંબા અને ઘટ્ટ હોય, પરંતુ આજકાલ વધતું પ્રદૂષણ અને બગડતી જીવનશૈલી જેવી કે બિનઆરોગ્યપ્રદ ખોરાક અને તણાવ માત્ર સ્વાસ્થ્યને જ નહીં પરંતુ વાળને પણ અસર કરે છે. આજકાલ ઘણા લોકો વાળ ખરવા અને નબળા પડવાથી પરેશાન છે. આ માટે તેઓ હેર કેરનાં વિવિધ ઉત્પાદનો અને ખર્ચાળ ટ્રીટમેન્ટ લે છે પરંતુ તેની કોઈ ખાસ અસર દેખાતી નથી.

શું તમે ક્યારેય બાળપણના ચિત્રો જોયા છે અથવા તમારી દાદી અથવા માતા પાસેથી સાંભળ્યું છે કે આ સમયે તેમના વાળ ખૂબ જાડા અને મજબૂત હતા. તે સમયે, આજના જેવી હેર કેર પ્રોડક્ટ્સ અને ટ્રીટમેન્ટ ન હતી. પરંતુ લોકોના વાળ ખૂબ જ મજબૂત હતા. જેનું રહસ્ય ઘરેલું ઉપચાર હતું, તે સમયે લોકો તેમના વાળની સંભાળ રાખવા માટે વિવિધ ઘરેલું ઉપચારનો ઉપયોગ કરતા હતા. જે વાળને મજબૂત કરવામાં અને વાળના વિકાસમાં મદદરૂપ સાબિત થાય છે.

**સામગ્રી**


**એરંડાનું તેલ - 2 ચમચી નારિયેળ તેલ - 2 ચમચી મેથીના દાણા - 1 ચમચી કઢીના પાંદડા - 5-6**

આ તેલ બનાવવા માટે એક તપેલી લો અને તેમાં નારિયેળ તેલ, મેથીના દાણા અને કઢી પત્તા ઉમેરો. તેને ધીમી આંચ પર 2 મિનિટ સુધી ચડવા દો, પછી તેને એક બાઉલમાં કાઢીને 30 મિનિટ સુધી રાખો. હવે તેને ગાળીને તેમાં એરંડાનું તેલ ઉમેરો. હવે તેને સ્કેલ્પ પર લગાવો અને 1 કલાક માટે છોડી દો અને કેમિકલ ફ્રી શેમ્પૂથી વાળ ધોઈ લો.

જો તમે પણ વાળ ખરવાની સમસ્યાથી પરેશાન છો, તો તમે કેમિકલ ઉત્પાદનોને બદલે ઘરે જ આ તેલ બનાવી શકો છો. તમારા વાળને મજબૂત બનાવવાની સાથે, તે વાળના વિકાસ અને વાળને નરમ કરવામાં પણ મદદ કરી શકે છે. તમારે ફક્ત આ વસ્તુઓને નારિયેળ તેલમાં મિક્સ કરીને લગાવવાની છે. ડાયટિશિયનએ ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો છે જેમાં તેણે આ તેલ બનાવવાની રીત સમજાવી છે. ચાલો તેના વિશે જાણીએ

# ઓફબીટ પાંચ હિલ સ્ટેશન... યે વાદિયાં યે ફિઝાયેં બુલા રહી હૈ તુમ્હેં...


કુદરતનું અસલી સૌંદર્ય જોવા માંગો છો, તો હરિયાણાના પિંજોર શહેરની નજીક આવેલા ઓફબીટ હિલ સ્ટેશન તમને આ તક આપી શકે છે. અહીંની સુંદરતા જોઈને તમારું મન ખુશ થઈ જશે. તમે મનાલી જવાનું તો ભૂલી જ જશો... .અને તમે મસ્તીથી ઝૂમીને ગાવા માંડશો- યે વાદિયાં યે ફિઝાયેં બુલા રહી હૈ તુમ્હૈ... લોકો હિલ સ્ટેશન પર રજાઓ ગાળે છે. અહીં વ્યક્તિને ગરમીથી રાહત તો મળે જ છે સાથે સાથે ઘણી શાંતિ પણ મળે છે. જો કે ભારતમાં ઘણા હિલ સ્ટેશન છે, જ્યાં લોકો દર વર્ષે મુલાકાત લે છે. પરંતુ હરિયાણાના પિંજોરની આસપાસ આવેલા આ હિલ સ્ટેશન ઓફબીટ હિલ સ્ટેશનની શ્રેણીમાં આવે છે. પિંજોર હિમાચલ પ્રદેશની ખૂબ જ નજીક છે, આ જગ્યાને એક્સપ્લોર કરવું સ્વર્ગથી ઓછું નથી....




ચૈલ હિમાચલ પ્રદેશમાં આવેલું એક નાનું અને સૌથી સુંદર હિલ સ્ટેશન છે. આ સ્થળ પ્રવાસીઓ માટે મનપસંદ સ્થળ છે. ચૈલમાં સાધુપુલ નામની જગ્યા છે. આ જગ્યાની ખાસ વાત એ છે કે અહીં તમે નાની નદીની વચ્ચે ટેબલ ગોઠવીને નાસ્તો કરી શકો છો. જરા કલ્પના કરો, તમે નદીની વચ્ચે ચા અને નાસ્તાની મજા માણી શકો છો.




તમે કદાચ આ હિલ સ્ટેશનનું નામ નહીં સાંભળ્યું હોય. હિમાલયની ગોદમાં આવેલું આ એક સુંદર હિલ સ્ટેશન છે. તે પ્રવાસીઓ માટે પૈસાની સફર માટે મૂલ્યવાન સાબિત થાય છે. પિંજોરથી મશોબરા 102 કિમી છે. આ સ્થાન તેના ફળોના બગીચા, લીલાછમ ઓકના જંગલો, મશોબ્રા ધોધ, ધુમ્મસમાં નહાતી ટેકરીઓ અને ગર્જતી નદીઓ માટે જાણીતું છે.




હિમાચલ પ્રદેશમાં આવેલ પરવાનુ ઉનાળામાં ફરવા માટેનું સારું સ્થળ છે. અહીં તમને ખૂબ જ શાંતિ મળશે. જો જોવામાં આવે તો, 760 મીટરની ઊંચાઈએ આવેલું પરવણું હિમાલયનું પ્રવેશદ્વાર છે. અહીં આવ્યા પછી, ટિમ્બર ટ્રેલ, ફ્રુટ ઓર્ચાર્ડ, ગુરુદ્વારા નાડા સાહિબ, પિંજોર ગાર્ડન, મનસા દેવી મંદિર અને કેક્ટસ ગાર્ડન જોવાનું ભૂલશો નહીં. પરવાનુનું સૌથી નજીકનું એરપોર્ટ ચંદીગઢ એરપોર્ટ છે. જો તમારે ટ્રેનમાં જવું હોય તો તમે કાલકાથી ટ્રેન મેળવી શકો છો.




કસૌલી એક ખૂબ જ સુંદર જગ્યા છે, જે પિંજોરથી 29 કિમી દૂર છે અને હિમાચલ પ્રદેશના સોલનમાં આવે છે. ઊંચા પર્વતો અને ઘાસના મેદાનો લોકોને ભીડથી દૂર શાંતિની થોડી ક્ષણો આપે છે. અહીં તમે એડવેન્ચર રાઈડિંગ અને રોપ વે ટ્રેકિંગનો આનંદ માણી શકો છો. આ સિવાય ક્રાઈસ્ટ ચર્ચ, સનસેટ અને મંકી પોઈન્ટ પણ જોવાલાયક છે, જેના વિશે એવું કહેવાય છે કે હનુમાનજીએ સંજીવની ઔષધિ લાવવા માટે અહીં પગ મૂક્યો હતો.




જો તમે પણ પહાડોની મુલાકાત લેવાનું વિચારી રહ્યા છો, જો તમે એકવાર સોલાનની મુલાકાત લીધી નથી, તો આ વખતે ચોક્કસથી અહીં પ્રવાસનું આયોજન કરો. સોલન કુદરતી નજારાઓથી ભરેલું છે. અહીં એક પ્રાચીન મંદિર અને ઘણા પ્રવાસન સ્થળો છે. પિંજોરથી 48 કિમીના અંતરે આવેલું સોલન માર્ચથી નવેમ્બર સુધી જોવાલાયક છે. બોન મોનેસ્ટ્રી, ક્રાઈસ્ટ ચર્ચ, દગશાઈ જેલ મ્યુઝિયમ, કુથાર ફોર્ટ અને ગિલ્બર્ટ ટ્રેઈલ અહીંના લોકપ્રિય પ્રવાસ સ્થળો છે. અહીં તમે મશોબ્રા અને કલ્પા જેવા સ્થળોની મુલાકાત લઈ શકો છો.

# નાનકડું દેખાતું આદુ છે મોટી મોટી બીમારીઓમાં લાભદાયી



વરસાદની મોસમ શરૂ થઈ ગઈ છે, તેથી તમારે તમારા રસોડામાં આદુ અવશ્ય રાખવું જોઈએ. કારણ કે તેમાં એન્ટીબેક્ટેરિયલ ગુણ હોય છે જે તમને ફ્લૂથી બચાવે છે. વરસાદમાં ભીના થવાથી અને બીમાર થવાથી બચાવે છે. આ ઉપરાંત તે વરસાદમાં ભીના થવાથી થતા ડેન્ડ્રફને પણ દૂર કરે છે અને વાળ ખરતા અટકાવે છે. તેમાં એન્ટિફંગલ ગુણો જોવા મળે છે, જેના કારણે તે ત્વચામાં ફંગલ ઈન્ફેક્શનથી બચાવે છે.

**આદુ એક શક્તિશાળી એન્ટીઑકિસડન્ટ** | આયુર્વેદિક ડોક્ટરે કહ્યું કે ઉનાળો અને વરસાદની ઋતુમાં આદુને રસોડામાં રાખવું જોઈએ. તેમાં ખૂબ જ શક્તિશાળી એન્ટીઑકિસડન્ટ ગુણો જોવા મળે છે. આ સિવાય તેમાં કેન્સર વિરોધી ગુણ પણ જોવા મળે છે. ઘણાં સંશોધનો દર્શાવે છે કે અંડાશયના કેન્સરથી પીડિત મહિલાઓ માટે તે ખૂબ જ ફાયદાકારક છે. જો મહિલાઓને માસિક ધર્મ દરમિયાન દુખાવો થતો હોય તો તેણે તેની ચા પીવી જોઈએ, જે દુખાવામાં રાહત આપે છે.

**આદુ સોજો ઘટાડવામાં મદદરૂપ** | આદુમાં બળતરા વિરોધી ગુણો પણ જોવા મળે છે, જે સોજો ઘટાડવામાં મદદ કરે છે. એટલા માટે જે લોકો સંધિવાથી પીડાય છે. આ તેના માટે રામબાણ ઉપાય છે. હાડકાંની મજબૂતાઈ વધારવાની સાથે તેનો ઉપયોગ ઈમ્યુનિટી બૂસ્ટર તરીકે પણ થાય છે. વરસાદમાં ભીના થયા પછી ઘણા લોકો શરદી, ઉધરસ અને તાવ જેવી સમસ્યાઓથી પીડાય છે. તે તેના માટે પણ ખૂબ ફાયદાકારક છે. વરસાદની ઋતુમાં ફ્લૂ થયા પછી જો તમે આદુની ચામાં લીંબુનો રસ અને એક ચપટી હળદર નાખીને તેનું સેવન કરો છો, તો તમને ગળાના દુખાવા અને શરદીથી રાહત મળશે. તેમાં એન્ટીઓક્સીડેન્ટ ગુણો જોવા મળે છે, જે શરીરના ઘણા ભાગો માટે જરૂરી છે.

**આદુ ત્વચા અને વાળ માટે ફાયદાકારક** | આદુ ત્વચા અને વાળ માટે પણ ખૂબ જ સારું માનવામાં આવે છે. આદુમાં આયર્ન, સેલેનિયમ, મેગ્નેશિયમ અને મેંગેનીઝ ભરપૂર માત્રામાં હોય છે. જે બોડી બિલ્ડિંગમાં ફાયદાકારક છે. તેમાં વિટામિન E, C અને B-6 મળી આવે છે, જે ત્વચા અને વાળ માટે ફાયદાકારક છે. જે લોકોને ડેન્ડ્રફ કે વાળ ખરતા હોય તેણે આદુના રસમાં ડુંગળીનો રસ મિક્સ કરીને વાળમાં લગાવવો જોઈએ. આ સિવાય તેનો રસ પણ ચહેરા પર લગાવી શકાય છે. તેમાં ફૂગપ્રતિરોધી ગુણો જોવા મળે છે, જે વરસાદની ઋતુમાં થતા પિમ્પલ્સ અને ફોલ્લીઓથી બચાવે છે.

# સાવધાન..! પગમાં આવેલા સોજા હોઈ શકે છે ગંભીર બીમારીના લક્ષણો



**પગમાં સોજો:** પગમાં સોજો એક સામાન્ય સમસ્યા હોઈ શકે છે, પરંતુ તેને અવગણવું ખતરનાક હોઈ શકે છે કારણ કે તે ઘણી ગંભીર બીમારીઓનું સંકેત હોઈ શકે છે. પગમાં સોજો ઘણીવાર પેશીઓમાં પ્રવાહીના સંચયને કારણે થાય છે, જેને તબીબી ભાષામાં એડીમા કહે છે. આ સોજાના ઘણા સંભવિત કારણો છે, જેમાંથી કેટલાક નાના હોઈ શકે છે, જ્યારે અન્ય ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓ સૂચવી શકે છે.

1. **હૃદય રોગ:** પગમાં સોજો આવવાનું સામાન્ય કારણ હૃદય રોગ હોઈ શકે છે. જ્યારે હૃદય લોહીને પૂરતા પ્રમાણમાં પંપ કરી શકતું નથી, ત્યારે શરીરના નીચેના ભાગોમાં પ્રવાહી એકઠા થઈ શકે છે. આ સ્થિતિને કન્જેસ્ટિવ હાર્ટ ફેલ્યોર કહેવાય છે. આ સિવાય હાર્ટ વાલ્વની સમસ્યાને કારણે પણ સોજો આવી શકે છે. જો શ્વાસ લેવામાં તકલીફ, થાક અને છાતીમાં દુખાવો જેવા લક્ષણો પણ સોજા સાથે દેખાય છે, તો તરત જ તબીબી સલાહ લેવી જોઈએ.

2. **કિડનીની સમસ્યાઓ:** કિડનીનું કાર્ય શરીરમાંથી કચરો અને વધારાનું પ્રવાહી દૂર કરવાનું છે. જો કિડની યોગ્ય રીતે કામ કરતી નથી, તો શરીરમાં પ્રવાહી અને સોડિયમ એકઠા થવા લાગે છે, જેના કારણે પગમાં સોજો આવે છે. કિડનીની સમસ્યાઓના અન્ય લક્ષણોમાં ભૂખ ન લાગવી, નબળાઈ અને પેશાબમાં ફેરફારનો સમાવેશ થાય છે.

3. **લીવરની સમસ્યાઓ:** લીવર ફેલ થવું પણ પગમાં સોજાનું એક મોટું કારણ હોઈ શકે છે. સિરોસિસ જેવા યકૃતના રોગોમાં, લીવરને નુકસાન શરીરમાં પ્રોટીનનું ઉત્પાદન ઘટાડે છે, જે પ્રવાહી સંચય તરફ દોરી શકે છે. તેની સાથે પેટમાં સોજો, ત્વચા અને આંખો પીળી પડવા જેવા લક્ષણો પણ જોવા મળે છે.

4. **શિરાની અપૂર્ણતા:** જ્યારે પગની નસો યોગ્ય રીતે કામ કરતી નથી અને લોહી હૃદયમાં પાછું ફરી શકતું નથી, ત્યારે પગની નસોમાં દબાણ વધી શકે છે, જેના કારણે સોજો આવે છે. આ સ્થિતિને વેનિસ અપૂર્ણતા કહેવામાં આવે છે. પ્રારંભિક તબક્કામાં તેને પકડીને તેની સારવાર કરવી મહત્વપૂર્ણ છે, અન્યથા સ્થિતિ ગંભીર બની શકે છે.

5. **લિમ્ફેડેમા:** લસિકા તંત્ર શરીરમાં પ્રવાહી સંતુલન જાળવવામાં મદદ કરે છે. જો લસિકા ગાંઠો અથવા લસિકા વાહિનીઓમાં અવરોધ હોય, તો તે લિમ્ફેડેમાનું કારણ બની શકે છે, જેના કારણે પગમાં સોજો આવે છે. આ ઘણીવાર કેન્સરની સારવાર પછી જોવા મળે છે, જ્યારે લસિકા ગાંઠો દૂર કરવામાં આવે છે અથવા નુકસાન થાય છે.

6. **આર્થરાઈટિસ:** આર્થરાઈટિસ પણ પગમાં સોજાનું એક મોટું કારણ હોઈ શકે છે. સાંધા, ખાસ કરીને રુમેટોઈડ સંધિવા અને અસ્થિવા જેવા પ્રકારો, સોજો અને પીડાનું કારણ બની શકે છે, જે સોજો પગમાં ફાળો આપી શકે છે.

7. **દવા:** કેટલીક દવાઓ પણ પગમાં સોજાનું કારણ બની શકે છે, જેમ કે બ્લડ પ્રેશરની દવાઓ, સ્ટેરોઈડ્સ અને કેટલીક એન્ટીડિપ્રેસન્ટ્સ જો નવી દવા શરૂ કર્યા પછી સોજો દેખાય છે, તો ડૉક્ટરની સલાહ લેવી જોઈએ.

8. **અન્ય કારણો:** ગર્ભાવસ્થા, સ્થૂળતા અને લાંબા સમય સુધી ઊભા રહેવા અથવા બેસવા જેવા કારણો પણ પગમાં સોજાનું કારણ બની શકે છે. વધુમાં, ચેપ અથવા ઈજા પણ બળતરા પેદા કરી શકે છે.

નોંધ: આ લેખ માત્ર સામાન્ય જાણકારી માટે છે, તે કોઈ પણ પ્રકારે દવા કે ઈલાજનો વિકલ્પ હોઈ શકે નહીં. વધુ માહિતી માટે તમારાં ડોક્ટરની સંપર્ક કરો.

# 30 જૂને પેરિસ ઓલિમ્પિકની મશાલ પહોંચશે વિટ્રી-લે-ફ્રાંકોઈસ

## ■ રિમ્સમાં થશે ઉજવણી, 26મીએ પહોંચશે પેરિસ

ગુજરાત | વંદન

માર્ને એક અધિકૃત અને ચમકતી જમીન છે જેમાં અગ્રણી કૃષિ ઉદ્યોગ છે (ખેતરો વિભાગના 60 ટકા વિસ્તારને આવરી લે છે) અને અકલ્પનીય કુદરતી વાતાવરણ જેમાં મેદાનો, જંગલો અને દ્રાક્ષાવાડીઓનો સમાવેશ થાય છે. આ તબક્કા માટે ઓલિમ્પિક મશાલ રિલે વિટ્રી-લે-ફ્રાંકોઈસમાં શરૂ થશે , જે અગાઉ ગ્રેનોબલમાં 1968 વિન્ટર ઓલિમ્પિક ગેમ્સ પહેલા ઓલિમ્પિક મશાલ માટે રેડ કાર્પેટ પાથરી હતી.

ત્યાંથી, તે 48 કિમીમાં ફ્રાન્સમાં સૌથી મોટું કૃત્રિમ તળાવ ડેર તળાવના કિનારે ગિફામોન્ટ-ચેમ્પાઉબર્ટ તરફ આગળ વધશે. આગળનો સ્ટોપ ચેલોન્સ-એન-શેમ્પેન હશે, જ્યાં મશાલ નેશનલ સર્કસ આર્ટસ સેન્ટરને પ્રોત્સાહન આપવામાં મદદ કરશે. તે પછી તે સેન્ટે-મેનેહોલ્ડ અને એપર્ને તરફ જશે , જ્યાં તે પ્રતિષ્ઠિત એવન્યુ ડી શેમ્પેઈનથી નીચે સેઝાન , એક મોહક મધ્યયુગીન શહેર તરફ જશે. બાકીના તહેવારો વિભાગના સૌથી મોટા શહેર રીમ્સમાં થશે.

પેરિસથી 45 મિનિટના અંતરે સ્થિત, રીમ્સ સાંસ્કૃતિક, રમતગમત અને યુનિવર્સિટી જીવનના ક્રોસરોડ્સ પર આવેલું છે. તેનો સમૃદ્ધ ઈતિહાસ પ્રતિષ્ઠિત શેમ્પેઈન ઉત્પાદકો સાથે



સંકળાયેલો છે જેઓ આ વિસ્તારમાં વિકસ્યા છે. ઓલિમ્પિક મશાલ શહેરના દક્ષિણ-પૂર્વ ભાગમાં 21 હેક્ટરથી વધુ વિસ્તારમાં ફેલાયેલ એક લીલાછમ પેચ પાર્ક ડી શેમ્પેનમાં શહેરનો પ્રવાસ શરૂ કરશે.

આગળ, તે સેન્ટ રેમિગિયસ બેસિલિકા (રોમેનેસ્કક કલાની 126-મીટર લાંબી માસ્ટરપીસ) અને ઓગસ્ટે ડેલૌન સ્ટેડિયમ તરફ પ્રયાણ કરશે, જે ફ્રાન્સમાં સૌથી પ્રખ્યાત ફૂટબોલ ક્લબમાંનું એક છેઃ સ્ટેડ ડી રીમ્સ.

આ મશાલ લે મૅનેજથી પસાર થશે, થિયેટર સાથેનું સાંસ્કૃતિક હૉટસ્પોટ અને 800ની ક્ષમતા ધરાવતું કાયમી સર્કસ. તે પછી, તે નોટ્રે-ડેમ કૅથેડ્રલ જશે. 11મી સદીથી, ફ્રેન્ચ રાજાઓએ પ્રખ્યાત કેથેડ્રલમાં તેમનો રાજ્યાભિષેક કરવાનું શરૂ કર્યું, જે કેથેડ્રલની બાજુમાં એક શાહી નિવાસસ્થાન પેલેસ ડુ ટાઉમાં પણ ફેલાયેલો છે. ત્યારબાદ મશાલ પોર્ટે ડી માર્સ તરફ આગળ વધશે, જે 3જી સદીથી ટકી રહેલા રોમન યુગના 32-મીટર-લાંબા અને 12-મીટર-ઊંચા અવશેષો છે . નજીકમાં આવેલ એસ્પ્લેનેડ, સ્ક્વેર ડે લા પોર્ટે ડી માર્સ, દિવસના અંતે ઉજવણીનું આયોજન કરશે , જે કઢાઈના પ્રકાશમાં પરિણમશે.



# તીરંદાજ કૌરના સંઘર્ષની કહાણી- સામાન્ય પરિવારમાંથી પહોંચશે પેરિસ-ગોલ્ડ પક્કા ?

## ■ પિતાએ 25 હજાર રૂપિયા ઉછીના લઈને પુત્રીને ધનુષ્ય અપાવ્યું અને સ્વપ્ન પૂર્ણ થયું

ગુજરાત | વંદન

રમતગમતક્ષેત્રે હરિયાણા હાલ સમગ્ર દેશમાં નંબર વન પર છે. અહીં કુસ્તી, હોકી અને બોક્સિંગમાં હંમેશા પ્રભુત્વ રહ્યું છે, પરંતુ હવે ખેલાડીઓ તીરંદાજીમાં પણ આગળ વધી રહ્યા છે . અત્યારે સૌથી મોટું નામ ઉભરી રહ્યું છે તે 18 વર્ષીય ભજન કૌર છે, જેણે તાજેતરમાં પેરિસ ઓલિમ્પિક ગેમ્સ માટે મહિલા વર્ગમાં ભારતને બીજી બર્થ અપાવી છે .

તુર્કીના અંતાલ્યામાં યોજાઈ રહેલી અંતિમ ઓલિમ્પિક ક્વોલિફાયરની વ્યક્તિગત ઈવેન્ટમાં ભજને ગોલ્ડ મેડલ જીતીને ઓલિમ્પિકમાં રમવાનું પોતાનું સપનું પૂરું કર્યું. જોકે, અહીં સુધી પહોંચવાનું તેનું સપનું સરળ નહોતું. તેમના જીવન સંઘર્ષ પર એક નજર....


હરિયાણાના સિરસાથી ભજનનું જીવન સંઘર્ષથી ભરેલું રહ્યું છે. ખેડૂત પિતા ભગવાન સિંહે ભજનના સપનાને પૂરા કરવા માટે ઘણી મહેનત કરી છે. એક સમય એવો હતો જ્યારે ભજન પાસે રિકર્વ તીરંદાજી જેવી ટેકનિકલ સ્પર્ધા માટે સાધનો એટલે કે ધનુષ ખરીદવાના પૈસા પણ નહોતા . પરંતુ તેના પિતાએ તેની પુત્રીનું સ્વપ્ન ચકનાચૂર ન થવા દીધું અને લગભગ 25 હજાર રૂપિયા ઉછીના લઈને પુત્રીના સપનાને પાંખો આપી અને તેના સહારે તે આગળ વધતી ગઈ અને એક ફચી એક મેડલ જીતતા જીતતા આખરે હવે પેરિસ તરફ પ્રયાણ કરશે.... પરિવારના સહકારથી જ ભજનની મહેનત રંગ લાવી. તેણે સૌપ્રથમ ભારતીય ગેમ્સમાં પોતાનું નામ બનાવ્યું હતું. તેણે ઘરેલું સ્પર્ધાઓમાં પણ સારું પ્રદર્શન કર્યું હતું અને 16 વર્ષની ઉંમરે હેંગઝોઉ એશિયન ગેમ્સ 2022માં રમવાની ટીમમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ભજને તેનું શાનદાર પ્રદર્શન ચાલુ રાખ્યું અને મહિલા ટીમ રિકર્વ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો. તમને જણાવી દઈએ કે મહિલા વર્ગમાં ભારતનો પહેલો ઓલિમ્પિક ક્વોટા પશ્ચિમ બંગાળની 25 વર્ષીય અંકિતા ભગતને આપવામાં આવ્યો હતો. તુર્કીના અંતાલ્યામાં ચાલી રહેલી અંતિમ ઓલિમ્પિક ક્વોલિફાયરની વ્યક્તિગત સ્પર્ધામાં અંકિતા ક્વાર્ટર ફાઈનલમાં હારી ગઈ હોવા છતાં તે ક્વોટા મેળવવામાં સફળ રહી હતી.

## વિવિધ રમતો આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ માટે અબજો ડોલરની આવક રળી આપે છે...




# 200 દેશોનો મેળાવડો, ખાવો-પીવો, મોજ કરો-જિંદગી ના મિલે દોબારા..

### ટોક્યો ઓલિમ્પિક ગેમ્સમાં કોન્ટ્રાક્ટ, સ્પોન્સરશિપ અને બિડ પર લાંચ લેવાનાં આરોપો લાગ્યા હતા





ગુજરાત | વંદન

પેરિસ ઓલિમ્પિક 2024ની ધીમે ધીમે વિવિધ દેશોમાં અને માધ્યમોમાં વ્યાપક નોંધ લેવાવા માંડી છે. 26 જુલાઈના રોજ વિધિવત ફ્રાન્સની રાજધાની એફિલ ટાવરવાળા શહેર પેરિસમાં સમર ગેમ્સનો દબદબાભેર પ્રારંભ થશે. પેરિસ ઓલિમ્પિકમાં ભારત સહિત વિશ્વના 200 દેશો અથવા પ્રદેશોના લગભગ 10 હજાર કરતાં વધુ રમતવીરો સામેલ છે. જો કે એક અહેવા અનુસાર, આ રમતોત્સવ કે જેને ઓલિમ્પિક્સ કહેવાય છે તે માત્ર આનંદ અને રમતો કરતાં વધુ છે. અને તેમાં બીજા તત્વો અને પરિબળો પણ સમયાંતરે ઉમેરાતા આવ્યાં છે.

વિશ્વના 200 દેશોના રમતવીરોની સાથે તેમના સહાયકો અને લાખો દર્શકોનો મેળાવડો વાસ્તવમાં ધંધા-કારોબારની રીતે જોઈએ તો તે એક વિશાળ વ્યવસાય છે, જે આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ માટે અબજો ડોલરની આવક રળી આપે છે. તેઓ મેડલ ટેબલમાં સ્થાન, ઉદઘાટન સમારોહમાં વિશ્વના નેતાઓની હાજરી અને ગોલ્ડ-મેડલ વિજેતાઓનું સન્માન કરતા તેમના દેશનું રાષ્ટ્રગીત દ્વારા જોવા મળતા ભૌગોલિક રાજકીય પ્રભાવ માટે મહત્વપૂર્ણ છે.

■ IOC અને ઓલિમ્પિક્સ કેવી રીતે કાર્ય કરે છે તેના પર અહીં એક નજર નાંખીએ તો, ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી( આઈઓસી) સ્વિટ્ઝર્લૅન્ડના લૉસને નામના સ્થળે સ્થિત એક બિન-લાભકારી, બિન-સરકારી સંસ્થા છે.

■ તે તેની 91% આવક પ્રસારણ અધિકારો (61%) અને સ્પોન્સરશિપ (30%) ના વેચાણમાંથી પેદા કરે છે. 2021માં ટોક્યો ઓલિમ્પિક્સ સાથે સમાપ્ત થતા વિન્ટર અને સમર ગેમ્સના નવીનતમ ચાર-વર્ષના સમયચક્રની આવક 7.6 બિલિયન ડોલર હતી.

■ IOC કહે છે કે તે તેની આવકનો 90% હિસ્સો પાછું રમતગમતમાં પાછું આપે છે, જોકે એથ્લેટ્સના ભાગે તો સાવ સામાન્ય નાનો ટુકડો મળે છે. તેને બદલવા માટે કોઈ પગલા લેવામાં આવી શકે છે. IOC એ 2019માં લગભગ 190 મિલિયન સ્વિસ ફ્રેંક અથવા લગભગ 200 મિલિયન ડોલરના ખર્ચે એક નવું હેડક્વાર્ટર ખોલ્યું. યજમાન રાષ્ટ્રો ઓલિમ્પિકના આયોજન માટે મોટાભાગના બિલો પસંદ કરે છે.

■ ટોક્યો ગેમ્સની કિંમત સત્તાવાર રીતે 13 બિલિયન ડોલરની યાદીમાં મૂકવામાં આવી હતી. અડધાથી વધુને જાપાની સરકારી સંસ્થાઓ દ્વારા આવરી લેવામાં આવી હતી. ઓલિમ્પિક ખર્ચને ટ્રેક કરવો મુશ્કેલ છે, પરંતુ જાપાની સરકારના ઓડિટમાં સૂચવવામાં આવ્યું છે કે વાસ્તવિક ખર્ચ સૂચિબદ્ધ કરતા બમણા હોઈ શકે છે.

■ IOC લગભગ 100 સભ્યોનું બનેલું છે. સભ્યપદ તેના પોતાના સાથીદારોને પસંદ કરે છે અને સૌથી લાંબી સેવા લેકટેંસ્ટેઈનની પ્રિન્સેસ નોરા છે. ઓછામાં ઓછા અડધા ડઝન અન્ય રાજવીઓ IOC સભ્યો છે. જો કે, મોટાભાગની સત્તા પ્રમુખ થોમસ બાચ - જર્મનીના વકીલ કે જેઓ સભ્ય પણ છે - અને તેના એક્ઝિક્યુટિવ બોર્ડમાં નિહિત છે.

■ IOC સભ્યો તકનીકી રીતે વોલેન્ટીયર (સ્વયંસેવકો) છે, જોકે બેચના તમામ ખર્ચ IOC દ્વારા આવરી લેવામાં આવે છે. આઈઓસીનો વાર્ષિક અહેવાલ જણાવે છે કે 2022માં આ રકમ $370,000 હતી.

■ આમાં 275,000 યુરો અથવા લગભગ $295,000 ની વાર્ષિક "ક્ષતિપૂર્તિ" શામેલ છે. સ્વિટ્ઝર્લેન્ડમાં તેમની $163,000ની કર જવાબદારીઓ પણ ચૂકવવામાં આવી હતી. IOC સભ્યો મીટિંગમાં હાજરી આપવા અને ફર્સ્ટ-ક્લાસ ટ્રાવેલ અને ફાઈવ-સ્ટાર લોજિંગ મેળવવા માટે દરરોજ $450-$900 ની વચ્ચે મેળવે છે.

■ અવેતન સ્વયંસેવકો IOC અને સ્થાનિક આયોજકોને ગેમ્સ ચલાવવામાં મદદ કરે છે. તેઓ સામાન્ય રીતે ગણવેશ મેળવે છે, જ્યારે તેઓ કામ કરે છે ત્યારે ખોરાક અને કેટલાક નજીવા પરિવહન ખર્ચ મેળવે છે. આવાસના લાભનો ભાગ્યે જ સમાવેશ થાય છે.

■ પેરિસ 2024ના આયોજન માટે અંદાજે 45,000 સ્વયંસેવકોની જરૂર પડવાની છે. ટોક્યોને શરૂઆતમાં 80,000 અને પછી વધારે વોલેન્ટીયર્સની જરૂર પડી હતી.સામાન્ય રીતે, માત્ર સમૃદ્ધ લોકો જ સ્વયંસેવક તરીકે સેવા ચાકરી કરી શકે છે.

■ રિયો ડી જાનેરોમાં 2016ના ઓલિમ્પિકમાં સ્વયંસેવકો શોધવા માટે સંઘર્ષ કરવો પડ્યો કારણ કે શહેરના ઘણા ગરીબો મફતમાં કામ કરી શકતા ન હતા. કેટલાક પ્રથમ દિવસે દેખાયા, તેમણે તેમના ગણવેશ વસ્ત્રો એકત્રિત કર્યા અને પછી પાછા ફર્યા નહીં....

■ સ્વયંસેવક વ્યવસ્થાને આર્થિક શોષણ તરીકે જોઈ શકાય છે. જો સ્વયંસેવકોને ન્યૂનતમ વેતન 10 ડોલર પ્રતિ કલાક ચૂકવવામાં આવે, તો વધારાનો ખર્ચ 100 મિલિયન ડોલર જેટલો હોઈ શકે છે. પેરિસના કેટલાક સ્વયંસેવકોએ ઓલિમ્પિક ખર્ચ અને ફ્રેંચ પેન્શન સુધારા અંગે નારાજગી વ્યક્ત કરવા માટે હાજર ન થવાની ધમકી આપી છે.

■ IOC કહે છે કે ઓલિમ્પિક રાજકારણથી આગળ છે. પરંતુ વાસ્તવમાં, તે ખૂબ જ રાજકીય છે. તે નોંધનીય છે કે IOC સંયુક્ત રાષ્ટ્રમાં નિરીક્ષકનો દરજ્જો ધરાવે છે, જે વિશ્વમાં તેની સ્વ-માન્ય ભૂમિકાનું સૂચક છે.

■ રાજકીય વૈજ્ઞાનિક જુલ્સ બોયકોફે તેમના તાજેતરના પુસ્તક "વોટ આર ધ ઓલિમ્પિક્સ ફોર" માં નોંધ્યું છે કે રમતવીરો દેશ દ્વારા ઉદઘાટન સમારોહમાં કૂચ કરે છે. તે નોંધે છે કે તેઓ રમતગમત દ્વારા જૂથબદ્ધ કૂચ પણ કરી શકે છે.

■ પરંતુ તે રાષ્ટ્રવાદી તત્વને ઓછું કરશે, જે ગેમ્સની લોકપ્રિયતાની ચાવી છે. એડોલ્ફ હિટલરે 1936ના બર્લિન ઓલિમ્પિક્સનો ઉપયોગ તેના એજન્ડાને પ્રોત્સાહન આપવા માટે કર્યો હતો. મશાલ રિલેનું મૂળ બર્લિનમાં છે.

■ 2015માં, 2022 વિન્ટર ઓલિમ્પિક્સ આપવાનું નક્કી કરવામાં આવ્યું હોવાથી, IOC પાસે માત્ર બે અસંભવિત ઉમેદવારો હતાઃ બેઈજિંગ અને અલ્માટી, કઝાકિસ્તાન. નજીકના મતમાં ચીનની રાજધાનીની જીત થઈ હતી..

■ સ્વીડન, જર્મની અને સ્વિટ્ઝર્લેન્ડ સહિતના ઘણા યુરોપિયન દેશો રમતોના આયોજન પાછળ થતાં ઊંચા ખર્ચને કારણે બિડની બહાર નીકળી ગયા. ત્યારથી, IOC એ જૂની બિડ સિસ્ટમને ખતમ કરી દીધી છે.

■ 2024 સમર ગેમ્સ માટે 2017માં તેની પાસે ફક્ત બે બિડર્સ હતાઃ પેરિસ અને લોસ એન્જલસ. તેણે પેરિસને 2024ની તે ગેમ્સ આપી અને લોસ એન્જલસને 2028 આપી છે,.એટલે પેરિસ રમતોત્સવમાં છેલ્લાં દિવસે કહેવાશે- ફરી મળીશું લોસ એન્જલસમાં.....

■ 2021માં, તેમણે બ્રિસ્બેન, ઓસ્ટ્રેલિયા, 2032 ઓલિમ્પિક ગેમ્સ - 11 વર્ષ અગાઉથી - મોટે ભાગે પ્રભાવશાળી IOC સભ્ય જ્હોન કોટ્સને કારણે આપ્યો હતો. એટલે 2032માં બ્રિસ્બેન અને જો બધુ સમુસુતરૂ પાર પડે તો 2026માં ભારતમાં અમદાવાદમાં સમર ઓલિમ્પિક્સ યોજાશે.

■ અમેરિકન કોલેજના બે પ્રોફેસરો વિક્ટર મેથેસન અને રોબર્ટ બાડે દ્વારા કરવામાં આવેલા ઓલિમ્પિક અભ્યાસે તારણ કાઢ્યું હતું કે "મોટા ભાગના કિસ્સાઓમાં ઓલિમ્પિક્સની યજમાની જે તે શહેરો માટે એક નાણાં ગુમાવનાર દરખાસ્ત તરીકે જ છે."

■ IOC અધિકારીઓ કહે છે કે બિડ સિસ્ટમમાં તાજેતરના ફેરફારો મદદ કરશે. મુખ્ય દલીલ એ છે કે ઓલિમ્પિક્સ ખૂબ ખર્ચાળ છે અને તે શાળાઓ અને હોસ્પિટલો જેવી પ્રાથમિકતાઓને એક બાજુએ મૂકી શકે છે.

■ એક સવાલ- શું ઓલિમ્પિક્સમાં કૌભાંડો અને ભ્રષ્ટાચાર પણ થાય છે.....આ પ્રશ્નના જવાબમાં જોઈએ તે,.ઓલિમ્પિક્સ વારંવાર કૌભાંડો અથવા ભ્રષ્ટાચારમાં ફસાઈ જાય છે, કદાચ મોટી માત્રામાં જાહેર નાણાં સામેલ હોવાને કારણે અને સમયમર્યાદામાં ઉતાવળથી કામ પૂર્ણ કરવામાં એવુ થતું હશે.તાજેતરની ટોક્યો ગેમ્સમાં કોન્ટ્રાક્ટ, સ્પોન્સરશિપ અને બિડ પર લાંચ લેવાનું કૌભાંડ સામેલ હતું.

■ 2016ની રિયો ડી જાનેરો ઓલિમ્પિક્સ જ્યારે ખુલી ત્યારે પૈસાની કમી હતી. ઓલિમ્પિક સમાપ્ત થયાની ટૂંક સમયમાં જ IOC સભ્ય કાર્લોસ નુઝમાન, જેમણે ગેમ્સનું નેતૃત્વ કર્યું હતું, ભ્રષ્ટાચારના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી.

■ સોચી, રશિયામાં 2014 વિન્ટર ગેમ્સ, રાજ્ય દ્વારા સંચાલિત ડોપિંગ કૌભાંડ અને કવરઅપ દ્વારા ચિહ્નિત કરવામાં આવી હતી. 2002 સોલ્ટ લેક વિન્ટર ગેમ્સમાં બિડ પ્રક્રિયામાં ભ્રષ્ટાચારને કારણે કેટલાક નૈતિક સુધારાની ફરજ પડી હતી. અને જાપાનમાં 1998 નાગાનો વિન્ટર ઓલિમ્પિક્સના આયોજકોએ ગુનાહિત નાણાકીય રેકોર્ડ્સનો નાશ કર્યો હોવાના વ્યાપક અહેવાલ છે જે દર્શાવે છે કે તેઓએ IOC સભ્યો માટે ભવ્ય મનોરંજન પર લાખો ખર્ચ્યા હતા.

## પેરિસ ઓલિમ્પિક 2024 દરમિયાન આતંકવાદી હુમલો ટળી ગયો

# ફ્રાન્સે એક આત્મઘાતી આતંકીને ઝડપી પાડી કાવતરાને નિષ્ફળ બનાવ્યો






ગુજરાત | વંદન

વિશ્વમાં યોજાતા ઓલિમ્પિક રમતોત્સવની સાથે નકારાત્મક બાબત પણ જોડાયેલી છે. કેટલાક દેશો અને આતંકી સંગઠનો પોતાનો હિસાબ-કિતાબ ચુકતે કરવા આવા પ્રસંગે હરિફ દેશના રમતવીરો પર હુમલો કરીને મારી નાંખે છે યા તો તેમને બાનમાં લઈને ધાર્યુ કરાવે છે. આતંકવાદી પ્રવૃતિની આવી અગાઉ બનેલી ઘટનાઓને લઈને પેરિસમાં તેને રોકવા પગલા લેવાયા છે અને તેના કારણે એક પ્રયાસને નિષ્ફળ બનાવવામાં સત્તાવાળાઓને સફળતા મળી છે.

તાજેતરમાં ફ્રાન્સે 2024 ઓલિમ્પિકમાં ફૂટબોલ મેચોને નિશાન બનાવવાના આતંકવાદી ષડયંત્રને નિષ્ફળ બનાવ્યું છે. ફ્રાન્સના સત્તાવાળાઓએ એક આતંકવાદી હુમલાને સફળતાપૂર્વક અટકાવ્યો છે જે પૂર્વી ફ્રાન્સમાં લોયર વિભાગના એક નગર સેન્ટ-એટિએનમાં 2024 ઓલિમ્પિક ગેમ્સ દરમિયાન ફૂટબોલ મેચોને લક્ષ્ય બનાવવા માટે આયોજન કરવામાં આવ્યું હતું.

ફ્રાન્સના આંતરિક બાબતોના મંત્રાલયના જણાવ્યા અનુસાર, ફ્રાન્સના આંતરિક બાબતોના મંત્રાલયે નિષ્ફળ આતંકવાદી કાવતરાના સંબંધમાં ચેચન મૂળના 18 વર્ષીય શંકાસ્પદની ધરપકડ કરી છે. ફ્રાન્સના સત્તાવાળાઓએ પેરિસમાં આ ઉનાળાની ઓલિમ્પિક ગેમ્સ દરમિયાન સોકર મેચોને નિશાન બનાવીને આતંકવાદી હુમલાનું કાવતરું ઘડવાની શંકાના આધારે એક 18 વર્ષીય ચેચન નાગરિકની ધરપકડ કરી હતી, કારણ કે આ ગેમ્સ પહેલા વૈશ્વિક તણાવ વચ્ચે ફ્રાન્સ તેના ઉચ્ચ સ્તરની સુરક્ષા ચેતવણી પર છે.

ફ્રાન્સના ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર, શંકાસ્પદ વ્યક્તિની ઈસ્લામિક પ્રેરિત હુમલાનું કાવતરું ઘડવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે. જેમાં શકમંદનું નામ જાહેર કરાયું ન હતું. શંકાસ્પદ વ્યક્તિ આ વર્ષના ઓલિમ્પિક દરમિયાન સોકર મેચોની યજમાની કરવા માટે તૈયાર થયેલા સેન્ટ-એટીન શહેરના જીઓફ્રોય-ગુડચાર્ડ સ્ટેડિયમમાં દર્શકો અને પોલીસ બંનેને નિશાન બનાવીને હુમલાનું કાવતરું ઘડી રહ્યો હતો.

# ક્રિકેટની રમતમાં ક્રાંતિ લાવનાર ફ્રેન્ક ડકવર્થની ચિરવિદાય

## ■ DLS એ ફ્રેન્ક ડકવર્થનું ક્રિકેટમાં સૌથી મોટું યોગદાન છે



ગુજરાત | વંદન

DLS મેથડ... તમે ક્રિકેટ મેચ દરમિયાન આ શબ્દ ઘણી વાર સાંભળ્યો હશે. તેનો ઉપયોગ વરસાદથી પ્રભાવિત આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચના પરિણામો નક્કી કરવા માટે થાય છે. આ પદ્ધતિ શોધનાર ફ્રેન્ક ડકવર્થનું મંગળવારે અવસાન થયું. તેઓ 84 વર્ષના હતા. DLS એ ફ્રેન્ક ડકવર્થનું ક્રિકેટમાં સૌથી મોટું યોગદાન છે, કારણ કે તે તેના શોધકોમાંના એક હતા. ફ્રેન્ક ડકવર્થે ટોની લેવિસ સાથે મળીને ડીએલએસની શોધ કરીને ક્રિકેટમાં ક્રાંતિ લાવવાનું કામ કર્યું હતું.જ્યારે ટોની લેવિસનું પણ 4 વર્ષ પહેલાં અવસાન થયું હતું.

અગાઉ તેનું નામ ડકવર્થ-લુઈસ પછી માત્ર ડીએલ હતું. વર્ષ 2014માં જ્યારે ઓસ્ટ્રેલિયન આંકડાશાસ્ત્રી સ્ટીવન સ્ટર્ને તેમાં કેટલાક ફેરફારો કર્યા ત્યારે તેને ડકવર્થ-લુઈસ-સ્ટર્ન એટલે કે DLS નામ આપવામાં આવ્યું હતું. ઈંગ્લેન્ડના આંકડાશાસ્ત્રી ડકવર્થે ટોની લુઈસ સાથે મળીને આ પદ્ધતિ શોધી કાઢી હતી, જેને ઝિમ્બાબ્વે અને ઈંગ્લેન્ડ વચ્ચેની મેચમાં 1 જાન્યુઆરી 1997ના રોજ પ્રથમ વખત ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) દ્વારા લાગુ કરવામાં આવી હતી. ઝિમ્બાબ્વેએ આ મેચ 7 રને જીતી લીધી હતી. તે પછી ICCએ તેને 1999માં મંજૂરી આપી અને જે પછી 2001 માં ક્રિકેટની સર્વોચ્ચ સંસ્થા ICCએ વરસાદી મેચોમાં ટાર્ગેટમાં સુધારો કરવા માટે પ્રમાણભૂત પદ્ધતિ તરીકે તેને સંપૂર્ણપણે અપનાવ્યું.

T20 વર્લ્ડ કપ 2024 ની 4 મેચોના પરિણામ DLS થી જાહેર કરવામાં આવ્યું હતું . જેમાં DLSનો નવીનતમ ઉપયોગ ICC T20 વર્લ્ડ કપ 2024ની સુપર-8માં રમાયેલી છેલ્લી મેચમાં થયો હતો. આ મેચ અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચે રમાઈ હતી, જેમાં અફઘાનિસ્તાને DLS હેઠળ સુધારેલા લક્ષ્યાંક બાદ 8 રનથી જીત મેળવી હતી અને સેમીફાઈનલ માટે ટિકિટ બુક કરી હતી. T20 વર્લ્ડ કપ 2024 દરમિયાન અફઘાનિસ્તાન-બાંગ્લાદેશ મેચ પહેલા પણ 3 મેચમાં DLSનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

# દિવસે દિવસે યુવાન થતો જાય છે માહી! ધોનીનો નવો લુક જોઈ ફેન્સ થયા ફીદા

ગુજરાત | વંદન



એકતરફ T20 વર્લ્ડકપ ચાલી રહ્યો છે. ભારતીય ક્રિકેટ ટીમ ફાઈનલમાં પહોંચી ચૂકી છે જ્યાં તેની ટક્કર દક્ષિણ આફ્રિકા સામે થવાની છે. પરંતુ દક્ષિણ આફ્રિકામાં જ્યારે પહેલી વહેલી વખત ટી-20 વર્લ્ડકપ રમાયો તે ટુર્નામેન્ટ ભારતીય ક્રિકેટ ફેન્સ ક્યારેય નહીં ભૂલી શકી.

આ ટુર્નામેન્ટમાં ભારતને વિજય સુધી દોરી જનાર કેપ્ટન મહેન્દ્ર સિંહ પણ ભારતીય ક્રિકેટ ફેન્સના દીલો પર રાજ કરે છે. ટીમ ઈન્ડિયાના પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીના ફેન્સ આજે પણ ધોનીની તમામ ગતિવિધિ પર નજર રાખતા રહે છે. ધોનીએ તાજેતરમાં ફરી પોતાના લુકમાં ફેરફાર કરતાં લોકોએ સોશિયલ મીડિયામાં તેની તસવીર શેર કરવાનું શરૂ કરી દીધું હતું.

સોશિયલ મીડિયા પર આલીમ હકીમ નામના હેર સ્ટાઈલિસ્ટ દ્વારા ધોનીના નવા લૂકનો ફોટો શેર કરવામાં આવ્યો હતો જેના પર ક્રિકેટ ફેન્સ દ્વારા જાતજાતની કોમેન્ટ કરવામાં આવી હતી. આ ફોટોન કેપ્શનમાં લખવામાં આવ્યું હતું કે યંગ ડાયનેમિક અને હેન્ડસમ મહેન્દ્ર સિંહ ધોની. ફોટો નીચે ફેન્સ દ્વારા કોમેન્ટ કરવામાં આવી હતી કે ધોની ઉંમર સાથે વધારે યુવાન થતો જાય છે. એક ફેને કોમેન્ટ કરી હતી કે ધોની ભારતીય ક્રિકેટ ટીમનું પ્રદર્શન જોઈને ખુશ છે. તો કેટલાક ફેન્સે કોમેન્ટમાં કહ્યું હતું કે ધોની ફરીથી ટીમમાં આવી જાય તો ભારત વર્લ્ડકપ જીતી જાય.

# વિદાય મેચ પહેલા દ્રવિડે કોહલીના ખરાબ ફૉર્મ પર હસીને આપ્યો જવાબ



## આફ્રિકાની ટીમ ફોર્મમાં, તેમની પાસે પણ શ્રેષ્ઠ ખેલાડીઓ : દ્રવિડ

ગુજરાત | વંદન

ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે આજે ટી20 વર્લ્ડકપ-2024ની ફાઈનલ મેચ રમાવાની છે. આ મેચ બારબાડોસ સિટીના બ્રિજટાઉન સ્થિત કેંસિંગ્ટન ઓવલ સ્ટેડિયમમાં રમાવાની છે. રાહુલ દ્રવિડની પણ આ છેલ્લી મેચ છે, ત્યારબાદ ભારતીય ટીમના કોચ બદલાઈ જશે. વિદાય મેચ પહેલા રાહુલ દ્રવિડે ફાઈનલ અંગે મોટું નિવેદન આપ્યું છે. દ્રવિડે વિરાટ કોહલીના ખરાબ ફોર્મ પર હસીને જવાબ આપ્યો છે. આ ઉપરાંત તેમણે ફાઈનલ માટે ભારતનો મેગા પ્લાન પણ જણાવ્યો છે.

આવતીકાલની ફાઈનલ મેચ સમાપ્ત થયા બાદ ભારતીય ટીમના કોચ રાહુલ દ્રવિડની કોચ પદ છોડી દેશે. દ્રવિડે સાઉથ આફ્રિકા વિરુદ્ધના મુકાબલો પહેલા કહ્યું કે, 'રિલેક્સ રહો, જે મોમેન્ટ છે, તેમાં રહો... બહુ આગળ વિચારવાની જરૂર નથી અને બહુ પાછળ પણ વિચારવાની જરૂર નથી. માત્ર પ્લાન પર ચાલવાનો પ્રયાસ કરો. તમારે માત્ર સારુ ક્રિકેટ રમવાની જરૂર છે. તેમની પાસે પણ શ્રેષ્ઠ ખેલાડીઓ છે. હું માત્ર એટલું ઈચ્છું છું કે, ટીમ એન્જોય કરે.'

### રાહુલ દ્રવિડે વિરાટ કોહલી અંગે શું કહ્યું?

ભારતે બીજી સેમિફાઈનલમાં ઈંગ્લેન્ડને 68 રને હરાવી ફાઈનલમાં પહોંચ્યા બાદ દ્રવિડે કોહલી અંગે કહ્યું કે, 'તમે જાણો છો કે, જ્યારે તમે થોડું વધુ જોખમી ક્રિકેટ રમો છો, તો ઘણીવાર એવું થાય છે કે, કેટલીક બાબતો સફળ થતી નથી.' દ્રવિડે હસીને કહ્યું કે, 'તેઓ સારુ પ્રદર્શન કરી રહ્યા છે અને તેઓ લાંબી ઈનિંગ રમવાના હકદાર છે. આવી ઈનિંગ ફાઈનલ મેચમાં જોવા મળી શકે છે.'

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# બદલાવ: એનડીએ સરકારે મહત્વની નિમણુંકોમાં હવે રાહુલને પણ પૂછવુ પડશે

■ ગાંધી પરિવારને ત્રીજી વખત લોકસભામા મહત્વપૂર્ણ બંધારણીય પદ મળ્યું

ગુજરાત | વંદન

લોકસભાની ચૂંટણીઓ વખતે વડાપ્રધાન મોદીને એક ટીવી ચેનલના પ્રતિનિધિએ રાહુલ ગાંધી અંગે સવાલ કર્યો ત્યારે મોદીએ એટી ટિપ્પણી કરી કે કોણ રાહુલ..?! તેમના આ જવાબ પર મુલાકાત લેનારા પત્રકારોની ટીમ ખડખડાટ હસી પડી હતી. પણ ચૂંટણીના પરિણામો એવા આવ્યાં કે સરકારને હવે એ જ રાહુલ ગાંધીને મહત્વની નિમણુંકોમાં તેમનો અભિપ્રાય પૂછવો પડશે. કેમ કે રાહુલ હવે સત્તાવાર રીતે વિપક્ષના નેતા બની રહ્યાં છે.10 વર્ષ બાદ લોકસભાને વિપક્ષના નેતા મળવા જઈ રહ્યા છે. રાહુલ ગાંધી લોકસભામાં વિપક્ષના નેતાનું પદ સંભાળશે. મંગળવારે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના નિવાસસ્થાને ઈન્ડિયા બ્લોકના ફ્લોર લીડર્સની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. જો કે આ પહેલા પણ લોકસભામાં વિપક્ષના નેતાનું પદ ખાલી રહ્યું છે. આ પોસ્ટ 1980, 1989 અને 2014 થી 2024 સુધી ખાલી રહી હતી.નિયમો અનુસાર, વિપક્ષના નેતા બનવા માટે, કોઈપણ વિપક્ષી પાર્ટી પાસે લોકસભાની કુલ સંખ્યાના 10 ટકા એટલે કે 54 સાંસદ હોવા જરૂરી છે.

પરંતુ 2014 અને 2019ની લોકસભા ચૂંટણીમાં કોઈપણ વિપક્ષી પાર્ટી પાસે 54 સાંસદ ન હતા. ભાજપના દિવંગત નેતા સુષ્મા સ્વરાજ છેલ્લે 2009 થી 2014 સુધી લોકસભામાં વિપક્ષના નેતા હતા. પરંતુ આ વખતે કોંગ્રેસે



ભારત ગઠબંધન હેઠળ ચૂંટણી લડીને 99 બેઠકો જીતી છે.

અહીં વિપક્ષના નેતા બનવાની સાથે જ રાહુલ ગાંધીને કેબિનેટ મંત્રીનો દરજ્જો મળશે. આનાથી પ્રોટોકોલ લિસ્ટમાં તેમનું સ્થાન તો વધશે જ પરંતુ ભવિષ્યમાં તેઓ વિપક્ષના વડાપ્રધાન પદના સ્વાભાવિક દાવેદાર પણ બની શકે છે.

અઢી દાયકાથી વધુ લાંબી રાજકીય કારકિર્દીમાં રાહુલ ગાંધી બંધારણીય પદ સંભાળશે તેવો આ પ્રથમ પ્રસંગ છે.લોકસભામાં વિપક્ષના નેતા તરીકે, રાહુલ ગાંધી હવે કેન્દ્રીય તકેદારી આયોગની મહત્વપૂર્ણ નિમણૂકો સિવાય લોકપાલ, સીબીઆઈ વડા, મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરોની પસંદગી અંગેની મહત્વપૂર્ણ પેનલના સભ્ય હશે.

કેન્દ્રીય માહિતી આયોગ અને NHRCના વડા. આવી તમામ પેનલના વડા પ્રધાન છે.રાજીવ ગાંધી, સોનિયા બાદ હવે રાહુલ વિપક્ષના નેતા બનશેઆ સાથે આ ત્રીજી વખત હશે જ્યારે ગાંધી પરિવારનો કોઈ સભ્ય લોકસભામાં વિપક્ષના નેતાની ભૂમિકામાં હશે.

આ પહેલા સોનિયા ગાંધી અને રાજીવ ગાંધી પણ લોકસભામાં વિપક્ષના નેતાની જવાબદારી નિભાવી ચૂક્યા છે. સોનિયા ગાંધીએ 13 ઓક્ટોબર 1999થી 06 ફેબ્રુઆરી 2004 સુધી વિપક્ષના નેતાની જવાબદારી નિભાવી હતી. આ સિવાય રાજીવ ગાંધી 18 ડિસેમ્બર 1989 થી 24 ડિસેમ્બર 1990 સુધી વિપક્ષના નેતા પણ હતા.

54 વર્ષના રાહુલ ગાંધી નેહરુ-ગાંધી પરિવારના વંશજ છે. તેઓ પાંચ વખત સાંસદ છે અને હાલમાં લોકસભામાં રાયબરેલી મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરે છે, જે અગાઉ તેમની માતા સોનિયા ગાંધી પાસે હતું. આ વખતે તેઓ કેરળના વાયનાડ અને ઉત્તર પ્રદેશના રાયબરેલી એમ બે મતવિસ્તારમાંથી જીત્યા હતા, પરંતુ તેમણે વાયનાડમાંથી રાજીનામું આપ્યું હતું, જ્યાંથી તેમની બહેન પ્રિયંકા ગાંધી વાડ્રા હવે ચૂંટણી લડશે. રાહુલ ગાંધીએ 2004માં રાજનીતિમાં પ્રવેશ કર્યો હતો જ્યારે તેઓ ઉત્તર પ્રદેશના અમેઠીમાંથી પ્રથમ વખત જીત્યા હતા.

### વિપક્ષના નેતાને મળતી સુવિધાઓ.....


■ વિપક્ષના નેતા બન્યા પછી, સંસદમાં વિપક્ષના નેતાઓના અધિનિયમ 1977 મુજબ, વિરોધ પક્ષના નેતાના અધિકારો અને સુવિધાઓ કેબિનેટ મંત્રીના અધિકારો અને સુવિધાઓ બરાબર છે. હવે વિપક્ષના નેતા તરીકે રાહુલ ગાંધીને સરકારી સચિવાલયમાં કેબિનેટ મંત્રીની જેમ ઓફિસ મળશે.

■ કેબિનેટ મંત્રીને તેના રેન્ક પ્રમાણે ઉચ્ચ સ્તરની સુરક્ષા મળશે. અને તેમને માસિક પગાર અને અન્ય ભથ્થાં માટે 3 લાખ 30 હજાર રૂપિયા મળશે, જે એક સાંસદના પગાર કરતા ઘણા વધારે હશે. એક સાંસદને પગાર અને અન્ય ભથ્થાં સહિત દર મહિને અંદાજે રૂ. 2.25 લાખ મળે છે.

# મુંબઈ હોર્ડિંગ્સ વિવાદમાં આખરે IPS ઓફિસર દોષિત ઠરતા સસ્પેન્ડ કરાયા

■ ગયા મહિને આ હોર્ડિંગ પડી જવાને કારણે 17 લોકોના મોત થયા હતા

ગુજરાત | વંદન



મહારાષ્ટ્ર સરકારે મંગળવારે IPS ઓફિસર કૈસર ખાલિદને સસ્પેન્ડ કર્યા છે. આરોપ છે કે તેણે DGP ઓફિસની મંજૂરી વગર રેલવેની જમીન પર મોટું હોર્ડિંગ લગાવવાની મંજૂરી આપી હતી. ગયા મહિને આ હોર્ડિંગ પડી જવાને કારણે 17 લોકોના મોત થયા હતા.

એજન્સીના જણાવ્યા અનુસાર, એક અધિકારીએ જણાવ્યું હતું કે હોર્ડિંગને મંજૂરી આપવામાં IPS તરફથી વહીવટી ક્ષતિઓ અને અનિયમિતતાઓ હતી.ભારે પવન અને કમોસમી વરસાદ દરમિયાન 13 મેના રોજ મુંબઈના ઘાટકોપર વિસ્તારમાં પેટ્રોલ પંપ પર 140×120 ફૂટનું હોર્ડિંગ પડી ગયું હતું.રાજ્યના ગૃહ વિભાગે ખાલિદને સસ્પેન્ડ કરવાનો આદેશ જારી કર્યો છે, જેઓ હાલમાં અધિક પોલીસ મહાનિર્દેશક અથવા ADG (નાગરિક અધિકારોનું રક્ષણ) તરીકે નિયુક્ત છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

આદેશમાં કહેવામાં આવ્યું છે કે 1997 બેચના IPS અધિકારી મુંબઈમાં સરકારી રેલવે પોલીસ કમિશનર હતા, જ્યારે તેમણે ટેન્ડર પ્રક્રિયાને અનુસર્યા વિના, એક જાહેરાત કંપની ઈગો મીડિયા પ્રાઈવેટ લિમિટેડને ઘાટકોપર (ઈસ્ટ)માં GRP જમીન પર વિશાળ હોર્ડિંગ્સ લગાવવાની મંજૂરી આપી હતી. સસ્પેન્શનના આદેશ અનુસાર, હોર્ડિંગ પડવાની ઘટનાના સંબંધમાં પ્રાથમિક તપાસ હાથ ધરવામાં આવી હતી અને મહારાષ્ટ્રના પોલીસ મહાનિર્દેશક દ્વારા 21 મેના રોજ ગૃહ વિભાગને સુપરત કરાયેલા અહેવાલમાં મંજૂરીમાં ગંભીર ગેરરીતિઓ અને વહીવટી ક્ષતિઓ જોવા મળી હતી.

સરકારે DGP ઓફિસની મંજૂરી વિના હોર્ડિંગને મંજૂરી આપવામાં વહીવટી ક્ષતિઓ અને અનિયમિતતાના સંબંધમાં ખાલિદ સામે શિસ્તની કાર્યવાહી શરૂ કરવાનો નિર્ણય લીધો છે. આ સસ્પેન્શન એવા સમયે કરવામાં આવ્યું છે જ્યારે મુંબઈ પોલીસ કથિત રીતે હોર્ડિંગની માલિકી ધરાવતી કંપની અને IPS અધિકારીની પત્નીના બિઝનેસ સહયોગી સાથે સંકળાયેલા અનેક નાણાં વ્યવહારોની તપાસ કરી રહી છે.

બીજેપી નેતા કિરીટ સોમૈયાએ આરોપ લગાવ્યો હતો કે જાહેરાત કંપનીના ડિરેક્ટર ભીંડેએ ખાલિદની પત્નીની કંપનીને 46 લાખ રૂપિયાની લાંચ આપી હતી. સોમૈયાએ સોશિયલ મીડિયા પરની એક પોસ્ટમાં એવો પણ દાવો કર્યો હતો કે મુંબઈના ઘાટકોપર અને દાદર વિસ્તારોમાં "બે ડઝન ગેરકાયદે હોર્ડિંગ્સ" માટે ઈગો મીડિયા દ્વારા રેલવે પોલીસ અને બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC)ના અધિકારીઓને 5 કરોડ રૂપિયા ચૂકવવામાં આવ્યા હતા.

# 15 ઓગસ્ટ પહેલાં દેશમાં શરૂ થશે સ્લીપર વંદે ભારત હાઈ સ્પીડ ટ્રેન

■ આરામથી સુતા સુતા ગણતરીના કલાકોમાં દિલ્હીથી મુંબઈ પહોંચી શકાશે

ગુજરાત | વંદન



દેશમાં વંદે ભારત સ્લીપર ટ્રેન ટૂંક સમયમાં શરૂ થવા જઈ રહી છે. પીએમ મોદી 15 ઓગસ્ટ પહેલા સ્લીપર ટ્રેનને લીલી ઝંડી બતાવીને શરૂ કરી શકે છે. આ ટ્રેન શરૂ થતા દિલ્હી થી મુંબઈનો લાંબો પ્રવાસ કરવાનું સરળ બનશે, સુતા સુતા આરામથી થોડા જ કલાકોમાં દિલ્હીથી મુંબઈ પહોંચી શકાશે.

વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન દેશભરમાં અનેક રૂટ પર દોડી રહી છે. ભારતીય રેલ્વેની અદ્યતન સુવિધાઓ સાથેની આ હાઈ-સ્પીડ ટ્રેનને વિવિધ સ્થળોએ સતત વિસ્તૃત કરવામાં આવી રહી છે. છેલ્લા ઘણા મહિનાઓથી, વંદે ભારત સ્લીપર ટ્રેનને લગતી માહિતી સતત સમાચારોમાં આવી રહી છે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે પણ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર વંદે ભારત સ્લીપર કોન્સેપ્ટ ટ્રેનના ફોટા શેર કર્યા છે. અને હવે સમાચાર આવ્યા છે કે, પીએમ નરેન્દ્ર મોદી ટૂંક સમયમાં દેશને પ્રથમ વંદે ભારત સ્લીપર ટ્રેન ભેટમાં આપી શકે છે.રેલ્વે મંત્રાલયના સૂત્રોના જણાવ્યા અનુસાર, પીએમ મોદી 15 ઓગસ્ટ પહેલા દેશને પ્રથમ વંદે ભારત સ્લીપર ટ્રેન ભેટમાં આપી શકે છે. અત્યાધુનિક સુવિધાઓ સાથે વંદે ભારત સ્લીપર ટ્રેનના આગમનથી લાંબા અંતરની મુસાફરી પહેલા કરતા વધુ સરળ બની જશે. 15 ઓગસ્ટ પહેલા પીએમ મોદી મુંબઈથી દિલ્હી સુધી વંદે ભારત સ્લીપર ટ્રેનને લીલી ઝંડી આપી શકે છે.વંદે ભારત સ્લીપર ટ્રેન સંબંધિત મોટી બાબતોમાં જોઈએ તો, વંદે ભારતની પહેલી સ્લીપર ટ્રેન 15 ઓગસ્ટ પહેલા શરૂ થવા જઈ રહી છે.દેશની પ્રથમ વંદે ભારત સ્લીપર ટ્રેન દિલ્હી અને મુંબઈ વચ્ચે દોડશે. બેંગલુરુમાં વંદે ભારત સ્લીપર ટ્રેન બનાવવાનું કામ અંતિમ તબક્કામાં ચાલી રહ્યું છે. વંદે ભારત સ્લીપર ટ્રેનમાં કુલ 16 કોચ હશે. જેમાં 10 કોચ થર્ડ એસી, ચાર કોચ સેકન્ડ એસી અને એક કોચ ફર્સ્ટ એસી હશે.સ્લીપર વંદે ભારત ટ્રેનમાં બે SLR કોચ પણ હશે. વંદે ભારત સ્લીપર ટ્રેન આધુનિક સુવિધાઓ અને સલામતીથી સજ્જ ટ્રેન હશે. રેલવે સૂત્રોના જણાવ્યા અનુસાર, વંદે ભારત સ્લીપર ટ્રેન પ્રથમ તબક્કામાં 130 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડશે. આ પછી તે ધીરે ધીરે 160 થી 220 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડવા લાગશે.

ઉલ્લેખનીય છે કે, સૌથી પહેલા દિલ્હી-મુંબઈ વચ્ચે વંદે ભારત સ્લીપર ટ્રેન ચલાવવાની યોજના એટલા માટે બનાવવામાં આવી છે કારણ કે, દિલ્હી-મુંબઈ રેલ્વે રૂટ ખૂબ જ વ્યસ્ત છે અને આ રૂટ પર મુસાફરોની ભારે ભીડ રહે છે. દિલ્હીથી મુંબઈ રૂટ પર વધુ મુસાફરોને કારણે આ રૂટ પરની ટ્રેનોમાં હંમેશા સીટોની અછત રહે છે.

# ચંદ્રબાબુ દ્વારા અમરાવતી માટે નાણાંકીય સહાય પેકેજ કેન્દ્ર સરકારને મોકલાશે

■ નવી રાજધાની ઉપરાંત પોલાવરમ સિંચાઈ યોજના માટે પણ હજારો કરોડની માંગણી થશે

ગુજરાત | વંદન



નવી ચૂંટાયેલી આંધ્રપ્રદેશ સરકાર પ્રસ્તાવિત રાજ્યની રાજધાની, અમરાવતી અને પોલાવરમ સિંચાઈ પ્રોજેક્ટના વિકાસને ફરીથી શરૂ કરવા માટે કેન્દ્રીય સહાયની માંગણી કરીને કેન્દ્રીય નાણા મંત્રાલયને એક અહેવાલ સબમિટ કરવા માટે તૈયાર છે. નોંધનીય છે કે કેન્દ્રમાં હાલની સરકાર આંધ્રમાં સત્તાધીશ પાર્ટી ટીડીપીના ટેકાથી ટકેલી હોવાથી આંધ્રને પોતાની નવી રાજધાનીના નિર્માણ માટે હજારો કરોડ રૂપિયાની સહાય સરળતાથી મળી શકે તેમ છે.

આ અહેવાલમાં 2014 થી 2019 સુધીના ફુગાવા-વ્યવસ્થિત ખર્ચનો સમાવેશ કરવામાં આવશે. "સંશોધિત વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવામાં આવી રહ્યો છે. 2014 અને 2019 વચ્ચેના દરો બદલાશે, અને તમામ અંદાજોની ગણતરી કર્યા પછી, કેન્દ્ર તરફથી નાણાકીય સહાયની હદ જાણવા મળશે. , જે પછી દરખાસ્ત તેમને સબમિટ કરવામાં આવશે," એક સરકારી અધિકારીએ જણાવ્યું હતું.

પ્રદેશમાં વિજયવાડા અને ગુંટુરના બે નોડલ શહેરી કેન્દ્રો (8,600 ચોરસ/કિમી) વચ્ચે આવેલા વ્યૂહાત્મક સ્થાનને કારણે અમરાવતીને આંધ્રપ્રદેશના નવા પાટનગર તરીકે પસંદ કરવામાં આવ્યું હતું. પોલાવરમ સિંચાઈ યોજના ગોદાવરી નદી પર સ્થિત એક બહુહેતુક પ્રોજેક્ટ છે. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય કુલ 436,825 હેક્ટરની સિંચાઈ ક્ષમતા વિકસાવવા, 960 મેગાવોટ હાઈડ્રોપાવર ઉત્પન્ન કરવાનો, 611 ગામોમાં 28.50 લાખની વસ્તીને પીવાના પાણીની જોગવાઈ અને 80 TMC પાણીને કૃષ્ણા નદીના તટપ્રદેશમાં ડાયવર્ઝન કરવાનો છે. તેને આંધ્ર પ્રદેશ પુનર્ગઠન અધિનિયમ, 2014 હેઠળ રાષ્ટ્રીય પ્રોજેક્ટ તરીકે નિયુક્ત કરવામાં આવ્યો છે.

એન ચંદ્રબાબુ નાયડુની આગેવાની હેઠળની સરકાર આંધ્ર પ્રદેશ પુનર્ગઠન અધિનિયમ હેઠળ ચૂકવણી ફરી શરૂ કરવાની દરખાસ્ત સબમિટ કરવાની યોજના ધરાવે છે, જેણે અગાઉના આંધ્ર પ્રદેશને તેલંગાણા અને શેષ આંધ્ર પ્રદેશમાં વિભાજિત કર્યું હતું. આ અધિનિયમમાં નવા બનેલા આંધ્ર રાજ્યને ટેકો આપવા માટે કેન્દ્રને ફરજ પાડતી જોગવાઈઓનો સમાવેશ થાય છે. નાયડુએ 2015માં અમરાવતીને આંધ્રપ્રદેશની રાજધાની તરીકે જાહેર કરી હતી. સચિવાલય સહિત મોટાભાગની સરકારી કચેરીઓ અમરાવતીમાં ખસેડવામાં આવી હતી. નાયડુના વિઝનમાં અમરાવતીને વિશ્વ કક્ષાની રાજધાનીમાં રૂપાંતરિત કરવાનો સમાવેશ થાય છે, જે આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વૈશ્વિક રોકાણો સાથે પૂર્ણ થાય છે.

# રિઝલ્ટ ઈફેક્ટ: પંજાબમાં બાદલની પાર્ટીમાં રાજકીય બળવો, પ્રમુખ બદલવા માંગણી

■ પહેલી જુલાઈથી 'શિરોમણી અકાલી દળ બચાવો લેહર' અભિયાન શરૂ

ગુજરાત | વંદન

લોકસભાની ચૂંટણીના પરિણામોએ જે ભાજપને અસર કરી તેમ અન્ય રાજકીય પક્ષોમાં પણ તેની અસર હવે વર્તાઇ રહી હોય તેમ પંજાબમાં એક પાર્ટીમાં રાજકીય બળવો થયો છે અને બળવાખોરઓ પક્ષના વડાને જ હાંકી કાઢવાની માંગણી કરી છે.પ્રાપ્ત માહિતી અનુસાર, વરિષ્ઠ શિરોમણી અકાલી દળ(સેડ)ના નેતાઓના જૂથે સુખબીર સિંહ બાદલ સામે બળવો કર્યો છે અને



લોકસભા ચૂંટણીમાં SADની હાર બાદ પાર્ટીના વડા પદ પરથી રાજીનામું આપવાની માંગ કરી છે.. જલંધરમાં એક બેઠક બાદ પત્રકાર પરિષદને સંબોધતા તેમણે જાહેરાત કરી હતી કે આવતા મહિને 'સેવ એસએડી' આંદોલન શરૂ કરવામાં આવશે. એક અહેવાલ અનુસાર, બળવાખોર નેતાઓની બેઠક એવા સમયે જલંધરમાં થઈ જ્યારે SAD વડા બાદલ લોકસભા ચૂંટણીમાં પાર્ટીના પ્રદર્શનની સમીક્ષા કરવા ચંદીગઢમાં જિલ્લા પ્રમુખો અને અન્ય નેતાઓ સાથે બેઠક કરી રહ્યા હતા. પાર્ટીએ બળવાખોર નેતાઓને ભાજપ દ્વારા પ્રાયોજિત નિરાશ તત્વો તરીકે તેને નબળા પાડવા માટે કહ્યા છે.હકીકતમાં, આ વર્ષે યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં SADને કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. કારણ કે, તે પંજાબની 13 લોકસભા સીટમાંથી માત્ર એક જ સીટ જીતી શકી હતી. બાદલની પત્ની અને પૂર્વ કેન્દ્રીય મંત્રી હરસિમરત કૌર બાદલે ભટિંડા બેઠક જાળવી રાખી છે.

# દક્ષિણના બે રાજ્યો વચ્ચે જળ વિવાદ બાદ હવે ટેક્સવિવાદ સર્જાયો

■ કેરળ-તામિલનાડુએ એકબીજાની એસટી બસો જપ્ત કરવા આપી ચીમકી

ગુજરાત | વંદન

દ.ભારતના બે રાજ્યો કેરળ અને તામિલનાડુની વચ્ચે જળવિવાદની સાથે હવે ટેક્સ વિવાદ પણ શરૂ થયો છે અને બન્ને રાજ્યોએ એકબીજાની એસટી બસો જપ્ત કરવાની ચીમકી ઉચ્ચારી છે. દેખીતી રીતે જ જે એવુ થશે તો તેમાં હેરાન



પરેશાન તો નિર્દોષ મુસાફરો જ થશે.

કેરળના પરિવહન મંત્રી કેબી ગણેશ કુમારે ગુરુવારે તમિલનાડુ સરકારને ટેક્સના નામે કેરળ સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (KSRTC)ની બસો જપ્ત કરવા સામે ચેતવણી આપી હતી. રાજ્ય વિધાનસભામાં બોલતા, તેમણે કહ્યું, "જો અમારા લોકો પરેશાન છે, તો અમે તેમના લોકોને કેરળ આવવા પરેશાન કરીશું. એ ભૂલશો નહીં કે સબરીમાલાની સિઝન આવી રહી છે. અમે અમારી તિજોરી ભરીશું."તેમણે દાવો કર્યો હતો કે તામિલનાડુ સરકારે રાજ્ય સાથે તાજેતરના ટેક્સ વધારા અંગે ચર્ચા કરી નથી. તેમણે કહ્યું, "કેન્દ્ર કહી રહ્યું છે કે આખા દેશમાં એક જ ટેક્સ છે. અમારા સારા સંબંધો છે, પરંતુ જ્યારે તમિલનાડુએ બસની સીટમાં રૂ. 4,000નો વધારો કર્યો ત્યારે તેણે અમારી સાથે આ અંગે ચર્ચા પણ કરી ન હતી."

# પાક. સામે શીખ સમુદાયની જીત, ફરીથી સ્થાપિત થશે રણજીતસિંહની પ્રતિમા

ગુજરાત | વંદન

મહારાજા રણજિતસિંહની પ્રતિમા પાકિસ્તાનના પંજાબમાં ફરીથી સ્થાપિત કરવામાં આવશે. પંજાબ



સરકારે કહ્યું કે, કરતારપુર સાહિબમાં શીખ સામ્રાજ્યના પ્રથમ શાસક મહારાજા રણજીત સિંહની પ્રતિમા સ્થાપિત કરવામાં આવશે, જેથી ભારતમાંથી આવતા શીખ સમુદાયના લોકો પણ તેને જોઈ શકે.કરતારપુર સાહિબને ગુરુદ્વારા દરબાર સાહિબ તરીકે પણ ઓળખવામાં આવે છે અને તે લાહોરથી લગભગ 150 કિલોમીટર ઉત્તર-પૂર્વમાં ભારતીય સરહદની નજીક સ્થિત છે. મહારાજા રણજીત સિંહની 9 ફૂટની કાંસાની પ્રતિમા સૌપ્રથમ 2019માં લાહોરના કિલ્લામાં તેમની સમાધિ નજીક સ્થાપિત કરવામાં આવી હતી. જો કે, પાકિસ્તાનમાં કટ્ટરપંથી રાજકીય પક્ષ તહરીક-એ-લબૈક પાકિસ્તાનના કાર્યકરો દ્વારા બે વખત પ્રતિમાની તોડફોડ કરવામાં આવી હતી. પંજાબના પ્રથમ શીખ મંત્રી અને પાકિસ્તાન શીખ ગુરુદ્વારા પ્રબંધન સમિતિ (PSGPC) ના અધ્યક્ષ સરદાર રમેશ સિંહ અરોરાએ એક સમાચાર એજન્સીને જણાવ્યું કે, કરતારપુરના ગુરુદ્વારા દરબાર સાહિબ ખાતે મહારાજા રણજીત સિંહની પ્રતિમાનું અનાવરણ કરીશું. સ્થાનિક અને ભારતીય શીખોની હાજરી "ઈન્સ્ટોલ કરવા જઈ રહ્યા છીએ.શીખ મંત્રી અરોરાએ કહ્યું કે પુનઃસ્થાપિત પ્રતિમા કરતારપુર સાહિબમાં રાખવામાં આવી રહી છે.

## પ્રથમ ભારતીય અંતરિક્ષયાત્રી કલ્પના ચાવલા જેવી દુર્ઘટના તો નહીં સર્જાય ને.....?

# સુનિતા સકુશળ સ્પેસમાંથી પરત આવે તો સુકનવંતી ગણાશે..!!

ગુજરાત | વંદન

અંતરિક્ષયાત્રીઓને ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) સુધી લઈ જનાર બોઈંગ સ્ટારલાઈનર અંગે મોટી માહિતી પ્રકાશમાં આવી છે. યુએસ સ્પેસ એજન્સી નાસાએ કહ્યું કે અવકાશયાત્રીઓના પ્રથમ ક્રૂને લઈ જનાર બોઈંગ સ્ટારલાઈનરની પરત ફરવાની પ્રક્રિયા થોડા દિવસો માટે મોકૂફ રાખવામાં આવી છે. નાસાએ હજુ સુધી નવી તારીખોની જાહેરાત કરી નથી. નાસાની ભારતીય મૂળની અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ અને અન્ય 8 ક્રૂ મેમ્બરો માટે મોટી સમસ્યાઓ ઊભી થઈ છે.

અવકાશયાત્રીઓની વાપસીને લઈને અનેક સવાલો ઉભા થયા છે. લોકોના મનમાં સવાલ એ છે કે મિશનના બે અવકાશયાત્રીઓ ક્યારે પરત આવશે. ટેસ્ટિંગ અને ટેકનિકલ સમસ્યાઓના કારણે પહેલાથી જ વિલંબ થયો છે. નાસાએ અગાઉ 26 જૂને અવકાશયાન પરત ફરવાનું નિર્ધારિત કર્યું હતું. પરંતુ હવે તેમાં વિલંબ થાય તે કરતાં તેઓ પરત આવી શકશે કે કેમ તેવા સવાલો પણ થઈ રહ્યાં છે. કેમ કે આ અગાઉ અન્ય મૂળ ભારતીય અંતરિક્ષયાત્રી કલ્પના ચાવલાના યાનને પરત ફરતાં અકસ્માત નડ્યો અને આખ યાન સળગી જતાં ચાવલા સહિતના અન્ય સદસ્યોના મોત થયા હતા.

અમેરિકન અવકાશયાત્રીઓ બૂચ વિલ્મોર અને સુનીતા વિલિયમ્સે 5 જૂને ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન જવા માટે ઉડાન ભરી હતી. 2019 થી, નાસાએ તેને મનુષ્ય વિના બે વાર અવકાશમાં મોકલ્યું હતું. તેના થ્રસ્ટર્સ પાંચ વખત



પેટા-સ્પેસમાં સુનિતા વિલિયમ્સ અને અન્ય 8 ક્રૂ મેમ્બરો માટે મોટી સમસ્યાઓ ઊભી થઈ...

નિષ્ફળ ગયા હતા. આ સાથે પાંચ વખત હિલીયમ લીક થયા હતા. NASA અને બોઈંગમાં ખામીઓ આવી, જેના માટે વધારાના પરીક્ષણની જરૂર પડી. હવે સવાલ એ ઊભો થઈ રહ્યો છે કે સ્ટારલાઈનર ખરેખર તેના ક્રૂને ક્યારે પરત લાવી શકશે. આ સાથે અવકાશયાનમાં ઘણી સમસ્યાઓ જોવા મળી છે.

કંપનીએ આ પ્રોજેક્ટ માટે 4.5 બિલિયન ડોલરના નાસા ડેવલપમેન્ટ કોન્ટ્રાક્ટ ઉપરાંત ખર્ચમાં વધારો કરવા માટે 1.5 અબજ ડોલરનો ખર્ચ કર્યો છે. નાસા ઈચ્છે છે કે સ્પેસએક્સના ક્રૂ ડ્રેગન સાથે, સ્ટારલાઈનર અવકાશયાત્રીઓને ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર લઈ જતું બીજું યુએસ અવકાશયાન બને. બોઈંગનો સ્ટારલાઈનર પ્રોગ્રામ વર્ષોથી સોફ્ટવેરની ખામીઓ, ડિઝાઈન સમસ્યાઓ અને પેટા કોન્ટ્રાક્ટરો સાથેના વિવાદોથી ઘેરાયેલો છે.

જ્યારે સ્ટારલાઈનર 6 જૂનના રોજ સ્પેસ સ્ટેશન પર ડોક કરવા માટે પહોંચ્યું ત્યારે તેને થ્રસ્ટર નિષ્ફળતાનો સામનો કરવો પડ્યો હતો પરંતુ તેની જાહેરાત તે વખતે કરાઈ નહોતી,. હવે એ ખામીની જાહેરાત કરવામાં આવી છે.. આ કારણે, જ્યાં સુધી તેને ઠીક કરવામાં ન આવે ત્યાં સુધી અવકાશયાન સ્પેસ સ્ટેશન સુધી પહોંચ્યું ન હતું.

આ ઉપરાંત સ્પેસ સ્ટેશનમાંથી મળી આવેલી આ વસ્તુથી વૈજ્ઞાનિકો ચોંકી ગયા હતા જેની કિંમત સોના કરતાં પણ વધુ છે. વૈજ્ઞાનિકોએ એન્ટરબેક્ટર બ્યુગાન્ડેન્સિસ નામના મલ્ટિ-ડ્રગ રેઝિસ્ટન્ટ બેક્ટેરિયાની શોધ કરી હતી. ISS ના બંધ વાતાવરણમાં વિકાસ કર્યા પછી તે વધુ અસરકારક બન્યું છે. વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર, એક મલ્ટી-ડ્રગ રેઝિસ્ટન્ટ બેક્ટેરિયા છે, જેના કારણે તેને સુપરબગ નામ આપવામાં આવ્યું છે. આ બેક્ટેરિયા શ્વસનતંત્રને ચેપ લગાડે છે.


ભારતીય મૂળની અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સે એક સહકર્મી સાથે 5 જૂને ત્રીજી વખત અવકાશમાં ઉડાન ભરી હતી. સુનીતા વિલિયમ્સે અવકાશમાં રેકોર્ડ 322 દિવસ વિતાવ્યા છે. તેણી પ્રથમ 9 ડિસેમ્બર 2006ના રોજ અવકાશમાં પહોંચી અને 22 જૂન 2007 સુધી ત્યાં રહી હતી..

આ પછી, તે 14 જુલાઈ 2012ના રોજ બીજી વખત અવકાશ યાત્રા પર ગઈ અને 18 નવેમ્બર 2012 સુધી અવકાશમાં રહી. સુનિતા વિલિયમ્સે 2012માં ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનની સફર દરમિયાન સ્પેસ ટ્રાયથ્લોન પૂર્ણ કરી હતી. આમ કરનાર તે પ્રથમ વ્યક્તિ બની હતી. વિલિયમ્સે મે 1987માં યુએસ નેવલ એકેડમીમાં તાલીમ પૂર્ણ કરી, ત્યારબાદ તે યુએસ નેવીમાં જોડાઈ. વિલિયમ્સની 1998માં નાસા દ્વારા અવકાશયાત્રી તરીકે પસંદગી કરવામાં આવી હતી.

દરમ્યાન, કલ્પના ચાવલા સાથે બનેલી દુર્ઘટનાની માહિતી જોઈએ તો,સને 2000માં, તેમની બીજી ફ્લાઈટ STS-107 ક્રૂ માટે પસંદ કરવામાં આવી હતી. વિવિધ કાર્યો આયોજિત સમયપત્રક સાથે અથડાતા અને શટલ એન્જિન ડ્રિફ્ટ લાઈનિંગમાં તિરાડો જેવી ટેકનિકલ સમસ્યાઓનો સામનો કરતા હોવાથી મિશન પાછું ગોઠવવાનું ચાલુ રાખ્યું.

...અનુસંધાન પેજ નં. 6 પર

# જુનિયર NTRની આગામી ફિલ્મમાં થશે આલિયા ભટ્ટની એન્ટ્રી ?



જુનિયર એનટીઆરએ તેની આગામી મોટી ફિલ્મ માટે વિશાળ યોજના બનાવી છે. ટૂંક સમયમાં તે 'દેવરા'થી કમબેક કરવા જઈ રહ્યો છે. આ પછી હૃતિક રોશનની 'વોર 2' પણ તે જોવા મળશે. તેણે ફિલ્મનું શૂટિંગ લગભગ પૂરું કરી લીધું છે. આ દરમિયાન તેની અને પ્રશાંત નીલની આગામી ફિલ્મમાં શું આલિયા ભટ્ટની એન્ટ્રી થશે ?

જુનિયર એનટીઆરનું ઈન્ડસ્ટ્રીમાં મોટું નામ છે. તેના ખાતામાં ઘણી મોટી ફિલ્મો છે. હાલમાં તે થાઈલેન્ડમાં છે. તે પોતાની આગામી ફિલ્મ 'દેવરા'ના એક ખાસ ગીતનું શૂટિંગ કરવા માટે ત્યાં પહોંચી ગયા છે. આ દરમિયાન તેની સાથે જાહ્નવી કપૂર પણ ત્યાં હાજર છે. RRR પછી આ તેની કમબેક ફિલ્મ હશે. ફિલ્મનું શૂટિંગ લગભગ પૂર્ણ થઈ ગયું છે. અગાઉ મેકર્સે ફિલ્મને ઓક્ટોબરમાં રિલીઝ કરવાની યોજના બનાવી હતી. પરંતુ બાદમાં એ જ તારીખે રજનીકાંતે પોતાની ફિલ્મ લાવવાની જાહેરાત કરી હતી. તેથી 'દેવરા'ની રીલીઝ તારીખ બદલાઈ ગઈ. આ સાથે તે રિતિક રોશનની 'વોર 2'માં પણ જોવા મળશે. ફિલ્મનું આગામી શિડ્યુલ ટૂંક સમયમાં શરૂ થવાનું છે.

આ બે ફિલ્મો પછી તે KGFના પ્રશાંત નીલની ફિલ્મની તૈયારીઓ શરૂ કરશે. ફિલ્મનું હાલ પૂરતું શીર્ષક 'ડ્રેગન' હોવાનું કહેવાય છે. આ તસવીર માટે પ્રશાંત નીલે પ્રભાસની 'સલાર 2'નું શૂટિંગ આગળ ધપાવી દીધું છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે જુનિયર એનટીઆરની ફિલ્મનું પ્રી-પ્રોડક્શન કામ પણ શરૂ થઈ ગયું છે.

જુનિયર એનટીઆર અને પ્રશાંત નીલની ફિલ્મનું કામ આ વર્ષે સપ્ટેમ્બરમાં શરૂ થવા જઈ રહ્યું છે. આ દરમિયાન સિનેજોશ દ્વારા એક રિપોર્ટ સામે આવ્યો છે કે આલિયા ભટ્ટ આ ફિલ્મમાં એન્ટ્રી કરી શકે છે. મતલબ કે તે ફરી એકવાર જુનિયર એનટીઆર સાથે મોટા પડદા પર કામ કરતી જોવા મળી શકે છે. આ સમાચારે ચાહકોના ઉત્સાહમાં ઘણો વધારો કર્યો છે. આ પહેલા તેણે તેની સાથે RRRમાં પણ કામ કર્યું હતું.

એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે જુનિયર એનટીઆરની ફિલ્મમાં આલિયા ભટ્ટ સિવાય અન્ય અભિનેત્રી પણ હોઈ શકે છે. જે આ ફિલ્મમાં ખૂબ જ મહત્વનો રોલ નિભાવવાનો છે. ફિલ્મ માટે કાસ્ટિંગ ચાલી રહ્યું છે. આવી સ્થિતિમાં, બંને કલાકારોના ચાહકો માટે આ એક મોટું અપડેટ છે. આ ફિલ્મ માટે અભિનેતા એક મોટા પરિવર્તનમાંથી પસાર થવા જઈ રહ્યો છે. તેનો લુક સંપૂર્ણપણે બદલાઈ જશે.

તાજેતરમાં જ ખબર પડી કે પ્રશાંત નીલે આ ફિલ્મ માટે વ્યાપક આયોજન કર્યું છે. કેજીએફમાં જે જોવામાં આવ્યું હતું તેનાથી આ વાર્તા તદ્દન અલગ હશે. ચાહકોને ઘણી નવી વસ્તુઓ જોવા મળશે.



# ઈમરજન્સી લાગુ પડી હતી 25 જૂને, ફિલ્મ રિલીઝ થશે 6 સપ્ટેમ્બરે



તાજેતરમાં બૉલીવુડમાં બાયોપિક ફિલ્મોનો યુગ ચાલી રહ્યો છે એવું કહીએ તો કઈ અતિશયોક્તિ ન કહી શકાય, ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં દેશના અવિસ્મરણીય અને અમૂલ્ય ઈતિહાસના વારસાને લોકો સમક્ષ લાવવાનો તેમજ દેશની આઝાદી તેમજ જૂની પરંપરાઓ માટે લડનારા તેમજ વિવિધ ક્ષત્રે પોતાનું નામ રોશન કરી દેશને ગૌરવ પ્રદાન કરી આપનારાઓના જીવન પર ફિલ્મો નિર્માતાઓ દ્વારા બનાવવામાં આવી રહી છે, અને ઉલ્લેખનીય વાત એ પણ છે કે આ ફિલ્મો દર્શકોને પસંદ પણ આવી રહી છે.

તાજેતરમાં રીલીઝ થયેલી અને રીલીઝ થનારી ફિલ્મોમાં "મે અટલ હું ", ચંદુ ચેમ્પિયન, આર્ટીકલ 370, કિરણબેદી ,વીર સાવરકર ,એમ એસ ધોની ,સરદાર ઉધમસિંગ, અમરસિંગ ચમકીલા,શાબાશ મીઠુ, સેમ બહાદુર વગેરે સામેલ છે. જે મહદઅંશે સફળ થઈ છે, જેને પગલે નિર્માતાઓમાં પણ બાયોપિક બનાવવાનો ઉત્સાહ વધ્યો છે. દરમિયાનમાં ભારતના પહેલા મહિલા પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધીના જીવન પર આધારિત ફિલ્મ બનવા જઈ રહી છે. આ ફિલ્મના નિર્માતા અને ઍક્ટર કંગના રનૌત દ્વારા ફિલ્મને "ઈમરજન્સી" નામ આપવામાં આવ્યું છે. જેની રિલીઝ ડેટ હાલમાં આવી ગઈ છે. કંગના રનૌતે પોતે આ ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ભજવી છે અને તે ફિલ્મની નિર્માતા અને દિગ્દર્શક પણ છે. આ ફિલ્મમાં કંગના ઉપરાંત અનુપમ ખેર, મિલિંદ સોમણ અને સતીશ કૌશિક પણ મહત્વના રોલમાં જોવા મળશે.

બોલિવૂડ અભિનેત્રી અને લોકસભા સાંસદ કંગના રનૌતે તેની કારકિર્દીમાં એક મોટો સીમાચિહ્ન પ્રાપ્ત કર્યું છે. અભિનેત્રીએ હવે રાજકારણમાં પ્રવેશ કર્યો છે અને તાજેતરમાં લોકસભા સભ્ય તરીકે શપથ લીધા છે. આ સાથે જ એક્ટ્રેસે ફેન્સને એક મોટી ખુશખબર પણ આપી છે. તેણે તેની આગામી ફિલ્મ ઈમરજન્સીની રિલીઝ ડેટ જાહેર કરી છે. ફિલ્મની ખાસ વાત એ છે કે કંગના રનૌતે પોતે જ તેનું દિગ્દર્શન કર્યું છે અને પ્રોડ્યુસ પણ કરી રહી છે.

કંગના રનૌતે તેની આગામી ફિલ્મ ઈમરજન્સી વિશેની વિગતો સોશિયલ મીડિયા પર શેર કરી છે. તેણે ફિલ્મનું નવું પોસ્ટર શેર કર્યું છે જેમાં ફિલ્મની રિલીઝ ડેટનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અભિનેત્રીએ લખ્યું- દેશની આઝાદીના પહેલા 50 વર્ષની વાર્તા જે સૌથી કાળો અધ્યાય છે. ઈમરજન્સી ફિલ્મ 6 સપ્ટેમ્બર 2024ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. ભારતીય બંધારણના ઈતિહાસના સૌથી વિવાદાસ્પદ એપિસોડની વિસ્ફોટક વાર્તા દુનિયાભરના સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે. ફિલ્મ ઈમરજન્સીની વાત કરીએ તો આ ફિલ્મ ઘણા સમયથી સિનેમાઘરોમાં પોતાની જગ્યા બનાવવાનો પ્રયાસ કરી રહી હતી. ફિલ્મની રીલિઝ ડેટ પહેલાથી જ બે વખત મોકૂફ રાખવામાં આવી હતી અને તેની અંતિમ રિલીઝ ડેટ અંગે સસ્પેન્સ હતું.

# સલમાનના મોસ્ટ એલિજેબલ બેચલર હોવાનો રાઝ બતાવ્યો ખુદ તેના પિતા સલીમ ખાને

સલમાન ખાનના લગ્ન એ બોલીવૂડ અને આખા દેશ માટે વણઉકેલાયેલું કોકડું છે. હવે સલમાન ખાનના કુંવારા રહેવા અંગે પરિવારના સભ્ય દ્વારા જ ચોંકાવનારો ખુલાસો કર્યો છે. આવો જોઈએ કોણ છે આ સદસ્ય અને શું કહ્યું તેણે-સલમાન ખાનના લગ્નને લઈને તેના પિતા અને બોલીવૂડના લેખક સલીમ ખાને જ ખુલાસો કર્યો છે અને જણાવ્યું છે કે આખરે સલમાન ખાન 58 વર્ષે પણ કેમ કુંવારો છે? હવે આ સવાલનો જવાબ જો બધા જ જાણવા માંગે છે.

આ ઉપરાંત બધાને એ જાણવામાં પણ રસ છે કે સલમાન ખાન ક્યારે લગ્ન કરશે અને કોની સાથે લગ્ન કરશે? પોતાની ફિલ્મી કારકિર્દી દરમિયાન સલમાન ખાનનું નામ અનેક એક્ટ્રેસ સાથે જોડાઈ ચૂક્યું છે પણ વાત લગ્ન સુધી પહોંચી નથી.

હવે સલીમ ખાને દીકરા સલમાન ખાનના કુંવારા રહેવા વિશે ખુલાસો કરતાં એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે તે ખૂબ જ સરળતાથી રિલેશનશિપમાં તો આવી જાય છે, પણ લગ્ન કરવાની હિંમત નથી કરી શકો. એ ખૂબ જ સિમ્પલ નેચરનો છે અને સરળતાથી તે કોઈની તરફ પણ



અટ્રેક્ટ થઈ જાય છે. પરંતુ તે હંમેશા એવું વિચારે છે શું એ છોકરી તેની મમ્મીની જેમ જ ઘર-પરિવારને મેનેજ કરી શકશે?

સલીમે આગળ એવું પણ જણાવ્યું છે કે સલમાન જે પણ છોકરીને ડેટ કરે છે તેમાં તે તેની માતાની ક્વોલિટી શોધે છે અને તેને એવી જીવનસંગીની જોઈએ છે કે જે પોતાના પતિ, બાળકો માટે ડેડિકેટેડ હોય જેમ કે એની મમ્મી. હવે સલીમ ખાનની વાત તો સાવ સાચી છે. સલમાન ખાનનું નામ ઐશ્વર્યા રાય, સંગીતા બિજલાની, સોમી અલી, કેટરિના કૈફ સહિતની એક્ટ્રેસ સાથે જોડાઈ ચૂક્યું છે, પણ વાત લગ્ન સુધી પહોંચી જ નહોતી. વર્ક ફ્રન્ટની વાત કરીએ તો સલમાન ખાન છેલ્લે ફિલ્મ ટાઈગર-3 માં જોવા મળ્યો હતો અને હવે તે ફિલ્મ સિકંદર ની શૂટિંગમાં વ્યસ્ત છે.

# પાઈરેટ્સ ઓફ ધ કેરેબિયન' ફેમ એક્ટર તમાયો પેરીનું શાર્કના હુમલાને કારણે નિધન



જોની ડેપ સ્ટારર હોલિવૂડ ફિલ્મ 'પાઈરેટ્સ ઓફ ધ કેરેબિયન'માં જોવા મળેલા અભિનેતા અને સર્ફિંગ ઈન્સ્ટ્રક્ટર તમાયો પેરીનું નિધન થયું છે. હવાઈમાં ગોટ આઈલેન્ડ પાસે સર્ફિંગ કરતી વખતે અભિનેતા પર શાર્કે હુમલો કર્યો હતો. જ્યારે ત્યાં હાજર એક વ્યક્તિએ તમાયોને લોહીલુહાણ જોયા ત્યારે તેણે તાત્કાલિક ઈમરજન્સી સર્વિસને જાણ કરી. ઘટનાસ્થળે પહોંચેલા અધિકારીઓ તમાયોને જેટ સ્કી પર બીચ પર લાવ્યા હતા, પરંતુ ત્યાં સુધીમાં તે મૃત્યુ પામ્યા હતા.

હોનોલુલુ ઈમર્જન્સી મેડિકલ સર્વિસે તમાયોના દુઃખદ મૃત્યુના સમાચારની પુષ્ટિ કરી છે. રિપોર્ટ અનુસાર, તમાયોના શરીર પર શાર્કના બચકાના અનેક નિશાન હતા. તેમનો એક હાથ અને એક પગ પણ તેના શરીરથી અલગ થઈ ગયો હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે તમાયોએ લાઈફગાર્ડ ડ્યુટીમાંથી થોડો સમય બ્રેક લીધો હતો અને સર્ફિંગ કરવા ગયા હતા.

અભિનેતા હોવા ઉપરાંત, 49 વર્ષીય તમાયો હવાઈમાં લાઈફ ગાર્ડ અને સર્ફિંગ ઈન્સ્ટ્રક્ટર પણ હતા. પેરીએ જુલાઈ 2016 માં ઓશન સેફ્ટી ડિપાર્ટમેન્ટમાં તેની કારકિર્દીની શરૂઆત કરી હતી. તે નોર્થ બીચ પર લાઈફગાર્ડ તરીકે કામ કરતા હતા.

તેની અભિનય કારકિર્દીમાં, 'પાઈરેટ્સ ઓફ ધ કેરેબિયન' સિવાય, તમાયો પેરીએ 'બ્લુ ક્રશ' અને 'ચાર્લીઝ એન્જલ્સ' જેવી ફિલ્મોમાં પણ કામ કર્યું હતું. હવે તેમના નિધન બાદ ઘણા ચાહકો તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર કોમેન્ટ કરીને તેમને શ્રદ્ધાંજલિ આપી રહ્યા છે.

# શું "કલ્કિ 2898 એડી "તમામ ફિલ્મોના રેકોર્ડ તોડશે ..?

નાગ અશ્વિનની ફિલ્મ કલ્કિ 2898 એડી જેની સહુ કોઈ આતુરતાથી રાહ જોઇ રહ્યાં છે . તેમની ઇન્તજારીનો અંત હવે આવ્યો છે. આ ફિલ્મ સમગ્ર વિશ્વમાં રીલીઝ થઇ ગઈછે. જેમાં દક્ષિણના સુપર સ્ટાર પ્રભાસની સાથે દિગ્ગજ અભિનેતા અમિતાભ બચ્ચન, દિપીકા પદુકોણ અને કમલ હસનનો જોરદાર અભિનય જોવા મળયો હતો.


લ્મિની વાર્તામાં હિંદુ પૌરાણિક કથાઓનું મિશ્રણ છે. એક કાલ્પનિક વિશ્વમાં કેટલાક લોકો દીપિકા પાદુકોણના અજાત બાળકને બચાવવાના મિશન પર છે. અજાત બાળક એટલે કલ્કી એમ કહેવાય છે, જે ભગવાન વિષ્ણુનો અવતાર છે. કલ્કી 2898 એડી ફિલ્મની પહેલા દિવસની કમાણી બોક્સ ઓફિસ પર વૈશ્વિક સ્તરે રૂ. 200 કરોડ અને પ્રથમ સપ્તાહના અંતે રૂ. 500 કરોડ જેટલી થાય તો તે વર્ષે 2024 માટે એક રેકોર્ડ સાબિત થયો હતો. આ ફિલ્મ પ્રભાસ માટે બીજી મોટી ઓપનર થશે. આ ફિલ્મમાં પ્રભાસ અને દીપિકાની સાથે અમિતાભ બચ્ચન અને કમલ હાસન પણ છે, આ બે દિગ્ગજ કલાકારો એ આ અગાઉ 1985માં



ફિલમ "ગિરફતાર "માં સાથે કામ કર્યું હતું. ભારતીય સિનેમાના બે અભૂતપૂર્વ કલાકારો અંગે વાત કરતાં નાગ અશ્વિને કહ્યું કે તેમને તેમના આ ફિલ્મમાં અભિનય સમજાવું એટલે તેમે પોતે અરીસા સામે "મૂર્ખ" લાગો છો . વધુ તેમણે ઉમેર્યું કે "મને ખબર નથી કે અમિતાભ સર અને કમલ હાસન સર સાથે કેવી રીતે વ્યવહાર કરવો. તેમને તેમના પાત્ર અંગે કે ઍક્ટિંગ વિષે હું સમજાવું કેટલું યોગ્ય રહેશે એ મને સમજાતું નહતું. આ ફિલ્મની વાર્તા અંગે જો થોડું સ્પોઈલર આપી એ તો આ ફિલ્મની વાર્તા કાશી શહેરની ફરતે ફરી રહી છે. જેના પર તેના દેવ યાસ્કિનનું આધિપત્ય છે. જેનું પાત્ર કમલ હસને ભજવ્યું છે,જ્યારે કલ્કિનું પાત્ર પ્રભાસે અને અશ્વત્થામાનો અભિનય અમિતાભ બચ્ચને કર્યો છે. કલ્કિ અવતારના જન્મ અંગેની આ સંપૂર્ણ ફિલ્મનું કથાનક છે.

# બિગ બોસમાં અનિલ કપૂરની એન્ટ્રી, બોલે તો ઝકાસ.. !!!

બહુવિધ પાત્રો ભજવવાથી લઈને, બોક્સ ઓફિસના રેકોર્ડ તોડવાથી લઈને પાથબ્રેકિંગ ફિલ્મો બનાવવા સુધી, અનિલ કપૂરે સાબિત કર્યું છે કે તે કંઈ પણ કરી શકે છે . એક અભિનેતા અને નિર્માતા તરીકે, કપૂરે સતત તેની સીમાઓ આગળ ધપાવી છે, તેની ખાતરી કરીને કે તેના પાત્રો ક્યારેય પુનરાવર્તિત ન થાય. હકીકતમાં, મેગાસ્ટારની ફિલ્મોગ્રાફી પર એક નજર તમને બતાવશે કે કપૂર કેવી રીતે બિનપરંપરાગત અને વ્યવસાયિક ભૂમિકાઓ વચ્ચે સંપૂર્ણ સંતુલન સ્થાપિત કરવામાં સક્ષમ છે. હવે, કપૂર બિગ બોસ OTT ની આગામી સિઝનના હોસ્ટ બનીને તેની કૅપમાં વધુ એક પીંછા ઉમેરવા માટે તૈયાર છે. લોકપ્રિય રિયાલિટી શો, જે ઓટીટી પર તેની ત્રીજી સીઝન માટે પરત ફરી રહ્યો છે, તેમાં કપૂર હોસ્ટ તરીકે નવી ભૂમિકામાં જોવા મળશે, જે તેણે પહેલાં ક્યારેય કર્યું નથી. હોસ્ટ તરીકે કપૂરની પ્રથમ ઝલક ઈન્ટરનેટ પર તોફાની બની ગઈ છે, ચાહકો શોમાં તેના અનન્ય સ્પર્શની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. કપૂર તેના હોસ્ટિંગ ડેબ્યૂ વિશે રસપ્રદ સંકેતો આપીને તેના સોશિયલ મીડિયા ફોલોઅર્સને ચીડવી રહ્યો છે.



# સાઉથના સુપરસ્ટાર કમલ હાસનની ફિલ્મ 'ઈન્ડિયન 2' ની રિલીઝ ડેટ સાથે ટ્રેલર જાહેર

કમલ હાસન સ્ટારર ફિલ્મ 'ઈન્ડિયન 2'ના ટ્રેલરની તારીખ જાહેર કરવામાં આવી છે. કમલ હાસન સેનાપતીના રુપમાં વાપસી કરી રહ્યા છે. દક્ષિણ ફિલ્મ ઉદ્યોગના મેગાસ્ટાર કમલ હાસન તેની મોસ્ટ અવેટેડ ફિલ્મ ઈન્ડિયન 2 ની રિલીઝ માટે તૈયાર છે.




તાજેતરમાં જ નિર્માતાઓએ ફિલ્મના ટ્રેલર વિશે અપડેટ શેર કર્યું છે. આજે, 25મી જૂનની સવારે, નિર્માતાઓએ તેમના સત્તાવાર X એકાઉન્ટ પર આની જાહેરાત કરી છે.

Lyca પ્રોડક્શન્સે મંગળવારે તેના સત્તાવાર X પર ઈન્ડિયન 2 ના ટ્રેલરની જાહેરાત કરી. નિર્માતાઓએ નવા પોસ્ટરની સાથે કેપ્શનમાં લખ્યું છે, 'ઉત્સાહથી ભરપૂર. ઈન્ડિયન 2નું ટ્રેલર આજે સાંજે 7 વાગ્યે રિલીઝ થશે. સેનાપતિની મહાકાવ્ય ગાથાની રોમાંચક ઝલક માટે તૈયાર થઈ જાઓ. ટ્રેલર સાર્વજનિક કરવામાં આવે તે પહેલાં, તે ચેન્નાઈમાં મીડિયાને બતાવવામાં આવ્યું હતું.

કમલ હાસન 'ઈન્ડિયન 2'માં સેનાપતી તરીકે પુનરાગમન કરી રહ્યા છે. ફિલ્મમાં કમલ હસન સિવાય સિદ્ધાર્થ, કાજલ અગ્રવાલ, રકુલ પ્રીત સિંહ જેવા ઘણા મોટા સ્ટાર્સ છે. પ્રિયા ભવાની શંકર, વિવેક, નેદુમુદી વેણુ, ગુલશન ગ્રોવર, એસજે સૂર્યા અને બોબી સિમ્હા જેવા કલાકારો પણ ફિલ્મમાં અભિનય કરતા જોવા મળશે. અનિરુદ્ધ રવિચંદર સંગીત આપી રહ્યા છે. આ સામાજિક ડ્રામા પ્રેક્ષકોને મજબૂત સંદેશ આપે તેવી શક્યતા છે.

એક્શન ફિલ્મ 'ઈન્ડિયન 2'નું દિગ્દર્શન પ્રખ્યાત નિર્દેશક શંકર ષણમુગમ દ્વારા કરવામાં આવ્યું છે. જ્યારે લાયકા પ્રોડક્શન્સે પોલિટિકલ થ્રિલરનું નિર્માણ કર્યું છે.

# 'હે રામ' માટે શાહરૂખે એક રૂપિયો પણ ન લીધો



દિગ્ગજ સુપરસ્ટાર કમલ હાસન આજકાલ દરેક જગ્યાએ ચર્ચામાં છે. પ્રભાસની ફિલ્મ 'કલ્કી 2898 એડી'માં વિલન સુપ્રિમ યાસ્કીનનો રોલ કરી રહેલા કમલ હાસનનો લુક જોઈને લોકો અવાચક થઈ ગયા હતા. તેનું પાત્ર ફિલ્મ માટે લોકોમાં ઉત્સાહ વધારી રહ્યું છે. બીજી તરફ, કમાલ 28 વર્ષ પછી તેની સુપરહિટ ફિલ્મ 'ઈન્ડિયન' (હિન્દીમાં 'હિન્દુસ્તાની') ની સિક્વલ લઈને આવી રહ્યો છે.કમલની ફિલ્મ 'ઈન્ડિયન 2'નું ટ્રેલર મંગળવારે રિલીઝ કરવામાં આવ્યું હતું.

મુંબઈમાં ઈવેન્ટમાં આવેલા કમલ હાસને તેના 'મિત્ર' સુપરસ્ટાર શાહરૂખ ખાન વિશે પણ વાત કરી, જેમણે તાજેતરમાં હિન્દી ફિલ્મોમાં 32 વર્ષ પૂરા કર્યા છે. કમલે શાહરૂખને પોતાની જ નિર્દેશિત ફિલ્મ 'હે રામ'માં મહત્વની ભૂમિકા માટે કાસ્ટ કર્યો હતો.શાહરુખે મફતમાં 'હે રામ' કર્યું

બોલિવૂડ હંગામાના એક અહેવાલ અનુસાર, 'ઈન્ડિયન 2'ના ટ્રેલર લોન્ચ સમયે, કમલને પૂછવામાં આવ્યું કે શું તેણે પહેલાની સરખામણીમાં હવે 'જવાન' સ્ટારમાં કોઈ ફેરફાર જોયો છે? તો કમલે જવાબ આપ્યો, 'હું શાહરૂખ ખાન વતી આ કહેવા માંગુ છું, કારણ કે મને ખાતરી છે કે તે મને આમ કરવા દેશે. જ્યારે અમે સાથે કામ કર્યું ત્યારે અમે બધા સામાન્ય લોકો હતા. આપણે મિત્રો છીયે. હકીકત એ છે કે શાહરુખ સાહેબે તે ફિલ્મ ફ્રીમાં કરી હતી. તમારે બીજું શું જોઈએ?' કમલ હાસને આ વાત કહેતાની સાથે જ ઈવેન્ટમાં હાજર તમામ લોકો તાળીઓ પાડવા લાગ્યા. તેણે આગળ કહ્યું કે, 'કોઈ સુપરસ્ટાર આવું ન કરી શકે. માત્ર એક ચાહક, કલાને સાચવનાર વ્યક્તિ અને સારો અભિનેતા જ આ કરી શકે છે. હું હંમેશા તેમનો ખૂબ આભારી રહીશ.'સુપરસ્ટાર' ટેગ

પોતાને અને શાહરૂખને આપવામાં આવેલા 'સુપરસ્ટાર' ટેગ વિશે બોલતા કમલ હાસને કહ્યું, 'અમે આ બધું જોતા નથી. પાછળથી તમે લોકો અમને આ પદવી આપો અને અમે શરમાતા સ્વીકારીએ છીએ.કમલ હાસનની આગામી રિલીઝ 'કલ્કી 2898 એડી' છે. આ ફિલ્મમાં તેની સાથે પ્રભાસ, અમિતાભ બચ્ચન, દીપિકા પાદુકોણ અને શાશ્વત ચેટર્જી જેવા કલાકારો કામ કરી રહ્યા છે.

# IGFF: ઓપેરા હાઉસમાં જોવા મળશે ઈટ્ટા કિટ્ટા.. ઝમકુડી.. લોચા લાપસી..

આ પહેલા અમેરિકાના 4 સ્થળોએ ઈન્ટરનેશનલ ગુજરાતી ફિલ્મ ફેસ્ટિવલ યોજાયો હતો. અમેરિકાના ન્યૂજર્સી, લોસ એન્જલસ, એટલાન્ટા અને શિકાગો ખાતે ઈન્ટરનેશનલ ગુજરાતી ફિલ્મ ફેસ્ટિવલ યોજાયો હતો. ગુજરાતીઓની સાથે હવે ગુજરાતી ફિલ્મો પણ ગ્લોબલ બનતી જાય છે. આ વર્ષે ઈન્ટરનેશનલ ગુજરાતી ફિલ્મ ફેસ્ટિવલ-2024 ઓસ્ટ્રેલિયાના સિડનીના ઓપેરા હાઉસમાં યોજાશે. ઈન્ટરનેશનલ ગુજરાતી ફિલ્મ ફેસ્ટિવલ એટલે કે IGFFની 5મી આવૃત્તિ 28 થી 30 જૂન, 2024 દરમિયાન યોજાવા જઈ રહી છે. આ ઈન્ટરનેશનલ ગુજરાતી ફિલ્મ ફેસ્ટિવલ-2024 માટે 11 ફિલ્મોની પસંદગી કરવામાં આવી છે. જેમાં 1. બચુભાઈ 2. બિલ્ડર બોયઝ 3. ફાટી ને? 4. હું એને તું 5. ઈટ્ટા કિટ્ટા 6. ઝમકુડી 7. કસૂંબો 8. લોચા લાપસી 9. સમંદર 10. વાર તેહવાર 11.વેનીલા આઈસક્રીમ સામેલ છે.







ઈન્ટરનેશનલ ગુજરાતી ફિલ્મ ફેસ્ટિવલ-2024ની ટીમમાં ગુજરાતીની સાથે હિંદી ફિલ્મના ગુજરાતી કલાકારો પણ સામેલ થયા છે. ફિલ્મ ફેસ્ટિવલના ડાયરેક્ટર ફિલ્મ નિર્દેશક ઉમેશ શુકલા છે. આ ઉપરાંત IGFFની 2024ની સિઝન માટે જ્યુરી મેમ્બર્સમાં અભિનેત્રી ગોપી દેસાઈ, લેખક જય વસાવડા, સ્ટોર્મ એશવુડ, ફેસ્ટિવલના સ્થાપક કૌશલ આચાર્યનો સમાવેશ થાય છે. સિડની ખાતે ગુજરાતી ફિલ્મ ફેસ્ટિવલ 3 દિવસ માટે યોજાશે. જેમાં ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝિલેન્ડમાં રહેતા અંદાજે 4000 થી વધુ ગુજરાતીઓ બેસ્ટ ગુજરાતી ફિલ્મોનો આનંદ માણશે.આ પહેલા અમેરિકાના 4 સ્થળોએ ઈન્ટરનેશનલ ગુજરાતી ફિલ્મ ફેસ્ટિવલ યોજાયો હતો. અમેરિકાના ન્યૂજર્સી, લોસ એન્જલસ, એટલાન્ટા અને શિકાગો ખાતે ઈન્ટરનેશનલ ગુજરાતી ફિલ્મ ફેસ્ટિવલ યોજાયો હતો. જેમાં અંદાજે 5000 થી વધુ લોકોએ ગુજરાતી ફિલ્મોના આનંદ માણ્યો હતો. ચાલુ વર્ષે સિડનીના આપેરા હાઉસ ખાતે યોજાનારો ફિલ્મ ફેસ્ટિવલ દેશની પ્રાદેશિક ભાષાનો પ્રથમ ફિલ્મ ફેસ્ટિવલ બનશે.

સિડનીના ઈન્ટરનેશનલ ગુજરાતી ફિલ્મ ફેસ્ટિવલમાં ગુજરાતી ફિલ્મ કલાકારો સહભાગી બનશે. આ સાથે જ ગુજરાતી સંસ્કૃતિના અનોખા આ ફેસ્ટિવલમાં અનેક ફિલ્મ રસિકો અને ઉદ્યોગ વ્યાવસાયિકો સહભાગી બનશે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# સપનું થશે સાકાર: અમદાવાદ-ગાંધીનગર વચ્ચે મેટ્રોના પૈડા ફરવા માટે છે તૈયાર

**■ મેટ્રો ટ્રેન જુલાઈના અંત સુધીમાં ગાંધીનગર સુધી ઘમધમતી થઈ જશે**

ગુજરાત | વંદન

અમદાવાદ-ગાંધીનગર વચ્ચે હાલ લોકોને એસટી બસ કે ખાનગી વાહનો પર આધાર રાખવો પડે છે. પણ ટૂંક સમયમાં મેટ્રો ટ્રેનમાં બેસીને નાગરિકો ગાંધીનગર પહોંચી શકશે. કેમ કે, મેટ્રો ટ્રેન જુલાઈના અંત સુધીમાં ગાંધીનગર સુધી ઘમધમતી થઈ જશે.

બે શહેરોની વચ્ચે થાંભલાઓ પર રેલ લાઈન નંખાઈ ગઈ છે હવે માત્ર મેટ્રો રેલ સુરક્ષા કમિશનર દ્વારા નિરીક્ષણ બાદ અંતિમ મંજૂરીઓ બાકી રહે છે. મેટ્રો અધિકારીઓએ જણાવ્યું હતું કે સત્તાવાળાઓ દ્વારા દ્વારા અમદાવાદ મેટ્રો ફેઝ II કોરિડોર માટે ત્રણ દિવસનું નિરીક્ષણ બુધવારથી શરૂ થયું હતું.

સામાન્ય રીતે, નિરીક્ષણ પછી કોઈ સુધારા વધારા હોય તો એ અને અંતિમ અનુમતિઓ એક મહિનામાં અપાશે



અને પ્રોસેસ આગળ શરૂ કરી દેવામાં આવશે. જેના પર નજર કરીએ તો બધી જ કામગીરી લગભગ જુલાઈ મહિનાનાં મધ્ય સુધીમાં પૂરી થઈ જાય એમ લાગી રહ્યું છે.

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશને ફેબ્રુઆરીમાં બીજા તબક્કાની કામગીરી માટે ટ્રાયલ રન શરૂ કર્યા હતા. સત્તાધીશોએ જાહેરાત કરી હતી કે ફેઝ II મોટેરાને ગાંધીનગર સેક્ટર I (ઈન્દ્રોડા સર્કલ) અને ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી (ગિફ્ટ સિટી) સાથે જોડશે. અધિકારીઓએ જણાવ્યું હતું કે મહાત્મા મંદિર સુધીનો સમગ્ર વિસ્તાર વર્ષના અંત સુધીમાં પૂર્ણ થવાની સંભાવના છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે નર્મદા કેનાલ અને સાબરમતી પર મેટ્રો રેલ માટેના પુલનું નિરીક્ષણ પહેલા જોગવાઈઓ મુજબ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. 303 મિલી લાંબી નર્મદા કેનાલ એક્સ્ટ્રાડોઝ્ડ બ્રિજ કેબલ-સ્ટે ટેક્નોલોજીનો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યો છે. 960m-લાંબો પુલ, બોક્સ ગર્ડર સાથે બાંધવામાં આવેલો છે. જે સાબરમતીથી થઈને ગાંધીનગર અને અમદાવાદને GIFT સિટી સાથે જોડે છે.

સેક્ટર-1થી મહાત્મા મંદિર સુધીનો જે વિસ્તાર છે તે વર્ષના અંત સુધીમાં શરૂ થવાનો છે. તેમાં છ સ્ટેશન હશેઃ સેક્ટર 10-એ, સચિવાલય, અક્ષરધામ, જૂનું સચિવાલય, સેક્ટર 16 અને મહાત્મા મંદિર. વધુમાં, મોટેરા અને સેક્ટર-1 વચ્ચેના ઓપરેશનલ સ્ટ્રેચમાં વિશ્વકર્મા કોલેજ, કોબા સર્કલ, ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, ઈન્ફો સિટી અને ગિફ્ટ સિટી સહિત 13 સ્ટેશનો હશે.

## પડોશી રાજ્યો-ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાંથી અમદાવાદ વસવા આવી રહ્યાં છે લોકો...

# રિયલ એસ્ટેટ: શહેરમાં ભાડાના મકાનમાં રહેવા હવે વધુ રકમ ચુકવવાની તૈયારી રાખવી પડશે

**■ અમદાવાદમાં રહેવા આવતા લોકો હવે પ્રીમિયમ પ્રોપર્ટી ખરીદવા માટે પણ ઉત્સુક છે**

ગુજરાત | વંદન

ગુજરાતના સૌથી મોટા શહેર અમદાવાદમાં ઉપલબ્ધ રોજગારીની તક જોઈને દેશ-પ્રદેશ એમ દરેક જગ્યાએથી લોકો આવી રહ્યા છે જેના કારણે ભાડાના મકાનોની માંગ વધી છે અને તેની સાથે ભાડું પણ વધતું જાય છે.

પડોશી રાજ્યોમાંથી લોકો ધંધા-રોજગારની શોધમાં આવે છે તેવી જ રીતે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાંથી પણ ઘણા લોકો હવે અમદાવાદમાં વસવા આવી રહ્યા છે.તેની સાથે સાથે જુની સોસાયટીઓ તોડીને રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ શરૂ થયા છે જેના કારણે મકાનોના ભાડામાં તેજી આવી છે.

શહેરમાં રોજગારીની સાથે સાથે ઉચ્ચ એજ્યુકેશન માટે પણ બહારથી મોટી સંખ્યામાં લોકો આવી રહ્યા છે. અત્યાર સુધી દર વર્ષે સરેરાશ ભાડામાં પાંચથી સાત ટકાનો વધારો થતો હતો, પરંતુ આ વખતે ભાડું સીધું 15 ટકાની આસપાસ વધી ગયું છે.

નવા શૈક્ષણિક સત્રની શરૂઆત સાથે જ ભાડાના મકાનોની માંગ વધી છે. ડેવલપર્સનું કહેવું છે કે માત્ર ટુ બીએચકે અને થ્રી બીએચકેના મકાનોની ડિમાન્ડ છે, એવું નથી. અમદાવાદમાં રહેવા આવતા લોકો હવે પ્રીમિયમ પ્રોપર્ટી ખરીદવા માટે પણ ઉત્સુક છે. બોપલ, સાઉથ બોપલ, શીલજ, વસ્ત્રાપુર, ગોતા, સેટેલાઈટ, વૈષ્ણોદેવી, મોટેરા અને ચાંદખેડા જેવા એરિયામાં મકાનના ભાડામાં વધારો થયો છે.

અમદાવાદ રિયલ્ટર્સ એસોસિયેશનના વાઈસ પ્રેસિડન્ટ કમલ વટાળિયા અનુસાર. અમદાવાદમાં સૌથી વધુ લોકો સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાંથી માઈગ્રેટ થઈ



રહ્યા છે. તેના કારણે અમદાવાદના પશ્ચિમ અને ઉત્તર ભાગમાં મકાનોની ડિમાન્ડ વધી છે. ખાસ કરીને ભાડાના મકાનોની ડિમાન્ડમાં વધારો થયો છે. બોપલમાં અનફર્નિસ્ડ થ્રી બીએચકેના એપાર્ટમેન્ટના ભાડા ગયા વર્ષે 18,000થી 20,000 રૂપિયાની આસપાસ હતા તે હવે વધીને 25,000 રૂપિયા સુધી પહોંચી ગયા છે.

ભાડાના મકાનોમાં પણ જેટલી વધારે સુવિધા હોય એટલું ભાડું વધતું જાય છે. નદી પારના અમદાવાદમાં ટુ બીએચકેનો ફર્નિશ્ડ એપાર્ટમેન્ટ હોય તો તેનું ભાડું હવે 25,000 રૂપિયા સુધી પહોંચી ગયું છે. જ્યારે ચાર બેડરૂમ હોલ કિચનના બંગલોના ભાડા એક લાખ રૂપિયાથી દોઢ લાખ રૂપિયા સુધી ચાલે છે.

ઘણા લોકો અમદાવાદ આવીને શરૂઆતમાં ભાડાના મકાનમાં રહે છે અને પછી બેથી ત્રણ વર્ષમાં પ્રોપર્ટી ખરીદે છે. તેના કારણે ભાડા માટે ઉપલબ્ધ યુનિટની ડિમાન્ડ વધે છે. અમદાવાદ સ્થિત રિયલ એસ્ટેટ કન્સલ્ટન્ટ પ્રવીણ બાવળિયા કહે છે કે અમદાવાદમાં મેન્યુફેક્ચરિંગથી લઈને સર્વિસ સુધીના સેક્ટરમાં પુષ્કળ રોજગારી મળી રહી છે. તેના કારણે મોટી સંખ્યામાં યુવાન પ્રોફેશનલ્સ અમદાવાદમાં શિફ્ટ થઈ રહ્યા છે.

ખાસ કરીને મિડલ અને સિનિયર લેવલ એક્ઝિક્યુટિવ્સમાં તેની વધારે ડિમાન્ડ છે. આ ઉપરાંત આપણે ત્યાં પ્રતિષ્ઠિત એજ્યુકેશનલ સંસ્થાઓ અને યુનિવર્સિટીઓ પણ આવેલી છએ જેના કારણે ઘણા ફેમિલી અમદાવાદમાં માઈગ્રેટ થવાનું વિચારે છે. આ એક એવી સાઈકલ છે જે દર વર્ષે ચાલતી રહે છે અને તેના કારણે ભાડા પણ વધતા જાય છે. લોકોને બધી સગવડોથી સજ્જ હોય અને નજીકમાં બધું મળી રહે તેવી જગ્યાઓ જોઈએ છે જેના કારણે મકાનોના ભાડા વધી ગયા છે. અમદાવાદમાં રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ સાથે સંકળાયેલા એક બિલ્ડર કાર્તિક સોનીએ કહ્યું કે અમદાવાદમાં ઘણી જૂની બિલ્ડિંગો તોડીને તેની જગ્યાએ નવી બિલ્ડિંગો બની રહી છે. તેથી લોકો ટેમ્પરરી નવી જગ્યાએ રહેવા જાય છે જે ભાડાની જગ્યા હોય છે. આ કારણથી પણ ભાડાના દરમાં 15થી 20 ટકાનો વધારો થઈ ગયો છે.

# સિનિયર સિટીઝન માટે સિવિલ હોસ્પિટલમાં આગવી નવી વ્યવસ્થા

**■ હવે વૃદ્ધોને ધક્કા નહીં ખાવા પડે, દવા લેવા લાઈનમાં ઉભા રહેવું નહીં પડે**

ગુજરાત | વંદન

એશિયાની સૌથી મોટી જાહેર હોસ્પિટલ એટલે કે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં વૃદ્ધો માટે નવી સુવિધા શરૂ કરવામાં આવી છે. સિનિયર સિટીઝન જો હવે એકલા સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા હશે તો તેમના પરિવારજનોને ચિંતા કરવાની જરૂર નથી. કારણ કે 65 વર્ષથી ઉપરના વૃદ્ધ માટે સિવિલ હોસ્પિટલમાં અલગથી પ્રતિક્ષા કક્ષ બનાવવામાં આવ્યો છે સિવિલના સુપ્રિ. ડો. આર. કે. જોશી આ અંગેની માહિતી આપતા જણાવ્યું હતું કે સિવિલ હોસ્પિટલમાં દરરોજ આવતા લોકોને ભીડ વચ્ચે વૃદ્ધ લોકોને ધક્કા નહીં ખાવા પડે અને જો તેઓ એકલા આવ્યા હોય તો તેમની સાથે પરિવારના એક સભ્ય ફરજિયાતપણે આપવાની જરૂર રહેશે નહીં.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સિનિયર સિટીઝન માટે અલગથી પ્રતિક્ષા કક્ષ બનાવવામાં આવ્યો છે ત્યાં તેમના માટે 40થી વધુ ખુરશીઓની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત પંખાની પણ વ્યવસ્થા છે. સિનિયર સિટીઝન દર્દીઓને કોઈપણ જગ્યાએ લાઈનમાં ઊભા રહેવું પડે નહીં અને સરકારની સિનિયર



સિટીઝન દર્દીને પ્રાથમિક્તા આપવાની ગાઈડલાઈનને વધું અસરકારક રીતે અમલી કરી શકાય અને આવા દર્દીઓને કોઈપણ જાતની તકલીફ વગર પ્રાથમિકતા આપી સારવાર થાય તે ભાવના સાથે આ સુવિધા ઊભી કરવામા આવી છે.

આ પ્રતિક્ષા કક્ષમાં વૃદ્ધોને અનેક સુવિધા મળશે જેમ કે, ઓપીડીમાં 40 ખુરશીની બેઠક વ્યવસ્થા સાથે બાથરૂમ તથા પીવાનાં પાણીના કૂલરની સુવિધા સાથેનો રૂમ તૈયાર કરવામા આવ્યો છે. સિનિયર સિટીઝન દર્દી માટે અલગથી આ રૂમમાં જ કેસ કાઢવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે અને કેસ નીકળ્યા બાદ દરેક સિનિયર સિટીઝન દર્દી સાથે એક વોર્ડ બોયને સાથે મોકલી એમને જે તે ઓપીડીમાં ડોકટર દ્વારા પ્રાથમિકતા આપી તપાસવામાં આવે તેમજ લેબોરેટરી, રેડિયોલોજી વિભાગોમાં પણ તપાસમાં સાથે રહી છેલ્લે સિવિલની દવાબારી ઉપરથી દવાઓ લઈ આપવા સુધી સેવા આપવાની ગોઠવણ કરવામાં આવી છે.

# રથયાત્રાના રૂટ પર હવે કોઈ અડપલું- છમકલું નહીં કરી શકે

**■ કુલ 1278 સીસીટીવી કેમેરા લોક ભાગીદારીથી લાગ્યા**

ગુજરાત | વંદન

અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની ૧૪૭મી રથયાત્રાને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે પોલીસ પણ એક્શન મોડમાં આવી ગઈ છે. રથયાત્રાના રૂટને સીસીટીવી કેમેરાથી સજ્જ કરવાનો પ્રોજેક્ટ ક્રાઈમ બ્રાંચ દ્વારા હાથ ધરાયો છે. આ રૂટ પર પહેલા માત્ર 117 સીસીટીવી કેમેરા હતા. ક્રાઈમ બ્રાંચે આ પ્રોજેક્ટ હાથમાં લઈને લોક ભાગીદારીથી 360 ડિગ્રીના 1161 જેટલા કેમેરા લગાવડાવતા હવે કુલ 1278 સીસીટીવી કેમેરા લાગી ગયા છે. આ તમામ સીસીટીવી બેંક, કોમ્પલેક્સ અને દુકાનોની બહાર લગાવવામાં આવ્યા છે. આમ, રથયાત્રા રૂટ પર આવતા તમામ રોડ, ગલી અને એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટને સીસીટીવી કેમેરાથી સજ્જ કરી દેવાયા છે. ગુજરાત જાહેર સલામતી અમલીકરણ અધિનિયમ 2022 સમગ્ર રાજ્યમાં અમલમાં છે. આ કાયદાના અસરકારક અમલીકરણ માટે તેમજ આગામી રથયાત્રા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય તે માટે લોકભાગીદારીથી સીસીટીવી કેમેરા સિસ્ટમ લગાડવાનો પ્રોજેક્ટ હાથ ધરાયો હતો. જેમાં દુકાનદારો, એસોસિયેશન તેમજ સ્થાનિક પ્રતિનિધિઓને સહકાર આપવા પોલીસે અપીલ કરી હતી. પબ્લિક સેફ્ટી પ્રોજેક્ટ અંતર્ગત અમદાવાદ



શહેર ક્રાઈમ બ્રાંચની ટેકનિકલ ટીમે સમગ્ર રથયાત્રાના રૂટ 1161 જેટલા કેમેરા નવા લગાવી દેવાતા હાલ 1278 કેમેરા કાર્યરત કરી દેવાયા છે. રથયાત્રાના રૂટ પર આવતા જ્વેલર્સ, દુકાનો, પેટ્રોલ પંપ અને મોટા શો-રૂમના માલિકોએ પોલીસને સહયોગ આપીને ઉત્તમ ક્વોલિટીના 360 ડિગ્રીના સીસીટીવી લગાવ્યા છે. બાકી રહેલી વધુ દુકાનના માલિકોને સીસીટીવી કેમેરા લગાડવા માટે સમજાવામાં આવશે. જેથી આગામી સમયમાં 1700થી વધારે કેમેરા લગાવાય તેવી તૈયારી છે. સેક્ટર-1ના જેસીપી નીરજકુમાર બડગુજરે જણાવ્યું હતું કે, રથયાત્રાને લઈને રૂટ પર સીસીટીવી કેમેરા લગાવવાની સાથે સેક્ટર-1ના તમામ અધિકારીઓએ શાંતિ સમિતિના સભ્યો સાથે મિટિંગ કરી છે. સાથે જ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ખાડિયા તથા ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન વિસ્તારના મિલકત તથા શરીર સંબંધી ગુનેગારોની ઓળખ પરેડ કરાઈ હતી. સાથે જગન્નાથજી મંદિરથી રથયાત્રા રૂટ ઉપર ડીસીપી, એસીપી, પીઆઈ, પીએસઆઈ સહિત 200થી વધુ પોલીસની સાથે ઘોડેસવાર માર્ચ અને ફુટ પેટ્રોલિંગ કરાયુ હતું.

# ધોરણ 12ના સમાજશાસ્ત્રના પાઠ્ય પુસ્તકમાંથી એક ફકરામાં કરાયો સુધારો

**■ બૌદ્ધ ધર્મની કથિત ખોટી રજૂઆત સામે વાંધો લેવાયો**

ગુજરાત | વંદન

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક બોર્ડ (જીએસબીએસટી) દ્વારા બહાર પાડવામાં આવેલ ધોરણ 12 ના સમાજશાસ્ત્રના પાઠ્યપુસ્તકમાં બૌદ્ધ ધર્મની કથિત ખોટી રજૂઆત સામે બૌદ્ધ અને તેમના સંગઠનોએ વાંધો ઉઠાવ્યા પછી, “વિવાદાસ્પદ” ફકરામાં ફેરફાર કરવામાં આવ્યો છે, અને તમામ જિલ્લા શિક્ષણ અધિકારીઓને તેની ખાતરી કરવા નિર્દેશ આપવામાં આવ્યો છે કે, સુધાર્યા પછીનો ફકરો વિદ્યાર્થીઓને શીખવવામાં આવે.

બૌદ્ધોએ પાઠ્યપુસ્તકના દાવા સામે વાંધો ઉઠાવ્યો હતો કે, ધર્મમાં બે સ્તરો છે - ઉચ્ચ સ્તર જેમાં ભદ્ર વર્ગનો સમાવેશ થાય છે અને નીચલા સ્તરમાં હાંસિયામાં રહેલા જૂથોનો સમાવેશ થાય છે - તેના ધાર્મિક ગુરુ ‘લામા’ તરીકે ઓળખાય છે, અને તે અન્ય બાબતોમાં પુનર્જન્મ માં વિશ્વાસ રાખે છે, અન્ય બાબતો સિવાય.

વિવાદાસ્પદ ફકરો “ભારતીય સંસ્કૃતિ અને સમુદાય” પરના પ્રકરણનો એક ભાગ હતો. ફકરામાં લખ્યું છે કે, “શિખોની જેમ ભારતમાં બૌદ્ધ ધર્મના અનુયાયીઓનો હિસ્સો પણ નાનો છે. તેમાંથી મોટાભાગના મહારાષ્ટ્રમાં રહે છે. તેઓ ઉત્તર-પશ્ચિમ ભારત અને અરુણાચલ પ્રદેશમાં પણ રહે છે. સમ્રાટ અશોકના સમયમાં ભારતમાં બૌદ્ધ ધર્મનો વ્યાપકપણે ફેલાવો થયો હતો. બૌદ્ધ ધર્મની ત્રણ શાખાઓ છે, હીનયાન, મહાયાન અને વિરાજયાન.

આના બે સ્તર છે. બૌદ્ધ ધર્મના ઉપલા સ્તરમાં બ્રાહ્મણો, ક્ષત્રિયો અને કેટલાક ઉચ્ચ વર્ગોનો સમાવેશ થાય છે, જ્યારે નીચલા સ્તરમાં આદિવાસી અને સીમાંત જૂથોનો સમાવેશ થાય છે જેમણે બૌદ્ધ ધર્મ અપનાવ્યો છે. તો સારનાથ, સાંચી અને બોધિગયા બૌદ્ધ ધર્મના મહત્વપૂર્ણ કેન્દ્રો છે. તેમના ધાર્મિક ગુરુ લામા તરીકે ઓળખાય છે. બૌદ્ધ મંદિરો તરીકે ઓળખાતા તેમના મંદિરોમાં ‘ઈચ્છા ચક્ર’ છે. ત્રિપિટક તેમનો ધર્મગ્રંથ છે અને તેઓ કર્મ અને પુનર્જન્મમાં માને છે.પરિપત્ર સાથે જોડાયેલ અંગ્રેજીમાં સંશોધિત ફકરો લખે છે કે, “તથાગત બુદ્ધનો ધર્મ (ધમ્મ - પાલી ભાષામાંથી એક શબ્દ) વૈશ્વિક છે.

# નકલી પાસપોર્ટ- નકલી મૅરેજ આ રીતે એરપોર્ટ પર ભાંડો ફૂટ્યો

**■ UK જવા 20 વર્ષની યુવતી નકલી પાસપોર્ટ સાથે SVPI એરપોર્ટ પહોંચી અને...**

ગુજરાત | વંદન

UK જવા માટે બનાવટી પાસપોર્ટનો ઉપયોગ કરી દેશ છોડતી 2 વ્યક્તિઓની એરપોર્ટ પર ધરપકડ કરવામાં આવી છે. અમદાવાદનાં સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી મંગળવારે આ બંને વ્યક્તિએ ગેરકાયદેસર UK જવા માટે પ્લાનિંગ કર્યો હતો. તેમની પાસે તમામ ફેક ડોક્યુમેન્ટ્સ હતા પરંતુ ઈમિગ્રેશન કાઉન્ટર પર જ ક્રોસ વેરિફિકેશન સમયે તેમનો ભાંડો ફૂટતા તેઓ ફસાઈ ગયા હતા. 36 વર્ષીય વ્યક્તિ ખોટી ઓળખ ધરાવી સુરજ સિંહના નામનો પાસપોર્ટ લઈને દુબઈ જવા માટે નીકળ્યો હતો. આની સાથે બીજી એક યુવતી UK જવા માટે નીકળી ને અમદાવાદ એરપોર્ટ પર એનો પણ પર્દાફાશ થયો હતો. આ સમયે ઈન્ટેરોગેશનમાં તેની સાથે કડક પૂછપરછ થઈ તો તે ભાંગી પડ્યો અને આખા રેકેટનો પર્દાફાશ થઈ ગયો હતો.તેનું રિયલ નામ જગત બહાદુર દાલામી હતું અને તે પોતે નેપાળનો વતની હોવાનું સામે આવ્યું હતું. તે ચંદીગઢથી ઈન્ડિગોની ફ્લાઈટ દ્વારા SVPI એરપોર્ટ પર આવ્યા હતા. મંગળવારે મોડી રાત્રે તે આવ્યો હતો અને અહીંથી યૂનાઈટેડ અરબ અમિરાત જવા માટે લગભગ નીકળી જ ગયો હતો.

# આવું પહેલી વાર બન્યું : ‘ લોકોએ ઊધડો લીધો, કોર્પોરેટરોએ ઊભી પૂંછડીએ ભાગવું પડ્યું!

**■ આવ્યા હતા વૃક્ષારોપણ કરવા, આરોપો સાંભળી રવાના થયા**

ગુજરાત | વંદન

અમદાવાદના ચેનપુર વિસ્તારમાં આજે તળાવ પાસે વૃક્ષારોપણ માટે આવેલા ભાજપના ત્રણ કોર્પોરેટરને ગામના સ્થાનિક રહેવાસીઓએ વિવિધ સમસ્યાઓને લઈ રજૂઆત કરી હતી. એને લઈ ભાજપના કોર્પોરેટરો અને ગ્રામજનો વચ્ચે બોલાચાલી થઈ હતી. ગ્રામજનોએ પોતાની સમસ્યાઓને લઈ ઉગ્ર રજૂઆત કરતાં કોર્પોરેટરોએ ત્યાંથી ચાલતી પકડી હતી. સ્થાનિક રહીશોએ આક્ષેપ કર્યો હતો કે વર્ષોથી ચેનપુર ગામ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભળી ગયું છે, પરંતુ આજદિન સુધી ગામના તળાવનો વિકાસ કરવામાં આવ્યો નથી



કે કોર્પોરેટરો અહીં જોવા માટે આવ્યા નથી. માત્ર વૃક્ષારોપણ કરવાના નામે ફોટા પડાવવા માટે આવી ગયા હતા.

ગાંધીનગર લોકસભા અને સાબરમતી વિધાનસભામાં રાણીપ વોર્ડમાં આવતા ચેનપુર ગામ તળાવ પાસે આજે રાણીપ વોર્ડના ભાજપના કોર્પોરેટર દશરથભાઈ પટેલ, ભાવિનીબેન પંચાલ અને ગીતાબેન પટેલ વૃક્ષારોપણ તેમજ સાફ-સફાઈ માટે પહોંચ્યાં હતાં. ભાજપના કોર્પોરેટરો વૃક્ષારોપણ કરવા અને તળાવ નજીક સાફ-સફાઈ કરવા માટે આવ્યા હોવાની જાણ થતાં ગ્રામજનો ત્યાં પહોંચી ગયાં હતાં અને ભાજપના કોર્પોરેટરોને રજૂઆત કરી હતી કે છેલ્લાં 15 વર્ષથી વધુ સમયથી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ગામ ભળી ગયું છતાં કોઈ વિકાસ થયો નથી. ગામના તળાવ માટે કરોડો રૂપિયા ફાળવવામાં આવ્યા છે, પરંતુ હજી ગામનું તળાવ બન્યું નથી. ગ્રામજનોએ ઉગ્ર રજૂઆત કરતાંની સાથે ત્રણેય કોર્પોરેટર ત્યાંથીચાલતી પકડી હતી.

# જ્યારે શહીદોની આઠ વિધવાઓ આ રીતે બની આત્મનિર્ભર....

**■ પેન્શન ઉપરાંત હવે દર મહિને 22,000 સુધીની મેળવી રહી છે વધારાની કમાણી**

ગુજરાત | વંદન

હેતલ પવાર (35), તેણીની B.Ed ડિગ્રી પૂર્ણ કરી હોવા છતાં, તેણે કારકિર્દી ન બનાવવાનું અને તેના પુત્રને ઉછેરવામાં તેણીનું જીવન સમર્પિત કરવાનો નિર્ણય લીધો હતો. જોકે, દુર્ઘટના ત્યારે સર્જાઈ જ્યારે RR 56 મરાઠા રેજિમેન્ટના તેમના પતિ 28 વર્ષની ઉંમરે 19 જાન્યુઆરી, 2011ના રોજ જમ્મુ



અને કાશ્મીરના કુપવાડામાં શહીદ થયા. તે સમયે તેમનો પુત્ર માત્ર છ મહિનાનો હતો.

તેના પુત્રનું ભવિષ્ય ઘડવાનો પ્રયાસ કર્યા પછી અને તેના સાસરિયાઓ સાથે અણબનાવ થયા પછી, હેતલે પોતાનો ખર્ચ ઉપાડવા માટે માટે વિવિધ નોકરીઓ કરવાનું શરૂ કર્યું. પૂર્વ એનસીસી કેડેટ તરીકે, તેણે સશસ્ત્ર સીમા બળ ભરતી પરીક્ષા પણ આપી, પરંતુ તે નિરાશાજનક જણાયું. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન ને તેમને નાગરિક શાળામાં શિક્ષણની નોકરી આપવાની તેમની અરજી પણ બહેરા કાને પડી.

વડોદરા ડિસ્ટ્રિક્ટ સૈનિક કલ્યાણ અને પુનર્વસન કાર્યાલય (DSWRO) તરફથી DSWRO પહેલ હેઠળ ‘વીરરાણીઓ’ (શહીદોની વિધવાઓ) ને સેવાઓ પૂરી પાડતી ખાનગી કંપનીમાં નોકરીની તક વિશે ફોન આવ્યો ત્યાં સુધી હેતલે લગભગ આશા ગુમાવી દીધી હતી.તેણીએ લગભગ ત્રણ મહિના પહેલા તરત જ તેના પુત્રના ભવિષ્યને પ્રાધાન્ય આપીને આ

...અનુસંધાન પેજ નં. 6 પર

# જુલાઈના અંત સુધીમાં કેટલાક વિસ્તારોમાં 10 ઈંચ સુધી વરસાદ પડવાની આગાહી

**■ પાંચમી જુલાઈ સુધીમાં રાજ્યભરમાં ભારેથી અતિભારે વરસાદ**

ગુજરાત | વંદન

કેરલથી પહેલી જૂન શરૂ થયેલા ચોમાસાને ગુજરાત પહોંચતા ૨૫-૨૬ દિવસ થયા. આમ તો ૧૫ જૂનની આસપાસ ચોમાસાનો પ્રારંભ થઈ જતો હોય છે. પરંતુ આ વર્ષે કોઈ કારણસર મોડું થયું પણ સારુ થયું. રાજ્યમાં વિધિવત રીતે ચોમાસની શરૂઆત થઈ ચુકી છે અને રાજ્યના લગભગ તમામ જિલ્લાઓમાં, પંથકોમાં ઓછા-વત્તા પ્રમાણમાં વરસાદ પડી રહ્યો છે, હવે આગામી દિવસોમાં



રાજ્યમાં ક્યાં, કેટલો અને કેવો વરસાદ પડશે એ વિશે હવામાન વિભાગ અને જાણીતાં હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે આગાહી કરી છે

હવામાન વિભાગે આગામી 26 જૂનથી 30 જૂન સુધી એટલે કે 5 દિવસ માટે વરસાદને લઈને આગાહી કરી છે. જેમાં આજે ગુજરાતમાં મોટાભાગના જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરાવામાં આવી છે. જ્યારે રાજ્યના 6 જિલ્લામાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. પંચમહાલ અને વડોદરામાં અતિભારે વરસાદની આગાહી સાથે આ બંને જિલ્લાઓમાં ઓરેન્જ અલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલની આગાહી અનુસાર, ‘આગામી પાંચ દિવસોમાં વરસાદથી વંચિત ઉત્તર અને મધ્ય ગુજરાતમાં વરસાદની શક્યતા છે. અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, છોટાઉદેપુર અને આણંદ જેવા શહેરોમાં ભારે વરસાદ થઈ શકે છે. જ્યારે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ યથાવત રહેવાની શક્યતા છે. 28મી જૂનથી

...અનુસંધાન પેજ નં. 6 પર




Sakar-9, 821,Lobby-1, Ashram Rd, beside Old Reserve Bank of India, Ahmedabad, Gujarat 380009


Printed, Published and Owned by **NIKUNJ SUDHIRKUMAR PATEL** and Printed at D. B Corp Ltd. Divya Bhaskar Print Plant, Plot No. 148, Post. Vasna-Chacharwadi, B/h L&T Plant, Bavala-Changodar Road, Ta. Sanand, Dist. Ahmedabad and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road Ahmedabad - 380 015. Editor - **NIKUNJ SUDHIRKUMAR PATEL**